અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
માંગમાં સિંદૂર અને ગળામાં મંગળસૂત્ર! : લગ્ન પછી રશ્મિકા મંદાનાનો પહેલો બેસ્ટ...



પેજ-09
કોહલી IPL ચેતવણીથી વિરોધીઓ ફફડ્યા

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 21.00 |
| વડોદરા | 34.00 | 21.00 |
| સુરત | 33.00 | 23.00 |

પેજ 5




ઈક્વિટી ફંડોની AUMમાં ઘટાડો થતા રોકાણકારોના કરોડો રૂપિયા સાફ

21 MARCH-2026 SATURDAY

હું જીવિત છું અને ઈરાન બરબાદીના આરે નેતન્યાહૂએ જીતનો દાવો કર્યો



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 74532.96 | ▲ | 325.72 |
| નિફ્ટી | 23114.50 | ▲ | 112.35 |
| સોનું | 145288.00 | ▲ | 334.00 |
| ચાંદી | 227990.00 | ▼ | 3470.00 |

વર્ષ-15 । અંક-128 । વિક્રમ સંવત-2082 । ચૈત્ર સુદ -03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

300 લોકો હેરાન થયા | 7 કલાકે ચીન પહોંચ્યા પછી ખબર પડી ને લેવો પડ્યો યુ-ટર્ન; ₹60 લાખના ઈંધણનો ધુમાડો

# એર ઈન્ડિયાનું બ્લન્ડર, દિલ્હીથી કેનેડા ખોટું વિમાન મોકલ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

ભારતીય એરલાઈન્સ કંપની એર ઈન્ડિયાની ફરી એકવાર મોટી ભૂલ સામે આવી છે, જેના કારણે દિલ્હીથી કેનેડાના વાનકુવર જઈ રહેલી ફ્લાઈટ AI-185ને ઉડાન ભર્યાના લગભગ 7 કલાક પછી પાછા દિલ્હી પરત ફરવું પડ્યું. હકીકતમાં, એર ઈન્ડિયાએ ગુરુવારે મુસાફરોને ભૂલથી બોઈંગ 777-300 ERને બદલે બોઈંગ 777-200 LR ફ્લાઈટમાં મોકલી દીધા હતા. એવિએશન નિયમો હેઠળ અલગ-અલગ દેશોમાં અલગ-અલગ વિમાન મોડેલ માટે




પરવાનગી હોય છે.કેનેડાએ એર ઈન્ડિયાને ફક્ત B777-300 ER માટે મંજૂરી આપી છે, LR વર્ઝન માટે નહીં. ભૂલ ત્યારે ખબર પડી જ્યારે વિમાન લગભગ 4 કલાક ઉડાન ભરીને ચીનના કુનમિંગ એરસ્પેસમાં પહોંચી ચૂક્યું હતું. આ પછી તરત જ વિમાને યુ-ટર્ન લીધો અને દિલ્હીમાં પાછા આવીને લેન્ડિંગ કરી.

### દર કલાકે 9 ટન ઈંધણનો ખર્ચ, આશરે ₹60 લાખના નુકસાનનો અંદાજ

એર ઈન્ડિયાએ આ ઘટનાને ઓપરેશનલ ઈશ્યૂ ગણાવી અને કહ્યું કે તમામ મુસાફરો અને ક્રૂ સુરક્ષિત છે. મુસાફરોને હોટલની સુવિધા આપવામાં આવી હતી અને તેમને બીજા દિવસે સવારે એટલે કે 20 માર્ચે બીજી ફ્લાઈટ દ્વારા વાનકુવર રવાના કરવામાં આવ્યા હતા.સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ભૂલને ગંભીરતાથી લેવામાં આવી છે અને જવાબદાર લોકો સામે કાર્યવાહી થઈ શકે છે. માહિતી અનુસાર, એક બોઈંગ 777 વિમાન દર કલાકે લગભગ 8-9 ટન ઈંધણનો ખર્ચ કરે છે.

### ફાયર એલર્ટ બાદ એર ઈન્ડિયાની ન્યૂયોર્ક-મુંબઈ ફ્લાઈટ મદીના ડાયવર્ટ

અહીં એર ઈન્ડિયાની ન્યૂયોર્કથી મુંબઈ આવી રહેલી ફ્લાઈટ AI-116ને ગુરુવારે બપોરે સાઉદી અરબના મદીનામાં ડાયવર્ટ કરવી પડી. કોકપિટમાં કાર્ગો સેક્શનમાં આગ લાગવાનું એલર્ટ મળ્યા બાદ સાવચેતીના ભાગરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો. એરલાઈન મુજબ, બોઈંગ 777 વિમાને મદીના એરપોર્ટ પર સુરક્ષિત લેન્ડિંગ કર્યું. જોકે, લેન્ડિંગ પછીની તપાસમાં આ એલર્ટ ખોટું નીકળ્યું અને કોઈ પણ પ્રકારની આગ મળી ન હતી.

### ખોટા વિમાન મોડેલની પસંદગી પડી મોંઘી

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એર ઈન્ડિયાએ વાનકુવર જવા માટે બોઈંગ 777-300 ER ને બદલે ભૂલથી બોઈંગ 777-200 LR વિમાન રવાના કરી દીધું હતું. આંતરરાષ્ટ્રીય એવિએશન નિયમો મુજબ, કેનેડાએ એર ઈન્ડિયાને માત્ર 'ER' વર્ઝન માટે જ મંજૂરી આપી છે, 'LR' વર્ઝન માટે નહીં. જ્યારે વિમાન ચીનના કુનમિંગ એરસ્પેસમાં પહોંચ્યું ત્યારે આ ભૂલ પકડાઈ હતી.

### 13 ફેબ્રુઆરી- DGCAએ એર ઈન્ડિયા પર ₹1 કરોડનો દંડ ફટકાર્યો

ભારતના નાગરિક ઉડ્ડયન નિયમનકારએ 13 ફેબ્રુઆરીએ જણાવ્યું હતું કે તેણે એર ઈન્ડિયા પર 1.10 લાખ ડોલરનો દંડ ફટકાર્યો છે. આ કાર્યવાહી એક એરબસ વિમાનને 'એરવર્થિનેસ રિવ્યુ સર્ટિફિકેટ' (વિમાન ઉડાવવા યોગ્ય છે અથવા ફિટનેસ સર્ટિફિકેટ) વગર 8 વખત ઉડાવવાને કારણે કરવામાં આવી હતી.DGCAએ એક ગુપ્ત આદેશમાં જણાવ્યું કે આ ચૂકથી દેશની બીજી સૌથી મોટી એરલાઈન પર જનતાનો વિશ્વાસ વધુ ઘટ્યો છે.

TMC મેનિફેસ્ટોમાં પાકાં ઘર | બેરોજગારોને વાર્ષિક ₹18 હજારનું વચન

# મમતાની જાહેરાત: SC-ST મહિલાઓને દર મહિને ₹1700 આપશે: બાકીનાને ₹1500 મળશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના પ્રમુખ મમતા બેનર્જીએ શુક્રવારે વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીનો ઘોષણાપત્ર જાહેર કર્યો. મમતાએ લક્ષ્મી ભંડાર યોજના હેઠળ મહિલાઓને દર મહિને મળતી સહાય રાશિ 500-500 રૂપિયા વધારવાનું વચન આપ્યું છે.ઘોષણાપત્ર મુજબ, જો મમતાની સરકાર બનશે તો બંગાળમાં જનરલ કેટેગરીની મહિલાઓને દર મહિને 1500 મળશે. હાલમાં બંગાળ સરકાર જનરલ કેટેગરીની મહિલાઓને દર મહિને 1000 આપે છે.જ્યારે SC/ST મહિલાઓને દર મહિને 1700 આપવામાં આવશે. હાલમાં SC/ST મહિલાઓને 1200 રૂપિયા મળે છે.



### મહિલાઓ માટે આર્થિક સુરક્ષાનું કવચ

TMCના ચૂંટણી ઢંઢેરા મુજબ, જો મમતા બેનર્જી ફરીથી સત્તા પર આવશે, તો 'લક્ષ્મી ભંડાર' યોજના હેઠળ મહિલાઓને મળતી માસિક સહાયમાં ૫૦૦-૫૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવશે. આ ફેરફાર બાદ જનરલ કેટેગરીની મહિલાઓને હવે દર મહિને ૧,૦૦૦ રૂપિયાને બદલે ૧,૫૦૦ રૂપિયા મળશે. જ્યારે SC/ST કેટેગરીની મહિલાઓને મળતી ૧,૨૦૦ રૂપિયાની સહાય વધારીને ૧,૭૦૦ રૂપિયા પ્રતિ માસ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

### યુવાનો અને આવાસ યોજના પર ભાર

મમતા બેનર્જી દ્વારા TMCનો ચૂંટણી ઢંઢેરો માત્ર મહિલાઓ પૂરતો સીમિત નથી, પરંતુ યુવાનો માટે પણ મોટી જાહેરાતો કરવામાં આવી છે. રાજ્યના બેરોજગાર યુવાનોને આર્થિક ટેકો આપવા માટે દર મહિને ૧,૫૦૦ રૂપિયાનું બેરોજગારી ભથ્થું આપવાનું વચન અપાયું છે.

### ચૂંટણી ગણિત અને વિરોધ પક્ષોનો પડકાર

પશ્ચિમ બંગાળની ૨૯૪ વિધાનસભા બેઠકો માટે બે તબક્કામાં એટલે કે ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલના રોજ મતદાન થવાનું છે. મમતા બેનર્જી દ્વારા TMCનો ચૂંટણી ઢંઢેરો એવા સમયે આવ્યો છે જ્યારે ભાજપ પણ બંગાળમાં એડીચોટીનું જોર લગાવી રહ્યું છે.

## ઓનલાઈન ફૂડ મોંઘું થયું!:ઝોમેટોએ પ્લેટફોર્મ ફી વધારી સ્વિગી જેટલી કરી



ક્રૂડ ઓઈલની વધતી કિંમતો અને નફો વધારવા ગ્રાહકો પર બોજ નાખ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ ઝોમેટો પરથી ખાવાનું ઓર્ડર કરવું હવે મોંઘું થઈ ગયું છે. કંપનીએ શુક્રવારથી ઓર્ડર પર પ્લેટફોર્મ ફીમાં 19%નો વધારો કર્યો છે. યુઝર્સને દરેક ઓર્ડર પર 12.50ને બદલે હવે 14.90 એટલે કે 2.40 વધુ પ્લેટફોર્મ ફી ચૂકવવી પડશે. GST ઉમેર્યા પછી આ રકમ વધુ વધશે.

પ્લેટફોર્મ ફી એ દરેક ફૂડ ઓર્ડર પર લાગુ પડતો વધારાનો ચાર્જ છે. આ GST, રેસ્ટોરન્ટ ચાર્જ અને ડિલિવરી ફીથી અલગ છે.

# આસામના CM હિમંતાએ ઉમેદવારી નોંધાવી, પત્ની-પુત્ર સાથે રોડ શો કર્યો

### પાણીહાટી બેઠક પર ભાજપનો મોટો દાવ

પશ્ચિમ બંગાળમાં ભાજપે ૧૧૨ બેઠકો પર ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે, પરંતુ સૌથી વધુ ચર્ચા આરજી કર રેપ પીડિતાની માતાને ટિકિટ આપવા અંગે થઈ રહી છે. પીડિતાની માતાએ સંકેત આપ્યા છે કે ભાજપ તેમને ઉત્તર ૨૪ પરગણાની પાણીહાટી બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતારી શકે છે. જો આવું થશે, તો બંગાળની ચૂંટણીમાં મહિલા સુરક્ષા અને ન્યાયનો મુદ્દો વધુ ઉગ્ર બનશે.



### બંગાળમાં IAS-IPSના ટ્રાન્સફર મામલે TMC સાંસદ હાઈકોર્ટ પહોંચ્યા, મમતા આજે મેનિફેસ્ટો જાહેર કરશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

આસામના CM હિમંતા બિસ્વા સરમાએ શુક્રવારે જાલુકબારી બેઠક પરથી પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું. શુક્રવારે ઉમેદવારી નોંધાવતા પહેલા આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ તેમની પત્ની રિનીકી ભુઈયા સરમા અને પુત્ર નંદિલ બિસ્વા સરમા સાથે રોડ શો કર્યો હતો. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા જાલુકબારીથી ચૂંટણી લડી રહ્યા છે.આ દરમિયાન, TMC સાંસદ અને વરિષ્ઠ વકીલ કલ્યાણ બેનર્જીએ પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચના IAS અને IPS અધિકારીઓની બદલીને પડકારતી અરજી કલકત્તા હાઈકોર્ટમાં કરી છે.અરજીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. આ મામલો ચીફ જસ્ટિસ સુજોય પોલની અધ્યક્ષતાવાળી બેંચ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે અને વહેલી સુનાવણીની માંગ કરવામાં આવી છે.

# ટ્રમ્પે NATO દેશોને કાયર ગણાવ્યા

### અમેરિકા વિના તેઓ 'કાગનો વાઘ', યુદ્ધ સાથ નથી આપ્યો તેને યાદ રાખીશું



(એજન્સી) નવી દિલ્હી । તા. 20

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન યુદ્ધમાં સાથ ન આપવા બદલ NATO સહયોગી દેશો પર નારાજગી વ્યક્ત કરી છે. ટ્રમ્પે કહ્યું છે કે NATO દેશો કાયર છે અને અમેરિકા વિના આ ગઠબંધન માત્ર 'કાગનો વાઘ' છે. તેમણે ટ્રુથ સોશિયલ પર લખ્યું:

તેઓ ન્યૂક્લિયર તાકાત ધરાવતા ઈરાનને રોકવાની લડાઈમાં સામેલ થવા માગતા નહોતા. હવે જ્યારે આ લડાઈ સૈન્ય રીતે જીતી લેવામાં આવી છે, ત્યારે તેઓ તેલના ઊંચા ભાવની ફરિયાદ કરી રહ્યા છે.

ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેને ખુલ્લી રાખવા માટે સૈન્ય મદદ આપવી સરળ છે, પરંતુ સહયોગી દેશો તેમાં પણ પાછળ હટી રહ્યા છે.

તેમણે ઉમેર્યું, "આ એક ખૂબ જ સરળ સૈન્ય પગલું છે, જેમાં જોખમ ઘણું ઓછું છે, પરંતુ તેઓ મદદ કરવા માગતા નથી. કાયર છે, અને અમે આ યાદ રાખીશું."



સંતે રાધે-રાધે કહ્યું; પરિવાર સાથે મુર્મુ વૃંદાવન આશ્રમ પહોંચ્યા, 25 મિનિટ ચર્ચા કરી

# રાષ્ટ્રપતિ સંત પ્રેમાનંદને મળ્યા, હાથ જોડીને પ્રણામ કર્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મથુરામાં સંત પ્રેમાનંદ મહારાજ સાથે મુલાકાત કરી. તેમણે 25 મિનિટ સુધી આધ્યાત્મિક ચર્ચા કરી. રાષ્ટ્રપતિ શુક્રવારે સવારે 7 વાગ્યે વરસાદ વચ્ચે પરિવાર સાથે પ્રેમાનંદજીના વૃંદાવન આશ્રમ પહોંચ્યા. રાષ્ટ્રપતિએ સંતને હાથ જોડીને પ્રણામ કર્યા હતા.પ્રેમાનંદજીએ રાધે-રાધે કહીને તેમનું અભિવાદન સ્વીકાર્યું. આશ્રમમાં સંતોએ રાષ્ટ્રપતિને માળા-ચૂંદડી ઓઢાડીને સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિએ પ્રેમાનંદજીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી.

### આધ્યાત્મિક ચર્ચા દરમિયાન રાષ્ટ્રપતિ ભાવવિભોર

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની સંત પ્રેમાનંદ મહારાજ સાથે મુલાકાત આશરે ૨૫ મિનિટ સુધી ચાલી હતી. આ સમયગાળા દરમિયાન રાષ્ટ્રપતિ અને સંત વચ્ચે ગહન આધ્યાત્મિક વિષયો પર ચર્ચા થઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચર્ચા દરમિયાન રાષ્ટ્રપતિ અત્યંત ભાવવિભોર જોવા મળ્યા હતા.

### જન્મદિવસની પાઠવી શુભેચ્છાઓ

ઉલ્લેખનીય છે કે, ૧૯ માર્ચના રોજ સંત પ્રેમાનંદ મહારાજનો ૫૬મો જન્મદિવસ હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની સંત પ્રેમાનંદ મહારાજ સાથે મુલાકાત પાછળનો એક હેતુ તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવાનો પણ હતો.

### રામલલ્લાના આશીર્વાદ બાદ કાન્હાની નગરીમાં

પોતાના પ્રવાસના પ્રથમ દિવસે ગુરુવારે રાષ્ટ્રપતિએ અયોધ્યામાં પ્રભુ શ્રીરામના દર્શન કર્યા હતા અને બીજા માળે રામયંત્રની સ્થાપના કરી હતી. ત્યારબાદ સાંજે તેઓ મથુરા પહોંચ્યા હતા.

આમાં ઓનલાઈન સ્પોર્ટ્સ બેટિંગ પ્લેટફોર્મ પણ સામેલ; અત્યાર સુધીમાં 8400 પ્લેટફોર્મ બંધ

# સરકારે 300 ગેરકાયદેસર બેટિંગ વેબસાઈટ્સ-એપ્સ બ્લોક કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

સરકારે ગેરકાયદેસર ઓનલાઈન જુગાર અને સટ્ટાબાજી સામે મોટી કાર્યવાહી કરતા 300 વેબસાઈટ્સ-એપ્સને બ્લોક કરી છે. સરકારી સૂત્રો મુજબ, અત્યાર સુધીમાં કુલ 8400 આવા પ્લેટફોર્મ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમાંથી લગભગ 4900 વેબસાઈટ્સ ઓનલાઈન ગેમિંગ એક્ટ લાગુ થયા પછી બ્લોક કરવામાં આવી છે.સરકારી સૂત્રો મુજબ, જે પ્લેટફોર્મ્સ પર કાર્યવાહી કરવામાં આવી છે, તે મુખ્યત્વે ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજી અને જુગાર સાથે સંકળાયેલા હતા. તેમાં ઓનલાઈન સ્પોર્ટ્સ બેટિંગ પ્લેટફોર્મ, ઓનલાઈન કસિનો (સ્લોટ્સ, રૂલેટ અને લાઈવ ડીલર ગેમ્સ), પી-ટુ-પી બેટિંગ એક્સચેન્જ, સટ્ટા/મટકા નેટવર્ક અને રિયલ મની કાર્ડ એપ્સનો સમાવેશ થાય છે.




### ઓનલાઈન ગેમિંગ બિલ વિશે જાણો...

પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ બિલ 2025 હેઠળ દેશમાં રિયલ મની ગેમિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. 22 ઓગસ્ટે રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ તે કાયદો બન્યો અને 1 ઓક્ટોબરથી લાગુ કરવામાં આવ્યો. ઓનલાઈન ગેમિંગ કાયદામાં 4 કડક નિયમો આ કાયદામાં કહેવામાં આવ્યું છે કે ભલે આ ગેમ્સ સ્કિલ આધારિત હોય કે ચાન્સ આધારિત, બંને પર પ્રતિબંધ છે.

# 'યુદ્ધ જો કોઈ રોકાવી શકે તો તે ભારત છે' : નાગપુરમાં સંઘના વડા

### નાગપુરમાં સંઘ વડા ભાગવતે કહ્યું- ભારત પાસે બંધુભાવ અને માનવતા છે, આ વાત દુનિયા જાણે છે એટલે ભારત પાસે આશા રાખે છે

(એજન્સી) નાગપુર । તા. 20

RSS પ્રમુખ મોહન ભાગવતે શુક્રવારે નાગપુરમાં કહ્યું કે દુનિયામાં સંઘર્ષોનું સાચું કારણ સ્વાર્થી હિત અને વર્ચસ્વની લાલસા છે. સ્થાયી શાંતિ ફક્ત એકતા, અનુશાસન અને ધર્મને માનવાથી જ મેળવી શકાય છે. દુનિયાના ઘણા દેશો એવું કહી ચૂક્યા છે કે ઈરાન-ઈઝરાયલ યુદ્ધ જો કોઈ રોકાવી શકે તો એ ભારત છે. કારણ કે એ લોકો જાણે છે કે ભારત પાસે સનાતનની તાકાત છે.ભાગવત નાગપુરમાં વિશ્વ હિન્દુ પરિષદના કાર્યાલયનો શિલાન્યાસ કર્યા બાદ એક સભાને સંબોધન કરી રહ્યા હતા. તેમણે કહ્યું- છેલ્લા 2,000 વર્ષોથી દુનિયાએ સંઘર્ષોને ઉકેલવા માટે ઘણા વિચારો પર પ્રયોગ કર્યા છે.



### મોહન ભાગવતે શું કહ્યું?

આ સનાતન ધર્મને, વિશ્વધર્મને, બંધુભાવને, માનવતાને જેને હિન્દુ ધર્મ પણ કહે છે. આપણા દેશના દરેક પંથ, સંપ્રદાયોએ આ જ વાત કરી છે. પરંપરા અલગ અલગ છે પણ વાત એક જ છે. ભારતનું પ્રાચીન જ્ઞાન આપણને શીખવે છે કે બધા એકબીજા સાથે જોડાયેલા છે અને એક છે.. ધર્મ ફક્ત શાસ્ત્રો પૂરતો સીમિત ન રહેવો જોઈએ, પરંતુ લોકોના વ્યવહારમાં પણ દેખાવો જોઈએ. વિચારો અલગ અલગ હોય છે, વિરોધાભાસ પણ હોય છે.

# આરોપી શરજીલ ઈમામ તિહારમાંથી બહાર આવ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

દિલ્હી રમખાણો (2020) કેસમાં આરોપી શરજીલ ઈમામ શુક્રવારે બપોરે દિલ્હીની તિહાર જેલમાંથી બહાર આવ્યા. 9 માર્ચે દિલ્હીની કડકડડૂમા કોર્ટે શરજીલને બીમાર માતાને મળવા અને ભાઈના લગ્નમાં હાજરી આપવા માટે 20 માર્ચથી 30 માર્ચ સુધીના વચગાળાના જામીન મંજૂર કર્યા હતા.તિહારમાંથી બહાર આવતા જ શરજીલ ખુશ દેખાયો. જોકે તેમણે મીડિયા સાથે વાત કરી ન હતી.



10 દિવસના વચગાળાના જામીન મળ્યા; 6 વર્ષથી જેલમાં બંધ

તેઓ મોબાઈલ પર વાત કરતા કાર તરફ આગળ વધ્યા. તેમના પરિવારના સભ્યો પણ મીડિયાને રોકતા જોવા મળ્યા.ઈમામે કોર્ટ પાસેથી 6 અઠવાડિયાની રાહત માંગી હતી, પરંતુ કોર્ટે તેને મર્યાદિત સમયગાળા માટે જ જામીન આપ્યા. ઈમામના ભાઈના લગ્ન 25 માર્ચે છે.ઉમર ખાલિદ, શરજીલ ઈમામ અને અન્ય પર હુલ્લડોના માસ્ટરમાઈન્ડ હોવાનો આરોપ લાગ્યો. તેમની સામે ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રતિબંધ) અધિનિયમ (UAPA) અને IPCની કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો.

## દારૂબંધી ભંગ ધરપકડ સમાચારની ગુંજ, ગેરકાયદેસર બાર પર્દાફાશ વડોદરામાં ચર્ચાસ્પદ

# વડોદરા જવાહરનગર પોલીસ SMC દરોડોથી ફફડાટ

(એજન્સી) વડોદરા । તા. 20

સંસ્કારી નગરી વડોદરામાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતી એક ઘટના સામે આવી છે. જવાહરનગર પોલીસ સ્ટેશનની હદમાં લાંબા સમયથી ધમધમતા એક ગેરકાયદેસર બાર પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ ઓચિંતો દરોડો પાડીને મોટું ઓપરેશન પાર પાડ્યું છે. વડોદરા જવાહરનગર પોલીસ એસએમસી દરોડો બાદ સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે દારૂ, વાહનો અને રોકડ રકમ મળીને કુલ ૨૯ લાખ રૂપિયાની મતા કબજે કરી છે અને મુખ્ય સૂત્રધાર સહિત ૧૩ શખ્સોની ધરપકડ કરી છે.

વડોદરાના ગોરવા વિસ્તારમાં ગંગાનગર પાસે આવેલા પ્રમોટ કોમ્પ્લેક્સમાં એક દુકાનને નિશાન બનાવીને આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હોવાની ચોક્કસ બાતમી એસએમસીને મળી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ સ્થળે માત્ર દારૂ વેચાતો જ નહોતો, પરંતુ ગ્રાહકો માટે બેસવાની વ્યવસ્થા, ટેબલ-ખુરશી, ગ્લાસ અને ચાખણા જેવી સુવિધાઓ સાથે આખો બાર ચલાવવામાં આવતો હતો. દારૂબંધી ભંગ ધરપકડ સમાચાર સમગ્ર શહેરમાં વાયુવેગે ફેલાઈ જતાં લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે કે આટલા મોટા પાયે ચાલતો ધંધો સ્થાનિક પોલીસની નજરમાં કેમ ન આવ્યો?

### જવાહરનગર પોલીસને અંધારામાં રાખી ઓપરેશન પાર પાડ્યું

સામાન્ય રીતે સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ આવા ધંધા ચાલતા હોવાની ફરિયાદો ઉઠતી હોય છે, ત્યારે એસએમસીએ અત્યંત ગુપ્તતા જાળવીને આ ઓપરેશન હાથ ધર્યું હતું. એસએમસીની ટીમે કેટલાક દિવસો સુધી આ વિસ્તારમાં વોચ ગોઠવી હતી અને જ્યારે તેમને ખાતરી થઈ ત્યારે જ જવાહરનગર પોલીસને કોઈ પણ પ્રકારની ગંધ ન આવે તે રીતે ત્રાટકી હતી. ગેરકાયદેસર બાર પર્દાફાશ વડોદરાની આ ઘટના બાદ હવે શહેર પોલીસ કમિશનર દ્વારા સ્થાનિક પોલીસ અધિકારીઓ સામે પગલાં લેવામાં આવે તેવી શક્યતા છે.

જ્યારે એસએમસીની ટીમે દરોડો પાડ્યો ત્યારે સ્થળ પર નાસભાગ મચી ગઈ હતી. પોલીસે ઘટનાસ્થળેથી મુખ્ય સૂત્રધાર કિરણ પરમાર અને મહેશ ઠક્કરને ઝડપી પાડ્યા હતા. આ ઉપરાંત દારૂની ખેપ મારવા માટે આવેલા અન્ય ૧૧ ખેપિયાઓ પણ પોલીસના સકંજામાં આવી ગયા છે. જોકે, અન્ય એક આરોપી ભાવેશ પટેલ ફરાર થઈ જવામાં સફળ રહ્યો છે. પોલીસે સ્થળ પરથી ૧૬ મોબાઈલ ફોન, ૨.૬૦ લાખ રૂપિયાની રોકડ અને




મોટી સંખ્યામાં નાસ્તાના પેકેટસ કબજે કર્યા છે.

### કારના કાચ તોડીને દારૂનો જથ્થો કઢાયો

પોલીસ કાર્યવાહી દરમિયાન વધુ એક ચોંકાવનારી વિગત સામે આવી હતી. દુકાન બહાર ઉભેલી ત્રણ શંકાસ્પદ કારની ચાવીઓ ફરાર આરોપી ભાવેશ પાસે હોવાનું કિરણે કબૂલ્યું હતું. પોલીસે સમય વેડફ્યા વગર ત્રણેય કારના કાચ તોડી નાખ્યા હતા અને અંદર તપાસ કરતા વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસે કુલ ૧૦ લાખ રૂપિયાની કિંમતનો દારૂ કબજે કર્યો છે. વાહનો અને અન્ય ચીજવસ્તુઓ સાથે કુલ ૨૯ લાખની મતા જપ્ત કરવામાં આવી છે.

### પોલીસની કામગીરી શંકાના દાયરામાં

વડોદરા જવાહરનગર પોલીસ એસએમસી દરોડો એ સ્પષ્ટ કરે છે કે શહેરમાં ક્યાંક ને ક્યાંક ગુનાખોરીને મોકળું મેદાન મળી રહ્યું છે. જે રીતે એક વ્યવસ્થિત બાર કોમ્પ્લેક્સમાં ચાલતો હતો, તે જોતા સ્પષ્ટ થાય છે કે આરોપીઓને પોલીસનો કોઈ ડર નહોતો. અગાઉ પણ વડોદરામાં એસએમસી દ્વારા અનેક દરોડા પાડવામાં આવ્યા છે, જે શહેર પોલીસની નિષ્ફળતા અથવા મિલિભગત તરફ આંગળી ચીંધે છે. દારૂબંધી ભંગ ધરપકડ સમાચાર હવે ગાંધીનગર સુધી પહોંચ્યા છે અને ગૃહ વિભાગ આ મામલે કડક વલણ અપનાવી શકે છે.

### તપાસનો ધમધમાટ તેજ

હાલમાં પોલીસે ઝડપાયેલા તમામ આરોપીઓની પૂછપરછ હાથ ધરી છે કે આ દારૂનો જથ્થો ક્યાંથી આવતો હતો અને તેના મૂળિયાં ક્યાં સુધી ફેલાયેલા છે. વોન્ટેડ ભાવેશ પટેલની શોધખોળ માટે પણ ચક્રો ગતિમાન કર્યા છે. ગેરકાયદેસર બાર પર્દાફાશ વડોદરામાં થતાં હવે અન્ય વિસ્તારોમાં પણ એસએમસીની વોચ વધી ગઈ છે. આગામી દિવસોમાં વધુ કેટલીક ધરપકડો થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

## કુંઢેલા સેન્ટ્રલ યુનિવર્સિટીમાં નિયમોનો ફિયાસ્કો સેન્ટ્રલ યુનિવર્સિટીમાં વિવાદ



વડોદરા | વડોદરા નજીક કુંઢેલા ખાતે આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં શિસ્ત અને નિયમોને લઈને મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે. ૧૬ માર્ચની સાંજે યુનિવર્સિટીના સત્તાધીશોની પૂર્વ મંજૂરી લીધા વિના જ હોસ્ટેલની મેસમાં 'ઈફતાર પાર્ટી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે શૈક્ષણિક પરિસરમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે અને સેન્ટ્રલ યુનિવર્સિટીમાં વિવાદ વકર્યો છે. આ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હોવાનું જાણવા મળ્યું છે. મળતી વિગતો અનુસાર, યુનિવર્સિટીમાં એબીવીપી (ABVP) ની હાજરી વચ્ચે તાજેતરમાં સક્રિય થયેલા એનએસયુઆઈ (NSUI) સંગઠનના કેટલાક વિદ્યાર્થીઓએ આ પાર્ટીનું આયોજન કર્યું હોવાની ચર્ચા છે. આ આયોજનના વીડિયો ધાર્મિક ગીતો સાથે સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવ્યા છે, જેણે વિવાદમાં ઘી હોમવાનું કામ કર્યું છે. પરવાનગી વગર ઈફતાર પાર્ટી યોજીને શૈક્ષણિક સંસ્થામાં નવી પ્રથા પાડવાનો આ પ્રયાસ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

## વડોદરામાં બેદરકારીએ જીવ લીધો ગેસ લાઇનની કામગીર 35 વર્ષીય અડિયાભાઈનું કરુણ મોત

(એજન્સી) વડોદરા । તા. 20

સંસ્કારી નગરી વડોદરાના વડસર રોડ પર આવેલી વલ્લભ વાટિકા સોસાયટીમાં આજે એક હૃદયદ્રાવક ઘટના બની છે. ગેસ લાઇન નાખવાની કામગીરી દરમિયાન જોરદાર વીજ કરંટ લાગવાને કારણે ૩૫ વર્ષીય શ્રમિક અડિયાભાઈ પટેલનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. ગેસ લાઇનની કામગીરીમાં અકસ્માતની આ ઘટનામાં પ્રાથમિક તપાસમાં સુરક્ષાના સાધનોનો અભાવ હોવાનું બહાર આવ્યું છે, જે કોન્ટ્રાક્ટર અને તંત્રની ગંભીર બેદરકારી સૂચવે છે.

મૂળ રાજસ્થાનના વતની અને મજૂરીકામ અર્થે વડોદરા આવેલા અડિયાભાઈ છેલ્લા એક અઠવાડિયાથી વલ્લભ વાટિકામાં ગેસ લાઇન ફિટિંગનું કામ કરી રહ્યા હતા. ખોદકામ દરમિયાન અચાનક જીવંત વીજ લાઇન સાથે સંપર્ક થતા તેમને ભયાનક કરંટ લાગ્યો હતો. કરંટ એટલો જોરદાર હતો કે અડિયાભાઈને હોસ્પિટલ પહોંચાડવાનો પણ સમય મળ્યો ન હતો અને તેમનું સ્થળ પર જ મોત થયું હતું. વડોદરામાં શ્રમિકનું મોત થતા સ્થાનિકોમાં કોન્ટ્રાક્ટર વિરુદ્ધ રોષ જોવા મળી રહ્યો છે.

મૃતક અડિયાભાઈ પોતાના પરિવારના મુખ્ય આધારસ્તંભ હતા. તેમના મોતના સમાચાર મળતા જ વડોદરામાં રહેતા તેમના સંબંધીઓ અને રાજસ્થાનમાં રહેતો પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. અડિયાભાઈને સંતાનમાં ૩ નાના બાળકો છે, જેમણે પિતાની છત્રછાયા ગુમાવી છે. જો કામગીરી વખતે હેલ્મેટ, ગ્લવ્સ કે અન્ય સુરક્ષા સાધનો પૂરા પાડવામાં આવ્યા હોત, તો કદાચ આ ગરીબ શ્રમિકનો જીવ બચી શક્યો હોત. સુરક્ષા સાધનોનો અભાવ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

ઘટનાની જાણ થતા જ માંજલપુર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડ્યો છે. ગેસ લાઇનની કામગીરીમાં અકસ્માત પાછળ જવાબદાર કોણ છે અને શું સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે, તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે. કામદારોના જીવ સાથે ચેડાં કરનારા જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ ઉઠી છે.

## મોતને મ્હાત આપી મેળવી મંઝિલ ગેટ પરીક્ષામાં 75મો રેન્ક મેળવી ગુરુદત્ત દવેએ રચ્યો ઈતિહાસ

(એજન્સી) વડોદરા । તા. 20

જો મનમાં મક્કમ નિર્ધાર અને કંઈક કરી છૂટવાની તમન્ના હોય, તો શરીરની ગમે તેવી ગંભીર બીમારી પણ સફળતાના આડે આવતી નથી. વડોદરાના તેજસ્વી વિદ્યાર્થી ગુરુદત્ત દવેએ આ વાત સાબિત કરી બતાવી છે. ગેટ (GATE) પરીક્ષાના આજે જાહેર થયેલા પરિણામમાં ગુરુદત્તે ઈલેક્ટ્રોનિક્સ પેપરમાં સમગ્ર ભારતમાં ૭૫મો ક્રમ મેળવીને શહેરનું નામ રોશન કર્યું છે. ગેટ પરીક્ષામાં વડોદરાનો ડંકો વગાડનાર ગુરુદત્તની આ સફર માત્ર માર્કશીટ સુધી સીમિત નથી, પરંતુ તે અસંખ્ય અવરોધો સામેની જીતની ગાથા છે.



ગુરુદત્ત દવેની આ સફળતા પાછળ લોહી અને પરસેવો નહીં, પણ અસહ્ય વેદના છુપાયેલી છે. એમ.એસ. યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના બીજા વર્ષમાં ડિટેન થયા બાદ તેણે અભ્યાસમાં જીવ રેડી દીધો હતો, પરંતુ કુદરતે તેની આકરી કસોટી કરી હતી. ૨૦૨૪માં તેને ચોથા સ્ટેજનું 'લિમ્ફોમા કેન્સર' હોવાનું નિદાન થયું હતું. કેન્સર સામે જંગ અને સફળતાનો આ સંઘર્ષ કિમોથેરાપીના અસહ્ય દુખાવા વચ્ચે પણ ચાલુ રહ્યો હતો. ગુરુદત્તે હિંમત હાર્યા વગર હોસ્પિટલના બેડ પર બેસીને પણ ગેટની તૈયારી ચાલુ રાખી હતી.

ગત વર્ષે ગેટ પરીક્ષામાં ૧૩૩૪મો રેન્ક મેળવ્યા બાદ પણ ગુરુદત્તને સંતોષ નહોતો. તેણે આ વર્ષે બે પેપર સાથે ગેટ પરીક્ષા આપી હતી. ઈલેક્ટ્રોનિક્સમાં દેશમાં ૭૫મો અને ઈલેક્ટ્રિકલ પેપરમાં ૩૩૩મો ક્રમ મેળવીને તેણે સાબિત કર્યું કે સંઘર્ષ હંમેશા ફળે છે.

## દેવું ચૂકવવા અને નવા જીવનની લાલચમાં જેલભેગી સુરતમાં ગાંજા સાથે મહિલા ઝડપાઈ

(એજન્સી) સુરત । તા. 20


ડાયમંડ સિટી સુરતમાં નશાના કારોબાર સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરના ચોકબજાર વિસ્તારમાંથી પોલીસે એક ૩૨ વર્ષીય વિધવા મહિલાને આશરે ૮ કિલોથી વધુ ગાંજા સાથે ઝડપી પાડી છે. સુરતમાં ગાંજા સાથે મહિલા ઝડપાઈ હોવાની આ ઘટના પાછળ દેવું ચૂકવવાની મજબૂરી અને નવું જીવન શરૂ કરવાની લાલચ જવાબદાર હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ચોકબજાર પોલીસે કુલ ૪.૨૫ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ મોરબીના માળિયા મિયાણાની વતની ઈજાઈના સંઘવાનીની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. ૮ મહિના પહેલા દારૂડિયા પતિના અવસાન બાદ દીકરીની ગંભીર બીમારી પાછળ તેણે ૮ થી ૯ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. આ રકમ તેણે સબંધીઓ પાસેથી ઉછીની લીધી હતી. આ દેવું ચૂકવવા અને ભાઈના સાળા સાથે લગ્ન કરી નવી જિંદગી શરૂ કરવા માટે તેણે ટૂંકા રસ્તે પૈસા કમાવવાનું નક્કી કર્યું. સુરતમાં ગાંજા સાથે મહિલા ઝડપાઈ તે પૂર્વે તે એકલી ટ્રેનમાં ઓડિશા ગઈ હતી અને ત્યાંથી નશીલો પદાર્થ લાવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈજાઈનાએ ઓડિશાના ભરતપુર ખાતે બુલ્લુ માલિયા નામના વ્યક્તિ પાસેથી ૫૦,૦૦૦ રૂપિયામાં ગાંજો ખરીદ્યો હતો. ટ્રેનમાં ટીટીએ પકડતા ૧,૦૦૦ રૂપિયાનો દંડ ભરીને પણ તે સુરત પહોંચી હતી. તેનો ઈરાદો આ ગાંજાની નાની પડીકીઓ બનાવી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વસતા શ્રમિકોને વેચી દેવું ચૂકતે કરવાનો હતો. જોકે, ચોકબજાર પીઆઈ એન.જી. ચૌધરી અને તેમની ટીમે બાતમીના આધારે ફૂલવાડી ઝૂંપડપટ્ટીમાં રેડ કરી ૮.૨૧૦ કિલોગ્રામ ગાંજો કબજે કર્યો હતો.

ચોકબજાર પોલીસે મહિલા વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. આ ગુનામાં સંડોવાયેલા ઓડિશાના સપ્લાયર બુલ્લુ માલિયાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. મજબૂરી હોય કે લાલચ, નશાનો વેપાર કાયદાની દ્રષ્ટિએ ગંભીર ગુનો છે. ચોકબજાર પોલીસની કાર્યવાહીને કારણે લાખો રૂપિયાનો નશો બજારમાં પહોંચતા અટક્યો છે.


## મધરાતે ગુમ થયેલા યુવકનો કરુણ અંત કેનાલમાંથી યુવકનો મૃતદેહ મળ્યો



વડોદરા | વડોદરા શહેરમાં કેનાલ આસપાસ બનતી અકસ્માત કે આત્મહત્યાની ઘટનાઓમાં વધુ એક દુઃખદ ઉમેરો થયો છે. નવાયાર્ડ વિસ્તારમાં રહેતો ૨૨ વર્ષીય યુવક ગત મધરાતે રહસ્યમય સંજોગોમાં ગુમ થયા બાદ આજે તેનો મૃતદેહ છાણી કેનાલમાંથી મળી આવતા ચકચાર મચી ગઈ છે. કેનાલમાંથી યુવકનો મૃતદેહ મળ્યો હોવાની જાણ થતા જ નવાયાર્ડ અને સરદાર નગર વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, નવાયાર્ડ સરદાર નગર વિસ્તારની પન્ના લાલ ચાલીમાં રહેતો કૃણાલ પાર્ટે ગત મધરાતે અચાનક ઘરની બહાર નીકળ્યો હતો. લાંબા સમય સુધી તે પરત ન ફરતા પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી, પરંતુ તેનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. નવાયાર્ડનો યુવક ગુમ થવા પાછળ કોઈ પારિવારિક કારણ કે માનસિક તણાવ હતો કે કેમ, તે દિશામાં અત્યારે વિવિધ અટકળો ચાલી રહી છે. શોધખોળ દરમિયાન કૃણાલ છાણી કેનાલ પાસે ગયો હોવાની અને ત્યાં ડૂબ્યો હોવાની આશંકા સેવાતા તાત્કાલિક ફાયર બ્રિગેડની ઈઆરસી ની ટીમને જાણ કરવામાં આવી હતી.

## વાવાઝોડું પવન ગતિ 60 કિમી નોંધાઈ

# વડોદરા કમોસમી વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત



(એજન્સી) વડોદરા । તા. 20

સંસ્કારી નગરી વડોદરામાં આજે સાંજે કુદરતે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર હેઠળ સમગ્ર રાજ્યમાં જે આગાહી કરવામાં આવી હતી, તેની સૌથી માઠી અસર વડોદરા અને મધ્ય ગુજરાતમાં જોવા મળી છે. સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને અંદાજે ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા વંટોળિયા પવને સમગ્ર શહેરને ધમરોળ્યું હતું. ધૂળની ડમરીઓ અને ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદે ઉનાળાની શરૂઆતમાં જ ચોમાસા જેવો માહોલ સર્જી દીધો છે, જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

આજે સવારથી જ આકાશ વાદળછાયું રહ્યું હતું અને વાતાવરણમાં અજીબ પ્રકારની ઠંડક અનુભવાતી હતી. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી અને લઘુત્તમ ૨૩ ડિગ્રી નોંધાયું હતું. જોકે, સાંજ પડતા જ પવનની દિશા અને ગતિ બદલાઈ હતી. સાડા છ વાગ્યા પછી ધીરે ધીરે શરૂ થયેલા પવને સાત વાગતા સુધીમાં વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. પવનની ગતિ ૬૦ કિલોમીટર સુધી પહોંચી જતાં રસ્તાઓ પર ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી, જેના કારણે નોકરીથી ઘરે પરત ફરી રહેલા વાહનચાલકોની હાલત કફોડી થઈ હતી. વિઝિબિલિટી ઓછી થતાં અનેક સ્થળે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

આ કમોસમી વરસાદે સૌથી વધુ ફટકો ખેડૂતોને માર્યો છે. ખેડૂતોને પાક નુકસાન અહેવાલ મુજબ, અત્યારે ખેતરોમાં તમાકુ, દિવેલા, ઘઉં, બાજરી, રાઈડો અને તુવેર જેવા રવિ પાકો તૈયાર અવસ્થામાં છે. આ ઉપરાંત શાકભાજીનો પાક પણ લણણી પર છે. એવામાં અચાનક આવેલા વાવાઝોડા અને વરસાદે ખેડૂતોની આખા વર્ષની મહેનત પર પાણી ફેરવી દીધું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વડોદરા જિલ્લાના અનેક ગામડાઓમાં તૈયાર પાક ખેતરમાં જ પલળી ગયો છે, જેના કારણે પાક બગડી જવાની અને ગુણવત્તા ઘટવાની મોટી ચિંતા ખેડૂતોને સતાવી રહી છે.

વડોદરા કમોસમી વરસાદ ૨૦૨૬ ના સમાચાર મળતા જ ખેડૂતો પોતાના તૈયાર પાકને બચાવવા માટે ખેતરો તરફ દોડતા જોવા મળ્યા હતા. કોઈ પ્લાસ્ટિકની તાડપત્રી ઢાંકવા મથતું હતું તો કોઈ તૈયાર માલ સુરક્ષિત જગ્યાએ ખસેડવા પ્રયત્ન કરતું હતું. જોકે, પવનની ગતિ એટલી પ્રચંડ હતી કે અનેક જગ્યાએ ખેડૂતોની મહેનત નિષ્ફળ ગઈ હતી. કમોસમી વરસાદના કારણે આર્થિક નુકસાનની દહેશતને પગલે જગતનો તાત અત્યારે આસું સારી રહ્યો છે. માર્કેટ યાર્ડમાં ખુલ્લામાં પડેલો માલ પણ પલળી ગયો હોવાના મીડિયા અહેવાલ પ્રાપ્ત થયા છે. ભારે પવન અને વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. વૃક્ષો ધરાશાયી થવાના અને હોર્ડિંગ્સ ઉડવાના કિસ્સાઓ પણ સામે આવ્યા છે. વડોદરા વાવાઝોડું પવન ગતિ તેજ હોવાના કારણે મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ પણ ખુલી ગઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં રહિશોને હાલાકી ભોગવવી પડી હતી. ફાયર બ્રિગેડની ટીમોને સતત કોલ્સ મળી રહ્યા છે અને તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

# સુરત ડિજિટલ વસ્તી ગણતરી માટે કાઉન્ટડાઉન શરૂ

(એજન્સી) સુરત । તા. 20

આધુનિક મેટ્રો સિટી તરફ ડગ માંડી રહેલા સુરત શહેરમાં છેલ્લા બે દાયકામાં વસ્તીનો ભયંકર વિસ્ફોટ થયો છે. સતત વિસ્તરતા જતા શહેર અને વધતી જતી જનસંખ્યા હવે વહીવટી તંત્ર માટે એક મોટો પડકાર બની રહી છે. આ પરિસ્થિતિમાં, સુરત ડિજિટલ વસ્તી ગણતરી ૨૦૨૭ માટેનું કાઉન્ટડાઉન સત્તાવાર રીતે શરૂ થઈ ગયું છે. સુરતની વસ્તી ૯૦ લાખની સીમાચિહ્નરૂપ સપાટીને સ્પર્શે તેવો અંદાજ છે, ત્યારે આગામી વસ્તી ગણતરી શહેરના ભાવિ આયોજન માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે. તંત્ર દ્વારા આ વખતે ૧૮ લાખથી વધુ રહેણાંક અને વ્યાપારી મિલકતોનો ડેટા એકત્રિત કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. સુરત મહાનગરપાલિકા વસ્તી આંકડા સચોટ રીતે મેળવવા માટે ૧૨ હજાર ગણતરીદારો અને ૨ હજાર સુપરવાઈઝરોની નિમણૂક કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. આ વિશાળ કાર્યબળને તાલીમ આપવા માટે સુરત પાલિકાએ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટૂંક સમયમાં જ આ તમામ કર્મચારીઓના સત્તાવાર ઓર્ડર ઈશ્યૂ કરવામાં આવશે. દરેક ગણતરીદારને ૧૫૦ થી ૨૦૦ ઘરોની જવાબદારી સોંપવામાં આવશે, જ્યાં તેઓ રૂબરૂ જઈને પરિવારના સભ્યોની સંખ્યા, શિક્ષણ, રોજગાર અને રહેણાંક સંબંધિત વિગતો મેળવશે.આ વખતે વસ્તી ગણતરીમાં જૂની કાગળ-પેન વાળી પદ્ધતિને તિલાંજલિ આપીને સંપૂર્ણ ડિજિટલ અભિગમ અપનાવવામાં આવ્યો છે. ગણતરીદારોના મોબાઈલ ફોનમાં ખાસ એપ્લિકેશન ઈન્સ્ટોલ કરવામાં આવશે, જેના દ્વારા ડેટા સીધો સર્વર પર અપલોડ થશે. આનાથી સમયની બચત થશે અને માનવીય ભૂલોની શક્યતા નહિવત થઈ જશે. રિયલ ટાઈમ ડેટા ઉપલબ્ધ થવાથી શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાણી પુરવઠો, ડ્રેનેજ, ટ્રાફિક અને આરોગ્ય સેવાઓનું સચોટ આયોજન કરવું પાલિકા માટે સરળ બનશે. ૨૦૧૧માં સુરતની વસ્તી ૪૬.૪૫ લાખ હતી, જે હવે લગભગ બમણી થવાના આરે છે.

## હાઈ-વોલ્ટેજ ડ્રામા કાલાઘોડા બ્રિજ પર યુવતીનો હંગામો



(એજન્સી) વડોદરા । તા. 20

સંસ્કારી નગરી વડોદરાના અત્યંત વ્યસ્ત ગણાતા કાલાઘોડા બ્રિજ પાસે ગઈકાલે મોડી રાત્રે એક ૩૦ વર્ષીય યુવતીએ નશાની હાલતમાં જે પ્રકારનો હંગામો મચાવ્યો, તેનાથી કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડ્યા છે. કાલાઘોડા બ્રિજ પર યુવતીનો હંગામો એટલો ઉગ્ર હતો કે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને વાહનવ્યવહાર કલાકો સુધી ખોરવાયો હતો. આશ્ચર્યની વાત એ છે કે, આટલા મોટા તમાશા છતાં પોલીસે કોઈ પણ પ્રકારનો ગુનો નોંધ્યો નથી.નશામાં ધૂત આ યુવતી અચાનક બ્રિજના રસ્તા વચ્ચે બેસી ગઈ હતી અને ઉગ્ર અવાજે બૂમો પાડવા લાગી હતી. તેણે નાટકીય દ્રશ્યો સર્જતા કહ્યું કે, "હું ગુજરાતની નથી, મારી સાથે અન્યાય નહીં થવા દઉં. અહીં યોગી પણ આવશે અને મોદી પણ આવશે." ૧૧૨ ઈમરજન્સી પોલીસ ટીમ સ્થળ પર પહોંચી ત્યારે યુવતીએ પોલીસ સાથે પણ ખેંચતાણ કરી હતી. નશાની હાલતમાં જાહેર માર્ગ પર તમાશો કરી રહેલી યુવતીને માંડ-માંડ રાવપુરા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી હતી, જ્યાં પણ તેણે પોલીસકર્મીઓ સાથે તોછડું વર્તન ચાલુ રાખ્યું હતું. આ યુવતીને અગાઉ વરણામા પોલીસ હદમાંથી નશાની હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે, સારવાર દરમિયાન તે હોસ્પિટલમાંથી ભાગી છૂટી હતી અને કાલાઘોડા બ્રિજ પર આવીને હંગામો શરૂ કર્યો હતો.

AXIS BANK

મહત્વની જાહેરાત

**અમે સ્થળાંતર કરી રહ્યા છીએ**

એક્સિસ બેંકની અકવાડા શાખા
સ્થળાંતર થઈ રહી છે નવી જગ્યાએ
તા. ૨૫મી મે ૨૦૨૬થી.

**હાલનું સરનમું:**

**એક્સિસ બેંક લિ., - અકવાડા શાખા**
**ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નં. ૪, ચામુંડા નગર, ઘોઘા રોડ, ગામ અકવાડા,**
**જિલ્લો ભાવનગર – ૩૬૦૦૨૪.**

**નવું સરનામું:**

**એક્સિસ બેંક લિ., - અકવાડા શાખા**
**ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નં. ૫ માંથી પ્લોટ નં. ૫/B, રેવન્યુ સર્વે નં. ૧૦૫/૩,**
**પૈકી ૧ ટી.પી. સ્કીમ નં. ૨૯, ઓ.પી. નં. ૫૨/૧, એફ.પી. નં. ૫૨/૧,**
**બંસરી રિસોર્ટ સામે, ઘોઘા રોડ, અકવાડા, ભાવનગર – ૩૬૦૦૨૪.**

અમે તમારું સ્વાગત કરવા આતુર છીએ.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો.

**મિથુન : ક. છ. ઘ.**

તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જ્યારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે.

**કર્ક : ડ. હ.**

કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે.

**સિંહ : મ. ટ.**

તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો.

**તુલા : ર. ત.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો.

**વૃશ્ચિક : ન. ય.**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

**મકર : ખ. જ.**

બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. આજે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરશો.

## સમયપાલન સુધારવા માટે ટ્રેનના સમયમાં આંશિક સુધારો

पश्चिम रेलवे
Western Railway

નવી દિલ્હી : મુસાફરોની સુવિધા વધારવા અને ટ્રેનોના સમયપાલન સુધારવાના ઉદ્દેશ્યથી, પશ્ચિમ રેલ્વેએ નીચેની ટ્રેનોના સમયમાં આંશિક સુધારો અમલમાં મૂક્યો છે. આ સુધારા 25 માર્ચ, 2026 થી અમલમાં આવશે અને આગામી સૂચના સુધી લાગુ રહેશે.૦ 25 માર્ચ, 2026 થી, ટ્રેન નં. 12958 (નવી દિલ્હી - સાબરમતી સ્વર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસ) માટે, પાલનપુર સ્ટેશન પર નવો આગમન/પ્રસ્થાન સમય 05:58/06:00 ના અગાઉના નિર્ધારિત સમયને બદલે 05:50/05:52 થશે; તેવી જ રીતે, મહેસાણા સ્ટેશન પર, નવો સમય 06:38/06:40 થશે, જે અગાઉના 06:48/06:50 ના સમયને બદલે છે.૦ ૨૫ માર્ચ, ૨૦૨૬ થી, ટ્રેન નં. ૨૦૬૨૬ (ભગત કી કોઠી - એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસ) માટે, ભીલડી સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો નવો સમય ૧૦:૫૫/૧૧:૦૦ થશે, જે અગાઉના નિર્ધારિત ૧૦:૪૫/૧૦:૫૦ સમયને બદલે છે.૦ ૨૫ માર્ચ, ૨૦૨૬ થી, ટ્રેન નં. ૧૨૮૩૪ (હાવડા - અમદાવાદ એક્સપ્રેસ) માટે, અમદાવાદ સ્ટેશન પર આગમનનો નવો સમય ૧૨:૧૫ થશે, જે અગાઉના નિર્ધારિત ૧૨:૧૦ સમયને બદલે છે.ટ્રેનના સ્ટોપેજ, સમય અને કોચની રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરોને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી છે.

ક્રેસન્ટ વિસ્તારમાં આવેલી મિલકતના સાટાખત કરાવી 93 લાખમાં વેચી હતી

# અશાંતધારાના નિયમનો ભંગ કરીને થયેલા મિલકત સોદાની પાંચ માસ બાદ ફરિયાદ

(એજન્સી) ભાવનગર | તા.20

ભાવનગરમાં અશાંતધારાની મિલકતને મંજૂરી આપવા માટે ભાવનગર એસડીએમના ડ્રાઈવર દ્વારા લાંચની માંગણી કરવામાં આવી હોવાના વાયરલ થયેલા કથિત ઓડિયો બાદ સર્જાયેલા વિવાદ વચ્ચે ક્રેસન્ટ વિસ્તારમાં આવેલી અશાંતધારાની મિલકતનો કલેક્ટરની મંજૂરી વિના સાટાખતથી પાંચ માસ પૂર્વે સોદો કરી રૂ.૯૩ લાખમાં વેચી નાખનારા પક્ષકારો સામે ઘોઘારોડ પોલીસ મથકમાં સીટી મામલતદાર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે. શહેરના ક્રેસન્ટ વિસ્તાર વોર્ડ નં.૫, શીટ નં.૧૩૫, સીટી સર્વે નં.૪૪૬૩માં આવેલા પ્લોટ નં.૨૬૭/એ-૧/એ-૨/ઇ વાળી મિલકત અશાંતધારા વિસ્તારમાં આવતી હોય અને આ મિલકતના માલિક દર્શરાજ ધર્મેન્દ્રસિંહ ગોહિલ પાસેથી ગત તા.૨૬-૦૮-૨૦૨૫ના રોજ હાલ આ મિલકતમાં રહેતા અલારખભાઈ કાદરભાઈ ગીગાણીને વેચાણથી આપ્યો હતો. આ વિસ્તારમાં અશાંતધારો લાગૂ હોવાથી મિલકતનો દસ્તાવેજ નહી કરી સાટાખત કરાવી દર્શરાજ ધર્મેન્દ્રસિંહ ગોહિલે પાંચ મહિના પહેલા અલારખભાઈ કાદરભાઈ ગીગાણીને રૂ.૯૩ લાખમાં ગુજરાત અશાંતધારા વિસ્તાર તબદીલ અધિનિયમ-૧૯૯૧ હેઠળ કલેક્ટરની પરવાનગી મેળવ્યા વિના વેચી કબ્જો સોંપી અશાંતધારાની કલમ ચાર અને પાંચનો ભંગ કર્યો હતો. આમ, અશાંતધારા વિસ્તારમાં કલેક્ટરની મંજૂરી વિના પાંચ માસ પૂર્વે થયેલા મિલકતના સોદાની હકીકત સામે આવતા એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર કે. બી.ચાંદલીયાએ ઘોઘારોડ પોલીસ મથકમાં મિલકત વેચનારા દર્શરાજ ધર્મેન્દ્રસિંહ ગોહિલ, અલારખ કાદરભાઈ ગીગાણી તથા તપાસમાં ખુલે તે તમામ સામે ફરિયાદ નોંધાવતા ઘોઘારોડ પોલીસે સ્થાવર મિલકત તબદીલ અટકાવવા હક્કરક્ષક અધિનિયમની કલમ ૫, ૯(એ) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, શહેરમાં અશાંતધારાની મિલકતને મંજૂરી આપવા માટે ભાવનગર એસડીએમના ડ્રાઈવર દ્વારા લાંચની માંગણી કરવામાં આવી હોવાના વાયરલ થયેલા કથિત ઓડિયો બાદ સર્જાયેલા વિવાદ વચ્ચે પોલીસ દ્વારા આજે આ કાર્યવાહી કરવામાં આવી છે.

### બન્ને આરોપીને કસ્ટડીમાં લીધાં, સોદામાં સંડોવાયેલા સામે પણ કાર્યવાહીના એંધાણ

આ મામલે ભાવનગર સીટી ડિવાયએસપી સિંઘાલે જણાવ્યું હતું કે, આ કેસના બન્ને આરોપીને પોલીસે કસ્ટડીમાં લઈને પુછપરછ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સ્થળ પર પંચનામુ તથા નાણાંકીય વ્યવહારની તપાસ થશે અને તપાસમાં જે નામો ખુલશે તેમની સામે પણ કાર્યવાહી થશે.

દેશલપર (ગુંતલી) વિસ્તારમાં કમોસમી વરસાદ

# ભારે પવન સાથે વરસ્યા વરસાદથી ખેડૂતોમાં ચિંતા

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહીના પગલે નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામ સહિત આસપાસના વિસ્તારોમાં ગામોની અંદર અચાનક મોસમી પલટો જોવા મળ્યો હતો. ભારે પવન સાથે વરસેલા કમોસમી વરસાદના કારણે જનજીવન પર અસર જોવા મળી હતી. પવનની તેજ ગતિ સાથે પડેલા વરસાદને કારણે ગામના નીચાણવાળા



વિસ્તારો તેમજ ખેતરોમાં પાણી ભરાઈ જવાના દ્રશ્યો સામે આવ્યા હતા. ઉપરાંત નેવા અને નાના પ્રવાહોમાં પણ પાણી વહી નીકળ્યું હતું.આ અણધાર્યા કમોસમી વરસાદના કારણે ખેડૂતોમાં ચિંતાનો માહોલ વ્યાપ્યો છે. ખાસ કરીને ઉભા પાકને નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ આ સમયનો વરસાદ પાક માટે હાનિકારક સાબિત થઈ શકે છે, જેના કારણે ઉત્પાદન અને ગુણવત્તા ઉપર પ્રતિકૂળ અસર થવાની શક્યતા છે. કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે આવન-જાવનમાં પણ મુશ્કેલીઓ ઉભી થઈ હતી. હાલ વરસાદ થંભતા લોકોને થોડો રાહતનો શ્વાસ મળ્યો છે, છતાં ખેડૂતો પાકનુકસાનને લઈને હજુ ચિંતિત જોવા મળી રહ્યા છે.

નિશુલ્ક આઇ કેમ્પ

# નાના અગીયા ગામે નિશુલ્ક આઇ કેમ્પ યોજાયો, 98 દર્દીઓએ લાભ લીધો

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના નાના અગીયા ગામે તા. 18-02-2026ના રોજ નિશુલ્ક આઈ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પની શરૂઆત ગામના સરપંચ અને વડીલો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી.આ કેમ્પ દરમિયાન કુલ 98 દર્દીઓની આંખોની તપાસ (ઓપીડી) કરવામાં આવી હતી, જેમાંથી 10 દર્દીઓના ઓપરેશન માટે નોંધણી કરવામાં આવી હતી.આ કેમ્પનું આયોજન સુઝલોન ફાઉન્ડેશન અને કે.સી.



આર.સી. અંધજન મંડળના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સુઝલોનના દિલીપભાઈ, અમદાવાદથી પધારેલા ડાયરેક્ટર અરીધમ રાય તેમજ ફીલ્ડ કોર્ડિનેટર પચાણ ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પ માટેનું પ્રચાર-પ્રસાર કાર્ય પણ પચાણ ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું.

### દારૂ વેચાણનો વીડિયો ઉતાર્યાંની દાઝે પિતા-પુત્રને માર મારી ધમકી આપી

ભાવનગર: શહેરના અક્ષરપાર્કમાં દારૂ વેચાણનો વીડિયો ઉતાર્યાંની દાઝે પિતા-પુત્રને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગેની પોલીસ ફરિયાદ બોરતળવા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. શહેરના કુંભારવાડા અમર સોસાયટીમાં રહેતા સંજનાબેન ચંદુભાઈ સોલંકીએ બોરતળાવ પોલીસ મથકમાં રામદાસ મનસુખભાઈ સોલંકી, રાજેશ મનસુખભાઈ સોલંકી, અક્ષય મનસુખભાઈ સોલંકી રામદાસનો મામાનો દિકરો રવિ, રામદાસના મામા ભરત અને ભરતભાઈનો દિકરો અનિલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

સન્માન

# વાળંદ સમાજનું ગૌરવ: મુકેશભાઈ રાણવાનું સન્માન

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે વાળંદ સમાજ માટે ગૌરવની ક્ષણ સર્જાઈ, જ્યારે નખત્રાણા વાળંદ યુવક મંડળ દ્વારા મુકેશભાઈ રાણવા નું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. મુકેશભાઈ રાણવા ને નખત્રાણા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ પદે સતત બીજી ટર્મ માટે વરણી થતા સમાજમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે યુવક મંડળના સભ્યોએ મુકેશભાઈને શાલ ઓઢાડી અને ફૂલહાર પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા. વક્તાઓએ તેમના સામાજિક



અને રાજકીય ક્ષેત્રે આપેલા યોગદાનની પ્રશંસા કરી અને ભવિષ્યમાં પણ તેઓ સમાજ અને જનસેવામાં સતત કાર્ય કરતા રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.મુકેશભાઈ રાણવાએ આ સન્માન બદલ આભાર વ્યક્ત કરી, જેના કારણે સમગ્ર વાતાવરણ ઉત્સાહભર્યું બની ગયું હતું.

માર્કેટ યાર્ડમાં આવા ઘઉંના ભાવ ખૂબ જ ઓછા મળશે

## સાબરકાંઠા: હિંમતનગર સહિતના પંથકમાં માવઠાનો માર, ઘઉંનો તૈયાર પાક પલળતા ખેડૂતોના મોંઢે આવેલો કોળિયો છીનવાયો



સાબરકાંઠા:સાબરકાંઠા જિલ્લામાં ગુરુવારે (19મી માર્ચ) મોડી સાંજે અચાનક બદલાયેલા વાતાવરણ અને ગાજવીજ સાથે પડેલા કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતામાં તોતિંગ વધારો કર્યો છે. હિંમતનગર, પ્રાંતિજ અને તલોદના અનેક વિસ્તારોમાં માવઠાને કારણે ખેતી પાકોને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.મળતી માહિતી અનુસાર, ગુરુવારે રાત્રે ફૂંકાયેલા પવન અને વરસાદને કારણે ખેતરોમાં ઉભો પાક જમીનદોસ્ત થઈ ગયો છે. ખાસ કરીને હિંમતનગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં માવઠાની સૌથી વધુ અસર જોવા મળી છે. લણણીના આરે ઉભેલા ઘઉંનો તૈયાર પાક અનેક જગ્યાએ આડો પડી ગયો છે. જે ખેડૂતોએ ઘઉંની લણણી કરી ખેતરમાં રાખ્યા હતા, તે ઘઉં પલળી જતાં ખેડૂતો પાયમાલ થયા છે. કમોસમી વરસાદને કારણે ઘઉં પલળી જવાથી હવે તેમાં 'કાળા ડાઘ' પડવાની શક્યતા છે. ખેડૂતો જણાવી રહ્યા છે કે, ઘીવાળા અને પલળેલા ઘઉંની ગુણવત્તા ઓછી ગણાશે. માર્કેટ યાર્ડમાં આવા ઘઉંના ભાવ ખૂબ જ ઓછા મળશે, જેનાથી ખેડૂતોને આર્થિક ફટકો પડશે.

માત્ર ઘઉં જ નહીં, પરંતુ સાબરકાંઠાના પ્રાંતિજ અને તલોદ પંથકમાં જે ખેડૂતો અત્યારે બટાકાની લણણી કરી રહ્યા છે, તેઓ પણ આ કમોસમી વરસાદથી ચિંતિત બન્યા છે. જમીનમાં રહેલા બટાકાના પાકમાં પાણી ભરાવાથી કે ભેજ વધવાથી નુકસાન થવાની ભીતિ છે. ઉનાળાની શરૂઆતે જ કુદરતી આફત આવતા જગતનો તાત લાચાર બન્યો છે. અથાક મહેનત બાદ જ્યારે પાક ઘરે લાવવાનો સમય થયો, ત્યારે જ વરસાદે કોળિયો છીનવી લેતા ખેડૂતો હવે સરકાર પાસે વળતરની આશા રાખી રહ્યા છે.

158 દર્દીઓએ લીધો લાભ

# જાડાય-વ્યાર ગામે નિશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના જાડાય અને વ્યાર ગામે નિશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ નિષ્ણાત ડોકટરો દ્વારા આરોગ્ય સેવાઓ આપવામાં આવી હતી. કેમ્પમાં બાળ રોગ નિષ્ણાત, સ્ત્રી રોગ નિષ્ણાત, આંખ રોગ નિષ્ણાત તેમજ જનરલ ડોકટરો દ્વારા બંને ગામના કુલ 158 જેટલા દર્દીઓની તપાસ કરી યોગ્ય સારવાર અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ કેમ્પમાં અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના અશોકભાઈ હડિયા અને સહદેવભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત અદાણી ફાઉન્ડેશન માંથી ડો. નરેન્દ્રભાઈ



ડોડીયા, જશરાજભાઈ સોધમ અને કિશન પટેલે હાજરી આપી હતી.કેમ્પ દરમિયાન જાડાય ગામના સરપંચશ્રી તેમજ ગામના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.આ મેડિકલ કેમ્પથી ગ્રામ્ય વિસ્તારના લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા પ્રાપ્ત થતા સ્થાનિકોમાં સંતોષની લાગણી જોવા મળી હતી.તેવુ અદાણી ફાઉન્ડેશનના કોન્ડીનેટર કિશન પટેલની યાદીમા જણાવેલ હતુ




## ભાવનગરમાં આંગણવાડી કર્મચારીઓના પડતર પ્રશ્ને સંમેલન, સુત્રોચ્ચાર કરાયા

ભાવનગર: ભાવનગર જિલ્લાની આંગણવાડી બહેનોએ પડતર પ્રશ્ને રજા રિપોર્ટ ભરી આજે ગુરૂવારે ભાવનગર શહેરમાં સંમેલન બોલાવ્યુ હતુ અને સુત્રોચ્ચાર કરી સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. પડતર પ્રશ્ન હલ કરવા ઉગ્ર માંગણી કરી હતી.સી.આઈ.ટી.યુ સંકલિત ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન ૨૬ જિલ્લાના ૧૦૬ જેટલા આગેવાનોની બનેલી રાજ્યો કારોબારીની બેઠકમાં નક્કી થયા મુજબ તા. ૧૮, ૧૯ અને ૨૦ માર્ચના રોજ આંગણવાડી કર્મચારીઓ રજા મુકી કામથી અળગા રહેશે. ગઈકાલે બુધવારે અને આજે ગુરૂવારે ભાવનગર જિલ્લાની આંગણવાડી બહેનોએ રજા રિપોર્ટ ભરી વિરોધ કર્યો હતો. આજે ગુરૂવારે ભાવનગર શહેરના મોતીબાગ ખાતે આંગણવાડી બહેનોએ સંમેલન બોલાવ્યુ હતુ, જેમાં બહોળી સંખ્યામાં આંગણવાડીની બહેનો હાજર રહી હતી અને પડતર પ્રશ્ન હલ કરવા સુત્રોચ્ચાર કર્યા હતા.

## વિશ્વ ચકલી દિવસ નિમિત્તે અનોખી પહેલ: વિદ્યાર્થીઓએ ચકલીબેન માટે માળા ભેટ આપ્યા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

વિશ્વ ચકલી દિવસની ઉજવણી નિમિત્તે નખત્રાણા તાલુકાના દેવપર (યક્ષ) ગામે આવેલી પીએમશ્રી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા એક અનોખી અને પ્રેરણાદાયક પહેલ કરવામાં આવી હતી. શાળાના બાળકો પોતાના જન્મદિવસે ચકલીબેન માટે માળા ભેટ આપવાની શરૂઆત કરી છે.આ પહેલનો મુખ્ય હેતુ ચકલીઓ માટે સુરક્ષિત નિવાસ ઉભો કરવો અને તેમનું સંવર્ધન કરવાનું છે. આજના સમયમાં પર્યાવરણમાં થતાં ફેરફારોને કારણે



ચકલીઓની સંખ્યા સતત ઘટતી જઈ રહી છે, ત્યારે બાળકો દ્વારા કરવામાં આવેલ આ પ્રયાસ ખૂબ જ સરાહનીય છે.શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યે લગાવ અને પર્યાવરણ સંરક્ષણની ભાવના વિકસે તે માટે આ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક માળા તૈયાર કરીને શાળાના પરિસરમાં તેમજ આસપાસના વિસ્તારોમાં મુક્યા હતા. આ પહેલ દ્વારા સમાજમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો સકારાત્મક સંદેશ પ્રસરી રહ્યો છે. પીએમશ્રી દેવપર (યક્ષ) પ્રાથમિક શાળાની આ પહેલ અન્ય શાળાઓ માટે પણ પ્રેરણાસ્ત્રોત બની રહી છે.

ખેતરમાં કાપણી કરેલા ઘઉં, તમાકુ સહિતના રવી પાકને નુકસાનની ભીતિ

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ચરોતરમાં મીની વાવાઝોડું : ખેડા જિલ્લામાં કમોસમી વરસાદ

(એજન્સી) નડિયાદ,ડાકોર | તા.20

ખેડા અને આણંદ જિલ્લામાં ગુરૂવારે વાતાવરણમાં આવેલા અચાનક પલટા બાદ તેજ ગતિએ પવન ફૂંકાયો હતો અને ત્યારબાદ નડિયાદ શહેર અને ખેડા જિલ્લામાં કમોસમી વરસાદ ખાબકતા તૈયાર રવી પાકને ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ ધૂળની ડમરીઓ સાથે વાવાઝોડું ત્રાટકતા જનજીવન પ્રભાવિત થયું હતું. તેમજ કાપણી કરી ખેતરમાં રાખેલા ઘઉં તેમજ તમાકુના પાકમાં પાણી ફરી વળતા ખેડૂતો આથક પાયમાલીની દહેશત અનુભવી રહ્યા છે.રાજ્યમાં છેલ્લા થોડા સમયથી કુદરતી આફતોનો સિલસિલો યથાવત્ રહ્યો છે, ત્યારે ખેડા અને આણંદ જિલ્લામાં સવારથી જ આકાશ વાદળછાયું બન્યું હતું. બપોર બાદ અચાનક પવનની ગતિમાં વધારો થયો હતો અને જોતજોતામાં વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી.




પવન એટલો પ્રચંડ હતો કે અનેક વિસ્તારોમાં વીજ લાઈનો પર ઝાડની ડાળીઓ પડવાને કારણે વીજ પ્રવાહ ખોરવાઈ ગયો હતો. ખેડા જિલ્લામાં સાંજ પડતાની સાથે જ પવન સાથે વરસાદી ઝાપટાં શરૂ થતા વાતાવરણમાં ઠંડક તો પ્રસરી હતી, પરંતુ ખેડૂતો માટે આ આફત બનીને આવ્યો હતો. ખેતીવાડીના નુકસાનની વાત કરીએ તો હાલ ખેતરોમાં રવિ પાકની સીઝન અંતિમ તબક્કામાં છે. ખેડૂતોએ ઘઉંની કાપણી કરી લીધી છે અને અનેક જગ્યાએ ઘઉંના પુળા ખેતરમાં જ પડયા છે. આ ઉપરાંત તમાકુનો પાક પણ તૈયાર થઈ ગયો હોવાથી તેની પણ કાપણી ચાલી રહી છે. આવી સ્થિતિમાં ખેડા જિલ્લામાં વરસાદ પડવાને કારણે તૈયાર માલ પલળી ગયો છે. અગાઉ દિવાળી સમયે થયેલા વરસાદે તમાકુના ધરૂવાડીયાનો નાશ કર્યો હતો અને હવે જ્યારે પાક ઘરે લાવવાનો સમય થયો છે ત્યારે ફરી કુદરત રૂઠી હોય તેવું લાગી રહ્યું છે.

વરસાદને કારણે તમાકુના પાકની ગુણવત્તા બગડવાની અને ઘઉંમાં કાળી પડી જવાની શક્યતા વધી ગઈ છે. ખેડા જિલ્લામાં માત્ર રવિ પાક જ નહીં પણ આગામી ઉનાળુ સીઝન માટે તૈયાર કરવામાં આવેલા બાજરીના ધરૂને પણ આ કમોસમી વરસાદથી ફટકો પડયો છે. ખેડૂતોએ રાત-દિવસ એક કરીને પકવેલી મજૂરી પર પાણી ફરી વળતા ગ્રામ્ય વિસ્તારોમાં સન્નાટો વ્યાપી ગયો છે. તેજ પવનને કારણે ઉભા પાક પણ નમી પડયા છે, જેની સીધી અસર ઉત્પાદન પર પડશે.

સામાજિક એકતાનું અનોખું ઉદાહરણ

## હાજીપીર કચ્છ ખાતે પોલીસ દ્વારા ઈફ્તાર પાર્ટી



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ ભુજ તાલુકાના હાજીપીર ખાતે રમજાન મહિનાની પવિત્રતા નિમિત્તે હાજીપીર પોલીસ સ્ટેશન દ્વારા રોજા રાખતા મુસ્લિમ બિરાદરો માટે ઈફ્તાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પીએસઆઈ વી.ડી. ગોહિલની પહેલથી દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ હાજીપીર જમા મસ્જિદ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.ઈફ્તાર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મુસ્લિમ ભાઈઓએ હાજરી આપી રોજા ખોલ્યા હતા અને કાર્યક્રમનો લાભ લીધો હતો. હાજીપીર પોલીસ સ્ટેશનના એએસઆઈ નરેન્દ્ર પરમારની આગેવાનીમાં પોલીસ સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો.આ પ્રસંગે પોલીસ દ્વારા "પોલીસ પ્રજાનો મિત્ર છે" તેવો સંદેશ આપતા સામાજિક સૌહાર્દ અને ભાઈચારો મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં મુજાવર પરિવારના કાસમજી, હાજી દાઉદ ઈસ્માઈલભાઈ, જુમાભાઈ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઓસમાણ બાવા દ્વારા કરવામાં આવ્યું હતું. આ અંગે ઉમેશ આચાર્ય દ્વારા માહિતી આપવામાં આવી હતી.

## ખાતરની અછત અને યુરિયા ઉત્પાદન ખોરવાતા ચિંતા

# વૈશ્વિક અન્ન સલામતી જોખમ હેઠળ કરોડો લોકો પર સંકટ






ઈરાન યુદ્ધ અને વિશ્વ ભૂખમરો વધવાની ચેતવણી

(એજન્સી) મુંબઈ | તા 20

પશ્ચિમ એશિયામાં ભભૂકી રહેલું ઈરાનનું યુદ્ધ હવે માત્ર સરહદી સંઘર્ષ કે લશ્કરી કાર્યવાહી પૂરતું મર્યાદિત રહ્યું નથી, પરંતુ તેણે સમગ્ર માનવજાત સામે અન્ન કટોકટીનું ગંભીર સંકટ ઊભું કર્યું છે. વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના તાજેતરના અહેવાલ મુજબ, આ યુદ્ધને કારણે વૈશ્વિક પુરવઠા સાંકળ ખોરવાઈ છે, જેનાથી વિશ્વભરમાં અન્ન સલામતી સામે જોખમ તોળાઈ રહ્યું છે. જો આ સંઘર્ષ જૂન મહિના સુધી લંબાશે, તો વિશ્વના વધારાના ૪.૫૦ કરોડ લોકોએ કાળઝાળ ભૂખમરાનો સામનો કરવો પડશે, જે માનવતા માટે અત્યંત ચિંતાજનક બાબત છે.

વર્તમાન પરિસ્થિતિમાં કૃષિ ક્ષેત્ર માટે સૌથી મોટું જોખમ ખાતરની અછતનું છે. વિશ્વના કુલ યુરિયા વેપારના ૫૦ ટકા જેટલો હિસ્સો હોર્મુઝની ખાડી મારફતે અખાતી દેશોમાંથી નિકાસ થાય છે. યુદ્ધના કારણે જહાજોની અવરજવર અને ગેસ પુરવઠા પર માઠી અસર પડી છે. વિશ્વમાં કુલ ખાતરના ૨૦ ટકા ઉત્પાદન આ ક્ષેત્રમાં થાય છે, જેમાં કતાર ફર્ટિલાઈઝર કંપનીનો હિસ્સો ૧૪ ટકા જેટલો મોટો છે. એલએનજી ઉત્પાદન ખોરવાતા કતારને તેના યુરિયા પ્લાન્ટ્સ બંધ કરવાની ફરજ પડી છે, જેને પરિણામે યુરિયાના ભાવમાં વાર્ષિક ધોરણે ૬૦ ટકા જેટલો તોતિંગ વધારો ઝીંકાયો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સુરક્ષાના કારણોસર માલવાહક જહાજોએ તેમના રૂટ બદલવા પડ્યા છે, જેના કારણે શિપિંગ ખર્ચમાં ૧૮ ટકાનો ઉછાળો આવ્યો છે. આ ખર્ચ વધવાને કારણે જીવન રક્ષક ચીજવસ્તુઓની નિકાસમાં વિલંબ થઈ રહ્યો છે. બીજી તરફ, વિશ્વના વિકસિત દેશો જે અગાઉ ગરીબ દેશોને મદદ માટે દાન આપતા હતા, તેઓ હવે પોતાનું ભંડોળ સંરક્ષણ પાછળ ખર્ચી રહ્યા છે. પરિણામે, ભૂખમરો ડામવા માટેના ભંડોળમાં મોટી ખેંચ ઊભી થઈ છે, જે વૈશ્વિક અન્ન કટોકટીને વધુ ઘેરી બનાવી રહી છે.

હાલમાં વિશ્વમાં ૩૧.૯૦ કરોડ લોકો પહેલેથી જ ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. જો યુદ્ધનો અંત જલ્દી નહીં આવે, તો આ આંકડો વધીને ૩૬ કરોડને પાર કરી જશે. અનાજની કિંમતોમાં અસહ્ય વધારો અને બજારમાં તેની અછતને કારણે મધ્યમ અને ગરીબ વર્ગના લોકો માટે બે ટંકનું ભોજન મેળવવું પણ મુશ્કેલ બનશે. આર્થિક વિશ્લેષકોના મતે, આ માત્ર આર્થિક મંદી નથી પણ એક એવી કટોકટી છે જે કૃષિ ઉત્પાદન પર સીધી અસર કરશે અને આવનારા સમયમાં અનાજના વૈશ્વિક ભંડારો ખાલી કરી શકે છે.

મીડિયા અહેવાલ મુજબ, ખાતરની તીવ્ર અછતને કારણે આગામી પાક સીઝનમાં ઉત્પાદનમાં ધરખમ ઘટાડો થવાની ભીતિ છે. જ્યારે ખેડૂતોને પૂરતું ખાતર નહીં મળે, ત્યારે જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા બંને જોખમાશે. આ સ્થિતિ માત્ર ઈરાન કે મધ્ય પૂર્વ પૂરતી સીમિત નથી, પરંતુ ભારત સહિતના તમામ કૃષિપ્રધાન દેશો પર તેની અસર પડશે. યુરિયાના ભાવ વધતા ખેતીનો ખર્ચ વધશે અને અંતે સામાન્ય જનતાએ મોંઘા અનાજના સ્વરૂપે તેની કિંમત ચૂકવવી પડશે. વિશ્વએ હવે એકજૂથ થઈને આ અન્ન કટોકટીને રોકવા માટે નક્કર પગલાં ભરવા અનિવાર્ય બન્યા છે.

### હોર્મુઝની ખાડીમાં અવરોધનું જોખમ વધતા ભારતની ચિંતામાં વધારો

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી ગંભીર ભૌગોલિક-રાજકીય કટોકટી છતાં અત્યાર સુધી વૈશ્વિક બજારોમાં કોઈ મોટો કડાકો જોવા મળ્યો નથી, પરંતુ આ સ્થિરતા લાંબો સમય ટકશે નહીં તેવી ચેતવણી 'જેફરીઝ'ના અહેવાલમાં આપવામાં આવી છે. અહેવાલ મુજબ, જો હોર્મુઝની ખાડીમાં અવરોધનું જોખમ લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો ભારત જેવા ઊર્જા-આધારિત અર્થતંત્રો માટે ગંભીર આર્થિક પરિણામો આવી શકે છે. અત્યારે બજારની નજર ઈરાનના વલણ અને તેલના પુરવઠાના માર્ગો પર ટકેલી છે, જે એશિયાના વિકાસ દરને સીધી રીતે અસર કરે છે.હોર્મુઝની ખાડી એ વિશ્વનો સૌથી મહત્વપૂર્ણ ઊર્જા માર્ગ છે. જેફરીઝના અહેવાલ મુજબ, આ ખાડીમાંથી પસાર થતા કુલ ઊર્જા પ્રવાહનો ૮૫ ટકા હિસ્સો એશિયા માટે હોય છે. તેમાં પણ ચીન, ભારત અને દક્ષિણ એશિયાના દેશો કુલ પ્રવાહના ૬૦ ટકા હિસ્સાનો વપરાશ કરે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, અત્યારે ઈરાને પસંદગીના જહાજોને પસાર થવાની મંજૂરી આપી છે, જેના કારણે બજાર પરનું તાત્કાલિક દબાણ થોડું હળવું થયું છે.

## News Brief

### ડોલર સામે રેકોર્ડબ્રેક નીચલી સપાટીએ રૂપિયો પહોંચતા આર્થિક ખળભળાટ




મુંબઈ: ભારતીય અર્થતંત્ર માટે આજનો દિવસ અમંગળ સાબિત થયો છે, કારણ કે ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે અત્યાર સુધીના સૌથી નબળા સ્તરે પહોંચી ગયો છે. શુક્રવારે કારોબારની શરૂઆતમાં જ ડોલર સામે રેકોર્ડબ્રેક નીચલી સપાટીએ રૂપિયો 93.15 ના સ્તરને સ્પર્શી ગયો હતો. પશ્ચિમ એશિયામાં વધી રહેલા યુદ્ધના તણાવ અને આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા તોતિંગ ઉછાળાએ ભારતીય ચલણની કમર તોડી નાખી છે. ઈતિહાસમાં પ્રથમ વખત રૂપિયો 93 ના મનોવૈજ્ઞાનિક સ્તરને પાર કરી જતા હવે દેશની આર્થિક સ્થિરતા સામે અનેક સવાલો ઉભા થયા છે.વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડનો ભાવ બેરલ દીઠ 100 ડોલરની ઉપર સ્થિર થતા ભારત માટે મુશ્કેલીઓ વધી છે. ભારત તેની જરૂરિયાતનું 80 ટકાથી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે, જેના કારણે આયાત બિલમાં જંગી વધારો થયો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આયાતકારો દ્વારા ડોલરની સતત માંગને કારણે રૂપિયા પર ભારે દબાણ સર્જાયું છે. ખાડી દેશોમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ઊર્જા પુરવઠો ખોરવાવાની ભીતિએ તેલના ભાવને ભડકે બાળ્યા છે, જેની સીધી નકારાત્મક અસર ભારતના વિદેશી મુદ્રા ભંડાર અને રૂપિયાના મૂલ્ય પર જોવા મળી રહી છે. વૈશ્વિક આર્થિક અસ્થિરતાના માહોલમાં રોકાણકારો અત્યારે જોખમ લેવાને બદલે સુરક્ષિત ગણાતા અમેરિકન ડોલરમાં નાણાં રોકવાનું પસંદ કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) ભારતીય શેરબજારમાંથી સતત વેચવાલી કરી રહ્યા છે. જ્યારે આ રોકાણકારો ભારતમાંથી નાણાં પાછા ખેંચે છે, ત્યારે તેઓ રૂપિયા વેચીને ડોલર ખરીદે છે, જેના કારણે બજારમાં ડોલર મજબૂત બને છે અને રૂપિયો નબળો પડે છે.

### ભારતના ક્રૂડ આયાતમાં મોટો ઘટાડો થતા દેશમાં ઇંધણ સંકટ



નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને ભૌગોલિક-રાજકીય અસ્થિરતાની સીધી અને ગંભીર અસર હવે ભારતના ઊર્જા ક્ષેત્ર પર જોવા મળી રહી છે. સિસ્ટમેટિક્સ રિસર્ચના તાજેતરના અહેવાલ મુજબ, માર્ચ મહિનાના પ્રારંભિક સપ્તાહોમાં ભારતના ક્રૂડ આયાતમાં મોટો ઘટાડો નોંધાયો છે. ખાડી દેશોમાંથી સપ્લાય ચેઈન ખોરવાતા ભારતની ઊર્જા સુરક્ષા સામે જોખમ ઊભું થયું છે. આ આર્થિક ફટકાને કારણે દેશની વેપાર ખાધમાં મોટો ઉછાળો આવવાની ભીતિ છે, જે ભારતીય અર્થતંત્ર માટે આવનારા દિવસોમાં મુશ્કેલ સંકેત આપી રહ્યો છે.સિસ્ટમેટિક્સ રિસર્ચના અહેવાલ અનુસાર, ૬ માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતની ક્રૂડ આયાત ઘટીને માત્ર ૧૯ લાખ બેરલ રહી ગઈ છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં આ આંકડો સરેરાશ ૨.૫ કરોડ બેરલ પ્રતિ સપ્તાહ હતો. આમ, એકાએક આયાતમાં થયેલો આ તોતિંગ ઘટાડો ભારતના રિફાઈનિંગ ઉદ્યોગ અને ઇંધણના ભંડાર પર દબાણ વધારી રહ્યો છે. મધ્ય પૂર્વના દેશોમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ક્રૂડ સપ્લાય ચેઈન સંપૂર્ણપણે વિખેરાઈ ગઈ છે, જેની સીધી અસર ભારતના બંદરો પર આવતા જહાજોની સંખ્યા પર પડી છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સૌદી અરેબિયા, ઈરાક અને યુએઈ જેવા ભારતના મુખ્ય તેલ સપ્લાયર દેશોના નિકાસ વોલ્યુમમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સૌદી અરેબિયાની નિકાસ ફેબ્રુઆરીમાં સરેરાશ ૪.૨ કરોડ બેરલ પ્રતિ સપ્તાહ હતી, જે માર્ચના બીજા સપ્તાહમાં ઘટીને માત્ર ૧.૨ કરોડ બેરલ રહી ગઈ છે. ખાડી દેશોમાં ઊર્જા સુવિધાઓ અને રિફાઈનરીઓ પર થયેલા હુમલાને કારણે ઉત્પાદન ક્ષમતાને મોટો ફટકો પડ્યો છે. આ સ્થિતિને જોતા નિષ્ણાતો માને છે કે આગામી સમયમાં તેલના ભાવમાં હજુ વધુ વધારો અને સપ્લાયમાં મોટો વિક્ષેપ જોવા મળી શકે છે.માત્ર ક્રૂડ ઓઈલ જ નહીં, પરંતુ ગેસ પુરવઠાની બાબતમાં પણ ભારતની મુશ્કેલીઓ વધી છે. કતારમાં એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર થયેલા હુમલાને કારણે વૈશ્વિક એલએનજી પ્રવાહ ખોરવાયો છે.

## તેલ કંપનીઓ પર વધારાનો બોજ છતાં ભાવ વધારો મુશ્કેલ

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં ભભૂકી રહેલી યુદ્ધની જ્વાળાઓ અને રાંધણ ગેસ (LPG) ની વધતી જતી અછત વચ્ચે ભારતીય તેલ વિતરણ કંપનીઓ (OMCs) માટે કપરાં ચઢાણ જોવા મળી રહ્યા છે. કોટક ઇન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝના તાજેતરના અહેવાલ મુજબ, તેલ કંપનીઓ પર વધારાનો બોજ હોવા છતાં, સરકાર અને કંપનીઓ માટે અત્યારે પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવા અત્યંત મુશ્કેલ બની રહ્યા છે. એલપીજીની અછતને કારણે સામાન્ય જનતામાં જે નકારાત્મક માનસિકતા અને રોષ જોવા મળી રહ્યો છે, તેને જોતા કોઈપણ મોટો ભાવ વધારો રાજકીય અને સામાજિક રીતે જોખમી સાબિત થઈ શકે છે.વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના વધતા ભાવ, શિપિંગ ભાડું અને વીમા ખર્ચમાં થયેલો તોતિંગ વધારો તેલ કંપનીઓની બેલેન્સ શીટને બગાડી રહ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મજબૂત નફો મેળવતી તેલ કંપનીઓએ હવે આ વધારાના ખર્ચને પોતાની રીતે જ 'એબ્સોર્બ' એટલે કે સહન કરવો પડશે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે રીટેલ ભાવ નક્કી કરવાની સ્વતંત્રતાના અભાવે, કંપનીઓ આ બોજ ગ્રાહકો પર નાખી શકતી નથી. પશ્ચિમ એશિયામાં હોર્મુઝની ખાડીમાં સર્જાયેલા અવરોધે નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે તેલના ભાવો અંગેનું જોખમ વધુ પ્રબળ બનાવ્યું છે.દેશના અનેક ભાગોમાં અત્યારે એલપીજી સિલિન્ડરની અછત વર્તાઈ રહી છે.

## અમીરચંદ જગદીશ કુમાર (એક્સપોર્ટ્સ) લિમિટેડનો રૂ. 4,400 મિલિયનનો IPO 24 માર્ચ ના રોજ ખુલશે




(એજન્સી) અમદાવાદ | તા 20

અમીર ચંદ જગદીશ કુમાર (એક્સપોર્ટ્સ) લિમિટેડ (the "Company") તેના ઈક્વિટી શેરના આઈપીઓના સંદર્ભમાં તેની બિડ/ઈશ્યૂ મંગળવાર, 24 માર્ચ, 2026 ના રોજ ખોલશે અને તે શુક્રવાર, 27 માર્ચ, 2026 ના રોજ બંધ થશે. આ આઈપીઓ સંપૂર્ણપણે રૂ. 4,400 મિલિયનનો ફ્રેશ ઈશ્યૂ છે. પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 8,27,96,840 ઈક્વિટી શેર્સ હાલની તારીખે બાકી છે.કંપની ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી અંદાજિત રૂ. 4,400 મિલિયનની ચોખ્ખી આવકનો ઉપયોગ તેની કાર્યકારી મૂડી જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ (collectively, the "Object of Issue") માટે કરવાનો પ્રસ્તાવ મૂકે છે. એમકે ગ્લોબલ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ અને કીનોટ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ ("Book Running Lead Managers" or "BRLMs") છે. કેફિન ટેક્નોલોજીસ લિમિટેડ ઈશ્યૂના રજિસ્ટ્રાર છે.આ ઈક્વિટી શેર્સ કંપનીના 12 માર્ચ, 2026 ના રોજના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ("RHP") દ્વારા જારી કરવામાં આવી રહ્યા છે જે રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, નેશનલ કેપિટલ ટેરિટરી ઓફ દિલ્હી-2, સેન્ટ્રલ દિલ્હી ("RoC") માં ફાઈલ કરવામાં આવ્યા છે. કંપનીના શેર્સનું બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE", collectively the "Stock Exchanges") પર લિસ્ટિંગ કરવાની યોજના છે. કંપની વિશે: કંપની ભારતની બાસમતી ચોખા અને અન્ય એફએમસીજી પ્રોડક્ટ્સનું પ્રોસેસિંગ તથા નિકાસ કરે છે. કંપની દ્વારા કરાયેલા CARE રિપોર્ટ મુજબ, આવકના આધારે તે પોતાની સમકક્ષ કંપનીઓમાં ત્રીજા સ્થાને છે. કંપની એવી જૂજ ભારતીય બ્રાન્ડેડ રાઈસ કંપનીઓમાંની એક છે જેણે એફએમસીજી સ્ટેપલ્સ ક્ષેત્રમાં પણ પ્રવેશ કર્યો છે. કંપની માને છે કે બાસમતી ચોખાના સંપૂર્ણ વેલ્યુ ચેઈનમાં હાજરી ધરાવતી અને સંપૂર્ણપણે એકીકૃત કામગીરી ધરાવતી તે ભારતની જૂજ કંપનીઓમાંની એક છે. તેની કામગીરીમાં ખરીદી, સંગ્રહ, પ્રોસેસિંગ, માર્કેટિંગ અને વેચાણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કંપનીએ એફએમસીજી પ્રોડક્ટ્સમાં પણ ડાયવર્સિફિકેશન કર્યું છે, જેમાં રસોડાની આવશ્યક વસ્તુઓ જેમ કે લોટ, મેંદો, સોજી, બેસન, મીઠું અને ખાંડનો સમાવેશ થાય છે. કંપની પોતાની ફ્લેગશિપ રજિસ્ટર્ડ અને ટ્રેડમાર્ક કરેલી બ્રાન્ડ "AEROPLANE" હેઠળ પોતાની પ્રોડક્ટ્સનું માર્કેટિંગ કરે છે અને વિવિધ પ્રોડક્ટ્સ માટે 40થી વધુ સબ-બ્રાન્ડ્સ ધરાવે છે, જેમાં "Aeroplane La-Taste", "Aeroplane Classic", "Ali Baba", "World Cup" અને "Jet" સહિતના બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસની તારીખ સુધીમાં કંપનીએ કુલ 100 ટ્રેડમાર્ક્સ નોંધાવ્યા છે, જેમાંથી 70 ટ્રેડમાર્ક ભારતમાં અને 30 ટ્રેડમાર્ક યુરોપ, એશિયા અને આફ્રિકા સહિતના 26 દેશોમાં નોંધાયેલા છે, તેમજ ભારતમાં 22 કોપીરાઈટ્સ પણ નોંધાયેલા છે.

## રેર અર્થ મેગ્નેટ ઉત્પાદન એકમો માટે ભારતે મંગાવી વૈશ્વિક બિડ

નવી દિલ્હી: ચીન પરની નિર્ભરતા ઘટાડવા અને હાઈ-ટેક ઉત્પાદન ક્ષેત્રે ભારતને વૈશ્વિક હબ બનાવવા માટે કેન્દ્ર સરકારે એક મહત્વકાંક્ષી કદમ ઉઠાવ્યું છે. ભારે ઉદ્યોગ મંત્રાલય દ્વારા દેશમાં જ રેર અર્થ મેગ્નેટ ઉત્પાદન એકમો સ્થાપવા માટે વૈશ્વિક બિડ (Global Bids) આમંત્રિત કરવામાં આવી છે. આ યોજના હેઠળ વાર્ષિક ૬,૦૦૦ મેટ્રિક ટન ઉત્પાદન ક્ષમતા ધરાવતા અત્યાધુનિક પ્લાન્ટ્સ સ્થાપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ પહેલથી ઈલેક્ટ્રિક વાહનો, પવન ઊર્જા અને સંરક્ષણ જેવા મહત્વના ક્ષેત્રોમાં ભારતની સ્થિતિ વધુ મજબૂત બનશે. સરકારી નિવેદન અનુસાર, આ યોજના હેઠળ પસંદગી પામેલા એકમોને કુલ ૭,૨૦૦ કરોડ રૂપિયાનું પ્રોત્સાહન આપવામાં આવશે. જેમાં ૭૫૦ કરોડ રૂપિયાની કેપિટલ સબસિડી અને ૬,૪૫૦ કરોડ રૂપિયાના વેચાણ-આધારિત પ્રોત્સાહનો (Sales-linked incentives) સામેલ છે. દરેક પસંદગી પામેલી કંપનીને ૬૦૦ થી ૧,૨૦૦ મેટ્રિક ટન પ્રતિ વર્ષની ઉત્પાદન ક્ષમતા ફાળવવામાં આવશે. રેર અર્થ મેગ્નેટ ઉત્પાદન એકમો સ્થાપવા માટેની આ પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક ઓનલાઈન બિડિંગ સિસ્ટમ દ્વારા હાથ ધરવામાં આવશે, જેની છેલ્લી તારીખ ૨૮ મે, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે.ખનીજ મંત્રાલયના ડેટા મુજબ, ભારત હાલમાં રેર અર્થ મેગ્નેટ માટે મોટાભાગે આયાત પર નિર્ભર છે,

### ડિજિટલ કરન્સી અને પેમેન્ટ સિસ્ટમમાં ક્રાંતિ

## રશિયા-ભારત નાણાકીય એકીકરણ માટે રશિયન નેતાઓની મોટી હાકલ

મુંબઈ: વૈશ્વિક રાજનીતિ અને અર્થતંત્રમાં જ્યારે પશ્ચિમી દેશોનું વર્ચસ્વ પડકારાઈ રહ્યું છે, ત્યારે ભારત અને રશિયા વચ્ચેના સંબંધો એક નવા યુગમાં પ્રવેશી રહ્યા છે. મુંબઈમાં નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) દ્વારા આયોજિત 'વોલ્ગા થી ગંગા' ફોરમમાં રશિયન નેતાઓએ રશિયા-ભારત નાણાકીય એકીકરણ માટે જોરદાર હિમાયત કરી છે. રશિયા અને બેલારુસના સ્ટેટ સેક્રેટરી સેર્ગેઈ ગ્લેઝયેવે સ્પષ્ટ કર્યું છે કે બંને દેશો વચ્ચે વેપાર પ્રવાહ વધી રહ્યો છે, પરંતુ નાણાકીય બજારો હજુ પણ એકીકૃત નથી, જેનું મુખ્ય કારણ અમેરિકન ડોલરનું વર્ચસ્વ છે. અમેરિકા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે રશિયા અને બેલારુસે ડોલરમાં વ્યવહાર કરવાનું લગભગ બંધ કરી દીધું છે. હવે રશિયા-ભારત નાણાકીય એકીકરણ હેઠળ બંને દેશો પોતાના રાષ્ટ્રીય ચલણ - રૂપિયો અને રુબલમાં વેપાર વધારવા માંગે છે. ગ્લેઝયેવે જણાવ્યું હતું કે ભારત સાથેના વેપારમાં રાષ્ટ્રીય ચલણનો ઉપયોગ વધી રહ્યો છે, પરંતુ સીધા આંતરરાષ્ટ્રીય એકીકરણના અભાવે વ્યવહાર ખર્ચ હજુ પણ ઊંચો રહે છે. આ ખર્ચ ઘટાડવા માટે જૂની પેમેન્ટ ચેનલોને બદલે આધુનિક સિસ્ટમ અપનાવવી અનિવાર્ય છે. આર્થિક કાર્યક્ષમતા સુધારવા માટે રશિયાએ ભારતના ડિજિટલ કરન્સીના વિચારને સમર્થન આપ્યું છે. જો બંને દેશો ડિજિટલ કરન્સી અપનાવે, તો મધ્યસ્થીઓ વગર ત્વરિત, વિશ્વસનીય અને અત્યંત ઓછા ખર્ચે વ્યવહારો શક્ય બનશે. રશિયા-ભારત નાણાકીય એકીકરણમાં ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ એક મહત્વપૂર્ણ કડી સાબિત થઈ શકે છે.

### પ્રીમિયમ મિડ એસયુવી બુકિંગ આંકડો ૧ લાખ પાર

## ટાટા સિયેરા એસયુવી ડિલિવરી અમદાવાદમાં એકસાથે ૧૦૧ ગાડીઓ

(એજન્સી) અમદાવાદ | તા 20



ભારતની અગ્રગણ્ય ઓટોમોટિવ બ્રાન્ડ્સમાંથી એક ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ લિ.એ આજે અમદાવાદમાં સંપૂર્ણ નવી ટાટા સિયેરાનાં 101 યુનિટ્સની ડિલિવરી કરી. સિયેરાએ રાષ્ટ્રીય સ્તરે 1,00,000 બુકિંગનો આંકડો પાર કર્યો છે, જે આ પ્રતીકાત્મક નેમપ્લેટની મજબૂત માગણી અને આકર્ષકતા પ્રદર્શિત કરે છે. આ અદભુત પ્રતિસાદ સિયેરાનો પ્રતીકાત્મક દરજ્જો અને ભારતભરના હાર્દમાં અને ગ્રાહકોના મનમાં પ્રીમિયમ મિડ- SUV તરીકે તેના લોહચુંબકીય આકર્ષણને અધોરેખિત કરે છે.

આ માઈલસ્ટોન ઈવેન્ટ અમદાવાદમાં યોજાઈ હતી, જ્યાં પ્રોગ્રેસિવ કાર્સ પ્રાઈવેટ લિમિટેડ, ઈન્ફિનિટી વેહિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ, એસપી કાર્સ, કાર્ગો મોટર્સ અમદાવાદ પ્રાઈવેટ લિમિટેડ, સુપરનોવા મોટર્સ પ્રાઈવેટ લિમિટેડ અને રિયા ઓટોલિંકે ગ્રાહકો સાથે એકત્ર આવીને પ્રતીકાત્મક SUVની સૌથી વિશાળ સ્તરની ગ્રાહક ડિલિવરીમાંથી એક તરીકે છાપ છોડી છે.

## ક્રોમાએ કિંમતોમાં 70 ટકા સુધીના ઘટાડા સાથે ફેસ્ટિવ મેગા ડીલ્સ રજૂ કરી

(એજન્સી) અમદાવાદ | તા 20

ગ્રાહકો ઉગાદી અને ગુડી પડવાની ખરીદી માટે તૈયાર થઈ રહ્યા છે, ત્યારે ટાટા ગ્રુપની ભારતની વિશ્વસનીય ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમાએ લેપટોપની આગેવાની હેઠળ આકર્ષક ફેસ્ટિવલ ઓફરની જાહેરાત કરી છે જેમાં ગેમિંગ, એઆઈ અને રોજિંદા કમ્પ્યુટિંગ ડિવાઈસિસ પર મહાબચત તેમજ પસંદગીના એર કન્ડીશનર, ટેલિવિઝન, રેફ્રિજરેટર સહિત અન્ય પ્રોડક્ટ્સ પર આકર્ષક ડિસ્કાઉન્ટ ઓફર સમાવિષ્ટ છે. ઉગાદી અને ગુડી પડવાના હિન્દુ નવવર્ષની શરૂઆત સાથે આ ઓફર્સ ગ્રાહકોને નવા, વધુ સક્ષમ ડિવાઈસિસ પર અપગ્રેડ કરવાની શ્રેષ્ઠ તક આપે છે. ગ્રાહકો બેન્ક કેશબેક, એક્સચેન્જ બોનસ, વિદ્યાર્થીઓ માટે ખાસ કિંમત અને સરળ ઈએમઆઈ વિકલ્પો સહિત વિવિધ આકર્ષક લાભો અનલૉક કરી શકે છે, જે તેને આ સીઝનના સૌથી મૂલ્યવાન ઈલેક્ટ્રોનિક્સ વેચાણ પૈકી એક બનાવી શકે છે. આ સ્કીમનો લાભ 31 માર્ચ સુધી તમામ ક્રોમા સ્ટોર્સ પર ઉપલબ્ધ છે. આ તહેવારના સમયગાળામાં લેપટોપ ડીલ્સની એક આકર્ષક શ્રેણી છે, જેમાં હાઈ-પર્ફોર્મન્સ ગેમર્સથી લઈને વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ સુધીના દરેક માટે વિકલ્પો ઉપલબ્ધ છે. લેપટોપ બોનાન્ઝા અપગ્રેડિંગને વધુ ફળદાયી બનાવે છે, જે એચપી, લેનોવો, આસુઝ જેવી બ્રાન્ડ્સના પસંદગીના NVIDIA RTX 50 કેટેગરીના ગેમિંગ લેપટોપ પર 25% સુધીનું એક્સચેન્જ બોનસ ઓફર કરે છે. તમે નવા એઆઈ-સંચાલિત મોડેલ્સ સહિત પસંદગીના વિન્ડોઝ લેપટોપ પર 20% સુધીનું એક્સચેન્જ બોનસ પણ માણી શકો છો. લેપટોપ પર ઉપલબ્ધ અમુક આકર્ષક ઓફર્સ: HP Next Gen (Copilot+) AI PC જેની કિંમત રૂ. 78,476 છે, તે આ સ્કીમ હેઠળ રૂ. 51,690માં ઉપલબ્ધ છે* Dell 15 લેપટોપ (Core i5, 16GB RAM)ની મૂળ કિંમત રૂ. 64,990 હતી. જે હાલ રૂ. 53,090માં ઉપલબ્ધ છે* HP 15 લેપટોપ (24GB RAM) જેની એમઆરપી રૂ. 53,266 છે, તે હાલ, રૂ. 47,460માં ઉપલબ્ધ છે* વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ખાસ ઓફર: Apple MacBook Neo 13 ને રૂ. 38,706ની અસરકારક કિંમતે ખરીદો*Apple MacBook Air 13 (M5 Chip) ને રૂ. 83,905ની આકર્ષક કિંમતે ખરીદો* (બંને MacBook ઑફર્સમાં વિદ્યાર્થી/શિક્ષક ડિસ્કાઉન્ટ, બ્રાન્ડ કેશબેક અને જૂના લેપટોપના એક્સચેન્જનો સમાવેશ થાય છે). ક્રોમા હોમ કેટેગરી પર આકર્ષક ડીલ્સની વિશાળ શ્રેણી રજૂ કરી રહ્યું છે. ગ્રાહકો પસંદગીના એર કંડિશનર પર 2 EMI-મુક્ત લાભો, રેફ્રિજરેટર પર આકર્ષક ફ્રીબી ઑફર્સ અને પસંદગીના ટેલિવિઝન પર રૂ. 30,000 સુધીનું કેશબેક સાથે 1 EMI-મુક્ત લાભ મેળવી શકે છે. ઑફર્સમાં શામેલ છે: ટેલિવિઝન: સેમસંગ 100' નિયો QLED 4K ટીવી જે અગાઉ રૂ. 13,36,600ની કિંમતે મળતી હતી, તે હાલ 70% ડિસ્કાઉન્ટ પર ઉપલબ્ધ છે, તેની પ્રારંભિક કિંમત રૂ. 3,84,990 થી શરૂ થાય છે* LG 75' નેનો સેલ 4K ટીવી જેની મૂળ વેચાણ કિંમત રૂ. 2,17,590 હતી, જે ઓફર હેઠળ 62 ટકા ડિસ્કાઉન્ટે આકર્ષક રૂ. 82,622માં ઉપલબ્ધ છે.

### શેરબજાર ધોવાણ | મ્યુચ્યુઅલ ફંડ રોકાણ અને બજાર અસ્થિરતા વધી

## ઈક્વિટી ફંડોની AUMમાં ઘટાડો થતા રોકાણકારોના કરોડો રૂપિયા સાફ

(એજન્સી) અમદાવાદ | તા 20



અમેરિકા અને ઈરાન વચ્ચેના વધતા જતા લશ્કરી તણાવ અને યુદ્ધ જેવી પરિસ્થિતિએ વૈશ્વિક નાણાકીય બજારોમાં ભારે હલચલ મચાવી દીધી છે. આ ભૌગોલિક-રાજકીય અસ્થિરતાની સીધી અસર ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ પર જોવા મળી છે. છેલ્લા માત્ર બે અઠવાડિયાના ટૂંકા ગાળામાં સક્રિય ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓની એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) માં અંદાજે રૂ. ૨.૪ લાખ કરોડનું તોતિંગ ધોવાણ થયું છે. ફેબ્રુઆરીના અંતે જે એયુએમ રૂ. ૩૫.૪ લાખ કરોડના સ્તરે હતી, તે ૧૩ માર્ચ સુધીમાં ૬.૭ ટકા ઘટીને રૂ. ૩૩ લાખ કરોડ પર પહોંચી ગઈ છે.નોંધનીય બાબત એ છે કે, ઈક્વિટી ફંડોની એયુએમમાં થયેલો આ ઘટાડો શેરબજારના ઈન્ડેક્સમાં થયેલા ઘટાડા કરતા ઓછો છે. આ આંકડા સ્પષ્ટપણે સૂચવે છે કે ભલે બજાર ઘટ્યું હોય, પરંતુ રોકાણકારોનો ભરોસો તૂટ્યો નથી. આ મુશ્કેલ સમયગાળા દરમિયાન પણ ઈક્વિટી યોજનાઓમાં સતત નવો રોકાણ પ્રવાહ ઠલવાતો રહ્યો છે. લાર્જ-કેપ ફંડ્સમાં ૭.૩ ટકાનો ઘટાડો નોંધાયો છે, જેની સામે નિફ્ટી-૧૦૦ ઈન્ડેક્સમાં ૭.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તેવી જ રીતે સ્મોલ-કેપ ફંડ્સમાં પણ ૫.૫ ટકાનો ઘટાડો થયો છે, જે બજારના બેન્ચમાર્ક કરતા ઓછો છે.ફંડ હાઉસના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા એક વર્ષથી જે લમ્પ-સમ (એકસાથે) રોકાણ ધીમું પડ્યું હતું, તેમાં આ મહિને અચાનક ઉછાળો જોવા મળ્યો છે. રોકાણકારો બજારના આ ઘટાડાને 'સેલ' અથવા તક તરીકે જોઈ રહ્યા છે અને નીચા ભાવે વધુ યુનિટ્સ ખરીદવા માટે સક્રિય થયા છે. મીડિયા અહેવાલ મુજબ, છેલ્લા બે અઠવાડિયામાં સક્રિય ઈક્વિટી સ્કીમ્સમાં અંદાજે રૂ. ૧૧,૦૦૦ કરોડનું ચોખ્ખું રોકાણ આવ્યું છે. આ દર્શાવે છે કે ભારતીય રોકાણકારો હવે પરિપક્વ બન્યા છે અને યુદ્ધ જેવી કટોકટીમાં ગભરાઈને વેચવાને બદલે ખરીદી કરવાનું પસંદ કરી રહ્યા છે.બજારની અસ્થિરતાએ ફ્લેક્સી-કેપ ફંડ્સને પણ બાકાત રાખ્યા નથી, જેની એયુએમમાં ૬ ટકાનો ઘટાડો થયો છે. જોકે, તેની સામે નિફ્ટી-૫૦૦ માં ૭.૭ ટકાનો મોટો ઘટાડો હતો. એસેટ મેનેજરોના મતે, અત્યારે જે રોકાણકારો પાસે ઈક્વિટી ફાળવણી ઓછી છે, તેમને ધીમે ધીમે રોકાણ વધારવાની સલાહ આપવામાં આવી રહી છે. કારણ કે શેરબજારમાં થયેલા સુધારા બાદ હવે વેલ્યુએશન (મૂલ્યાંકન) વાજબી સ્તરે પહોંચ્યું છે.

અમરેલી જિલ્લામાં દરિયાઇ સુરક્ષામાં સૌથી મોટો વધારો

# પીપાવાવ ઇન્ડિયન કોસ્ટગાર્ડ આધુનિક સ્ટેશન ઓફીસનું DIG શશીકુમારના હસ્તે લોકાર્પણ કરી ખુલ્લું મુકવામાં આવ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

દેશ અને દરિયાઈ સીમા ઉપર ૨૪ કલાક દેશભરની સુરક્ષા વ્યવસ્થા કરવા માટે સૌથી મોટા ઓપરેશન પાર પાડનાર કોસ્ટગાર્ડ કાર્યરત દેશ અને દરિયાઈ સીમા પર ઇન્ડિયન કોસ્ટગાર્ડ જવાનો સુરક્ષાની કામગીરી કરી રહ્યા છે અમરેલી જિલ્લામાં દરિયા કાંઠે રાજુલા તાલુકા દરિયા કાંઠે પીપાવાવ ભારતીય તટરક્ષક કોસ્ટગાર્ડ સ્ટેશન ઓફીસ બિલ્ડીંગ નું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ જેમા ડી.આઈ.જી.શશીકુમારના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને તેના હસ્તે લોકાર્પણ કરવામા આવ્યુ હતું જેમા આ ઉદ્ઘાટન થવાના કારણે પશ્ચિમ દરિયાકાંઠા વિસ્તારમાં ઓપરેશન



અને એડમિસ્ટ્રેટિવ માળખાને વધુ મજબૂત બનાવવા માટેનો પ્રયાસ કરવામાં આવ્યો છે.અને નવી સુવિધાઓના કારણે પીપાવાવ એડમિનિસ્ટ્રેટિવ કામગીરી અને કર્મચારીઓ માટે રહેણાંક વિશેષ આધુનિક સુવિધાઓ કરવામાં આવી આધુનિક ઓફીસ કોમ્પ્લેક્ષ ઓપરેશન માટે કાર્યસક્ષમતા વધારવામા આવી મેરીડ ઓકોમોડેશન કોસ્ટગાર્ડના પરિવાર માટે સુવિધાઓ વધારી દેવામાં આવી છે.

પીપાવાવ કોસ્ટગગાર્ડ સ્ટેશનમાં સીનયર ઓફિસરો ઉપસ્થિત રહ્યા પીપાવાવ કોસ્ટગાર્ડ સ્ટેશન ખાતે ડી.આઈ.જી. શશીકુમારના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજવામા આવ્યો હતો જેમાં ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ પંકજ અગ્રવાલ,કમાન્ડર ડીસ્ટ્રીક હેડક્વાર્ટર પીપાવાવ સુભાષ કપૂર,કમાન્ડિંગ ઓફિસર,APM ટર્મિનલ પીપાવાવ પોર્ટના સી.ઓ.ક્લિન્ટ કર્મીચલ,પીપાવાવ પોર્ટ એડમીન ઓફિસર અંકુર વિશિષ્ટ,અલ્ટ્રાટ્રેક રીતો બન ચૌધરી,દેવેન્દ્ર સિંગ,રાજુલા રેન્જ RFO યોગેશ કળસરીયા,PSI કેડી હડીયા,પીએસઆઈ મહેન્દ્ર સિંહ ગોહિલ,સ્ટેટ અને સેન્ટ્રલ આઈબી અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તુલસીશ્યામ થી પ્રારંભ રાજુભાઇ કરપડા ની સંકલ્પ યાત્રાનો પ્રારંભ થયો

# આજ રોજ સમગ્ર બાબરીયાવાડ દ્વારા શ્યામ ભગવાનને ધ્વજારોહણ અને પ્રસાદ થાળ અને કિસાન સંકલ્પ યાત્રા નો પ્રારંભ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

તુલસીશ્યામ ખાતે ચાર થી પાંચ હજાર જેટલા કિસાનો ઉપસ્થિત હતા ગીર ગઢડા પોલીસે કડક બંદોબસ્ત ગોઠવ્યો હતો મધ્ય ગીરમાં આવેલા શ્યામ ભગવાન એટલે અહીંયા સમગ્ર બાબરીયા વાડ ના શ્યામ ભગવાન ઇષ્ટદેવ છે રાજુભાઈ કરપડા ની વિશાળ સંખ્યામાં કિસાન સંકલ્પ યાત્રા હોવાથી પૂજા આરતી ધ્વજારોહણ અને મહા થાળ બાબરીયા વાડ કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા કર્યું તમામે મહાપ્રસાદ માણ્યો હતો ૧૦:૦૦ કલાકે ભગવાન શ્યામ ભવ્ય ધ્વજારોહણ ચઢાવવામાં આવ્યું હતું આ પ્રસંગે ગુજરાતના ખેડૂત નેતા એવા લોકપ્રિય જેના હૈયામાં ખેડૂતની હમદર્દી હોય તેવા રાજુભાઈ કરપડા એટલે તેઓના શબ્દોમાં પ્રાસંગિક પ્રવચનમાં તો ખેડૂત મારો પરિવાર છે




આ પ્રસંગે રાજુભાઈએ જણાવ્યું કે જ્યારે મેં સંકલ્પ યાત્રા તુલસીશ્યામથી કાઢવાની નક્કી કર્યું ત્યારે લોકો ખેડૂતો કહેતા હતા કે જંગલમાં કોણ આવશે આ તડકામાં પણ મારા મન તો સોમનાથ કે દ્વારકા કરતા ભગવાન શ્યામ મને પૂરી શ્રદ્ધા હતી અને આજે ૪ થી ૫૦૦૦ લોકો બેઠા છે જેથી ખેડૂતોને મારામાં કેટલો વિશ્વાસ છે તે નજર કરો તો આપને ખ્યાલ આવશે તે આપ જોઈ શકો છો મારી યાત્રા શ્યામ ભગવાન સફળ બનાવશે તેમાં મને પૂરેપૂરો વિશ્વાસ છે ખેડૂતના કામ તો હું સદાય કરતો રહીશ આપ માંથી રાજી નામુ આપ્યું એટલે આપ નેતાઓ મને ખરાબ ચીતરવાનો પ્રયાસ કર્યો જ્યારે કોંગ્રેસ ભાજપ એ ખરાબ મારી વિશે કહ્યું નથી આપના નેતાઓએ ખરાબ પ્રયાસ કર્યો હું બિન પક્ષે ખેડૂતોના અન્યાય અને ફાયદા માટે લડું છું અને લડતો રહી માટે કોઈ પાર્ટી મહત્વની નથી મારા માટે તો જગતનો તાત ખેડૂતો મહત્વના છે અને ખેડૂતો મારા હૈયામાં બેઠા છે ખેડૂત પરિવાર માટે પરિવાર માટે લડવું એ મારું કર્તવ્ય છે અને રાજુભાઈ ખેડૂતોની ગમે તેવી મુશ્કેલી કે ખેડૂતોના ખેડૂતોનાનીડર નેતા છે કોઈપણ જ્ઞાતિનો ભેદભાવ વિના કોઈ પણ જગ્યાએ ખેડૂતોને અન્યાય થતો હોય તો રાજુ કરપડા પહેલા હોય પછી અન્યાય સામે લડવા હંમેશા તૈયાર હોય છે.

# આજરોજ 20 માર્ચે વિસ્વ ચકલી દિવસ ના તો આવો એક પાણીનું કુંડું અને માળો ઘર માં જરૂર મુકયે

અમદાવાદ | ઉનાળાની શરૂઆત સાથે પક્ષીઓને પાણી અને આશ્રય મળી રહે તે હેતુથી કાળજાળ ગરમીમાં પક્ષીઓ માટે,પાણીના કુંડા અને ચકલી ઘર ફ્રી... વિતરણ જીવ દયા ફાઉન્ડેશન ના ઠાકોરદાસ ખત્રી દ્વારા સ્વ વિનોદભાઈ મહેતા ની સ્મૃતિમા દાતા શ્રીમતી નયનાબેનવિનોદભાઈ મહેતા મુંબઈ(ધનાલીવાળા)ના સહયોગ થી પાલનપુરમાં દિલ્હી ગેટ, મહાજન દવાખાના સામે બી શારદાપરંતુ મેડિકલ સ્ટોર ની પાસેલોર્કો અબોલ પક્ષીઓ માટે પીવાનાનળ્યા.500 ચકલી ઘર અને પાણી ના 1000 કુંડા નિઃશુલ્ક વિતરણ કરવા માંઆવેલ.જેમાં મોટી સંખ્યા માંલોકો એ પક્ષીઓ પ્રત્યેઉત્સાહ



બતાવી અનેઆવનારી કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે પીવાના.પાણી ની વ્યવસ્થા કરવાનાસંકલ્પ સાથે મોબાઈલ નંબરલખાવી ગ્રૂપ માં દનિકવિડીયો અથવા ફોટા મૂક્તઅન્ય લોકો ને પ્રેરણા રૂપબનીશું,આ પ્રસંગે ગૌતમભાઈ કેલા. ઠાકોરદાસ ખત્રી સમાજ સેવી ડૉ. સુરેન્દ્રભાઈ ગુપ્તા, મનોજભાઈ. પ્રકાશભાઈ ચૌહાણ. દિનેશભાઈ શર્મા. પિન્કીબેન ખડાલીયા સુધાબેન. નીલુ શાહ. ઘનશ્યામભાઈ ખત્રી. અશોકભાઈ પઢીયાર. વિનોદભાઈ મોદી.વગેરે લોકોએઉપસ્થિત રહી જીવદયા ચાપ્રોત્સાહન પૂરું પાડેલ.

# શક્તિપીઠ અંબાજીના ચાચર ચોકમાં ૨૧ અને ૨૨ માર્ચે જામશે સુર-તાલની રમઝટ: 'અંબાજી ઉત્સવ'નું ભવ્ય આયોજન કરાશે

પાલનપુર | યાત્રાધામ અંબાજી ખાતે ચૈત્રી નવરાત્રિના પાવન પ્રસંગે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર, બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે 'અંબાજી ઉત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૨૧ અને ૨૨ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૭:૦૦ કલાકે અંબાજી મંદિરના પવિત્ર ચાચર ચોકમાં આ દ્વિ-દિવસીય સાંસ્કૃતિક મહોત્સવ યોજાશે.આ કાર્યક્રમમાં ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા ભક્તિ સંગીત, લોક ડાયરો અને નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવશે. જેમાં તારીખ ૨૧ માર્ચના રોજ શ્રી માયાભાઈ આહીર, ઈન્દિરાબેન શ્રીમાળી અને રમિંદર ખુરાના જેવા કલાકારો ભક્તિરસ પીરસશે, જ્યારે ૨૨ માર્ચના રોજ શ્રી દીપક જોષી અને અનિતાબેન પટેલ સહિતના કલાકારો લોક ગાયન અને રાસ-ગરબાની રમઝટ બોલાવશે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ માઈભક્તોને આ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે તેમ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજીના વહીવટદાર અને અધિક કલેક્ટર શ્રી કૌશિક મોદીએ અખબાર યાદીમાં જણાવ્યું છે.

# પાલનપુર ખાતે 'પોષણ સંગમ' વર્કશોપ દ્વારા કુપોષણ મુક્ત બનાસકાંઠાના સંકલ્પને વેગ અપાયો

પાલનપુર | બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવેના અધ્યક્ષસ્થાને પાલનપુર ખાતે પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લા પંચાયતની આઇ.સી.ડી.એસ. શાખા દ્વારા આયોજિત આ વર્કશોપમાં વિવિધ વિષય પર માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ અતિ ગંભીર કુપોષિત બાળકોના સમુદાય આધારિત વ્યવસ્થાપન દ્વારા તેઓને કુપોષણમુક્ત કરવાનો છે. રાજ્ય સરકાર દ્વારા અમલી આ 'પોષણ સંગમ' અભિયાન અંતર્ગત આરોગ્ય અને આઇ.સી.ડી.એસ. વિભાગના સંયુક્ત પ્રયાસો પર ભાર મૂકવામાં



આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.જે. દવેએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લો કુપોષણમાંથી સંપૂર્ણપણે બહાર આવે તે માટે બંને વિભાગોએ ટીમ વર્ક સાથે કામ કરવું અનિવાર્ય છે. તેમણે બાળકોને કુપોષણમુક્ત કરવાની વિવિધ પદ્ધતિઓ અને વ્યુહરચના અંગે પણ ઊંડાણપૂર્વક સમજૂતી આપી હતી.નોંધનીય છે કે, 'પોષણ સંગમ' કાર્યક્રમના સઘન અમલીકરણને કારણે બનાસકાંઠા જિલ્લામાં હકારાત્મક પરિણામો જોવા મળ્યા છે.

# કેશોદ અને બાંટવા નગરપાલિકાની તા.૨૩મી માર્ચે પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ કરાશે : મતદારો દાવા -અરજી કરી શકશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૦ રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના ભાગરૂપે કેશોદ નગર પાલિકાની સામાન્ય ચૂંટણી અને બાંટવા નગરપાલિકાના વોર્ડ નં. ૩ ની પેટાચૂંટણી માટેની મુસદ્દારૂપ ફોટાવાળી મતદારયાદી આગામી તા.૨૩/૦૩/૨૦૨૬ના રોજ પ્રાથમિક તબક્કે પ્રસિદ્ધ કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયાના સુચારુ સંચાલન અને પારદર્શિતા માટે આ યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. તાજેતરમાં જાહેર કરાયેલ સત્તાવાર વિગતો મુજબ, આગામી તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ નગરપાલિકાઓની આ ફોટાવાળી મુસદ્દારૂપ મતદારયાદી જે-તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની મુખ્ય કચેરીએ, તમામ વોર્ડ ખાતે તેમજ મતદાર નોંધણી અધિકારી અથવા મદદનીશ મતદાર નોંધણી અધિકારી ની કચેરીએ પ્રસિદ્ધ કરવામાં આવશે. કેશોદ અને બાંટવા નગરપાલિકા વિસ્તારના તમામ મતદારો આ કચેરીઓ ખાતે ઉપલબ્ધ યાદી માં પોતાના નામની ચકાસણી કરી શકશે.

# જૂનાગઢમાં જગમાલ ચૉક ખાતે નિ:શુલ્ક છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૦. આ વર્ષે ઉનાળો વહેલો શરૂ થતા જૂનાગઢમાં જગમાલ ચૉકમા મફત છાશ વિતરણ કેન્દ્ર તા. 20-3-2026 થી શરુ કરવામાં આવેલ છે, આ મફત છાશ વિતરણ કેન્દ્રમા સૌ પ્રથમ નિતાબૅન સુરૅશભાઇ ગાંધી તરફથી દર વર્ષની મુજબ રૂપિયા 21000/ આપી અનૅ લાભ લૅવામા આવૅ છૅ નિતાબૅન સુરૅશભાઇ ગાંધીનૅ કૉરૉના થયૅલ ત્યારૅ તૅમણૅ ચાલુ કૉરૉના ઍ સંકલ્પ કરૅલ કૅ જગમાલ ચૉકમા છાશ વિતરણ કૅન્દ્ર શરૂ થશે.

# જૂનાગઢમાં તા. ૨૧ અને ૨૨ માર્ચે 'મિલેટ મહોત્સવ અને ફાર્મર માર્કેટ-૨૦૨૬'નું ભવ્ય આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૦ જૂનાગઢમાં તા.૨૧ અને ૨૨ માર્ચે 'મિલેટ મહોત્સવ અને ફાર્મર માર્કેટ-૨૦૨૬'ને રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગ ના તથા જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ડો.પ્રદ્યુમન વાજા ખુલ્લો મુકશે. શહેરમાં સરદાર બાગ પાસે, ઝાંસીની રાણી સર્કલ સામેની હવેલી વાડી ખાતે બે દિવસીય મિલેટ મહોત્સવ અને ફાર્મર માર્કેટ-૨૦૨૬નો તા.૨૧ માર્ચના સવારે ૧૦ કલાકે પ્રારંભ થશે. સવારે ૧૦થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી મિલેટ મહોત્સવ પ્રદર્શન યોજાશે જ્યારે સાંજે ૭ થી ૧૧ વાગ્યા સુધી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

જૂનાગઢમાં યોજાનાર બે દિવસીય મિલેટ મેળામાં ૪૯ જેટલા સ્ટોલ્સના માધ્યમથી વેચાણ પ્રદર્શન રાખવામાં આવશે. ખાસ કરીને આ સ્ટોલ્સના માધ્યમથી જુદા જુદા પરંપરાગત મિલેટ્સમાંથી બનતી જુદી જુદી પ્રોડક્ટ - વાનગીઓ ઉપરાંત મિલેટ્સ થતા આરોગ્યના ફાયદાઓને ઉજાગર કરવામાં આવશે.

# સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ડો.પ્રદ્યુમન વાજા તા.૨૧ માર્ચના જૂનાગઢ જિલ્લાના પ્રવાસે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તારીખ,૨૦ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ડો.પ્રદ્યુમન વાજા તા.૨૧ માર્ચના જૂનાગઢ જિલ્લાના પ્રવાસે પધારનાર છે. મંત્રીશ્રી સવારે ૧૦ કલાકે હવેલી વાડી, ઝાંસીની રાણી સર્કલ પાસે, સરદારબાગ, જૂનાગઢ ખાતે આયોજિત મિલેટ મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. બપોરે ૧૨ કલાકે જૂનાગઢ મહાનગર સંગઠનની બેઠકમાં, સર્કિટ હાઉસ, જૂનાગઢ ખાતે ઉપસ્થિત રહેશે.

# ગુજરાત ગૌરવ એવોર્ડ ૨૦૨૫ માટે યોગ્ય ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૦ જૂનાગઢ જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા ગુજરાત રાજ્યમાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા માટે 'ગુજરાત ગૌરવ એવોર્ડ -૨૦૨૫ માટે અરજીઓ આમંત્રિત કરવામાં આવી છે. આ એવોર્ડ હેઠળ રમતગમત, શિક્ષણ, સામાજિક સેવા, કલા-સંસ્કૃતિ, સાહિત્ય તેમજ અન્ય ક્ષેત્રોમાં ઉત્તમ કામગીરી કરનાર પ્રતિભાશાળી વ્યક્તિઓ/સંસ્થાઓને માન્યતા આપવામાં આવશે. જિલ્લાના તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, પોગ્ય ઉમેદવારીના નામો સુચવવા વિનંતી કરવામાં આવે છે. દરખાસ્ત સાથે ઉમેદવાર ની સંપુર્ણ માહિતી નામ, જન્મતારીખ અને ઉમર, જન્મ સ્થળ, હાલનુ ટપાલનું સરનામું ધંધો/નોકરી (સરકારી કર્મચારીના કિસ્સામાં હોદ્દો અને કચેરીનું સરનામુ), કામગીરીનું ક્ષેત્ર, ભૂતકાળમાં રાજ્યકક્ષાના કે અન્ય કોઈ એવોર્ડ/સન્માનપત્ર આપવામાં આવ્યા હોય તો તેની વિગત, ભુતકાળમાં કોઈ એવોર્ડ માટે દરખાસ્ત મોકલવામાં આવી હોય તો તેની વિગત જે કામગીરી/પ્રવૃત્તિ માટે ભલામણ કરવામાં આવી છે.

# નખત્રાણા ખાતે પૂજ્ય દરિયાલાલ દેવની 853મી જન્મ જયંતી ભક્તિભાવપૂર્વક ઉજવાઈ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

શ્રી નખત્રાણા લોહાણા મહાજન દ્વારા ઈષ્ટદેવ પરમ પૂજ્ય શ્રી દરિયાલાલ દેવની 853મી જન્મ જયંતી ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવી હતી. શુક્રવારે સવારે 8:00 વાગ્યે દરિયા સ્થાન મંદિર ખાતે પૂજારી રમેશભાઈ જોશી દ્વારા વિધિવત પૂજન, ધ્વજારોહણ તેમજ આરતીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા.આ પ્રસંગે સવારથી જ દરિયાલાલ બાપાના મંદિરે ભક્તિભાવપૂર્ણ વાતાવરણ સર્જાયું હતું. સેવાકીય કાર્યક્રમ અંતર્ગત ગૌસેવા માટે લીલા ચારા નું વિતરણ કરવામાં આવ્યું હતું. સાંજે 5:00 વાગ્યે ઓરકેસ્ટ્રાના સંગાથે "આયો લાલ ઝુલેલાલ" ના જયઘોષ સાથે ભવ્ય શોભાયાત્રા દરિયાલાલ મંદિરથી નીકળી નગરના મુખ્ય માર્ગો પર ફરી અને વથાણ સ્થિત ખેતરપાળ મંદિરે આરતી કરવામાં આવી. ત્યારબાદ ફરી દરિયાલાલ મંદિરે આરતી યોજાઈ.સંસ્થાના પ્રમુખ રાજેશ પલણ તથા મહામંત્રી નીતિનભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો. સવારના સમયમાં નાના નખત્રાણા, નવાનગર, શ્રી સાઈ જલારામ મંદિર, મણીનગર સહિત આજુબાજુના વિસ્તારોમાં ગૌમાતાને લીલા ચારા નું નિરણ કરવામાં આવ્યું હતું.

# વિશ્વ ચકલી દિવસ નિમિત્તે દયાપર ઉત્તર રેન્જ દ્વારા પાણીના કુંડાનું વિતરણ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે કચ્છ પશ્ચિમ વન વિભાગ દ્વારા દયાપર ઉત્તર રેન્જ વિસ્તારમાં પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી નાયબ વનસંરક્ષક શ્રી હર્ષ ઠક્કર સાહેબના માર્ગદર્શન હેઠળ હાથ ધરાઈ હતી.

ઉનાળાની ગરમીને ધ્યાનમાં રાખી ચકલી સહિત અન્ય પક્ષીઓને પાણી સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુથી આ પહેલ કરવામાં આવી હતી. પર્યાવરણ સંરક્ષણ અને પક્ષીપ્રેમને પ્રોત્સાહન આપતી આ કામગીરીને લોકોએ વખાણી હતી.

કાર્યક્રમ દરમિયાન દયાપર ઉત્તર રેન્જના આર.એફ.ઓ. શ્રી પી.જે. આશરા, રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર શ્રી પી.એમ. ધારવા, હરિભાઈ ચૌધરી, દેવીદાન ગઢવી, વન રક્ષક શ્રી માયાભાઈ ભીલ તેમજ રાકેશ પટણી સહિતના સ્ટાફ સભ્યો હાજર રહી કામગીરી સફળ બનાવી હતી.

# રવાપર મધ્યે પરમ પૂજ્ય દરિયાલાલ બાપાની જન્મ જયંતિની ઉમંગ ભેર ઉજવણી કરાઈ

મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના રવાપર મધ્યે પરમ પૂજ્ય દરિયાલાલ બાપાની ૮૫૩ મી જન્મ જયંતિની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી.મુખ્ય યજમાન સ્વ. વિશનજી દામજી રૂપારેલના નિવાસ્થાનથી નિકળેલી રવાડીમાં લોહાણા મહાજનના મોટી સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા.શિવમંદિર સ્થિત પૂજ્યશ્રી દરિયાલાલ બાપાના મંદિરે પૂજા ,અર્ચના તેમજ મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતા. બપોરે સમૂહ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રવાપર લોહાણા મહાજન પ્રમુખ શ્રી અશ્વિન ભાઈ રૂપારેલ, રતનશીભાઈ ચંદન, શંકરભાઈ ચંદન, શંભુ ભાઈ ચ ંદ ન , ધ ર મ શી ભ ા ઈ સચદે,હરેશભાઈ ચંદન રવાપર ગામના યુવા સરપંચ પરેશભાઈ રૂપારેલ, મહેશભાઈ રૂપારેલ, હરેશભાઈ રૂપારેલ, નિલેશભાઈ રૂપારેલ, પ્રતાપભાઈ સચદે, સૌરવ રૂપારેલ,જીત રૂપારેલ, વિવેક રૂપારેલ, તેજસ સચદે, વિલેશ રૂપારેલ, સહિત મોટી સંખ્યામાં જ્ઞાતીજનો જોડાયા હતા. આચાર્યપદે પ્રકાશભાઈ જોશી રહ્યા હતા. જ્ઞાતિજનો પોતાના કામકાજથી અળગા રહ્યા હતા એવું રવાપર લોહાણા મહાજન પ્રમુખ શ્રી અશ્વિન ભાઈ રૂપારેલની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# મિશન "ડાકણ" સફળતા કે નિષ્ફળતા..સમજવું અઘરું હતું

મિશન 'ડાકણ' સફળતા કે નિષ્ફળતા.. સમજવું અઘરું હતું. સિગારેટ કાશ લઈને આકાશ તરફ ધૂમાડા છોડી રહેલ સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ નું ટેન્શન વધી રહ્યું હતું.બેત્રણ સિગારેટ ના પેકેટ રાખ કરતા કરતા સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ વિચરતા હતા કે આજ થી પાંત્રીસ વર્ષ પહેલા ગફાર ખાન અને એના ભાઈ હારુન ની ખંડણી,બે નામી અઢળક સંપતિ અને કિલર માફીયા વગેરે જેવા અસંખ્ય બેનામી ધંધા ને લીધે યુ.પી ની નવી સરકાર એ એના ધંધા પર ગાજ વરસાવવાનું શરૂ કર્યું. ખાસ તો ગફાર ખાન ના સોળ વર્ષના દીકરો નુ બંગાળ અને બાંગ્લાદેશની બોર્ડર વચ્ચે તસ્કરી ના મામલે એન્કાઉન્ટર થતા ગફાર ખાન એ એના ભાઈ સાથે સ્ટેન્ડર કર્યું હતું..અચાનક ગફાર ખાન અને એના ભાઈ હારુન તબિયત નું બહાનું ધર્યું ત્યારે પોલીસ ના કાફલા વચ્ચે બન્ને ભાઈઓને સરકારી હોસ્પિટલમાં લાવ્યા હતા. હોસ્પિટલ માંથી ગફાર ખાન અને હારુન ને લઈને પોલીસ મુખ્ય ગેટ માંથી બહાર નીકળી રહી હતી ત્યારે અચાનક ચાર પાંચ અજાણ્યા શખ્સોએ વિદેશી પિસ્તોલ માંથી ચાર પાચ રાઉન્ડ ગોળબાર કરીને કરી બન્ને ભાઈઓનું કાસળ કાઢી નાખ્યું. ત્રણેય ની ધરપકડ બાદ કોર્ટ માં કાર્યવાહીઓ લાંબી ચાલી પરંતુ એન એસ એ અને સીબીઆઈ ને કશુંય મળવા કરતા ગેર ફાયદા એ થયો કે પોલીસ વિભાગ નું ફોક્સ 'ચાર પાંચ ગફાર ખાન અને હારુન નું ખૂન કરનારા લવરમુછીયા કિલર'પર થતા મોકાનો ફાયદો ઉઠાવીને 'ગફાર ખાન ના ધંધાની પાર્ટનર કાતિલ મુનમુન બેગમ માલ મુદ્દો અને સબૂતો સાથે પાકિસ્તાન ફરાર થઇ ગઈ હતી' ..છેલ્લા ૨૫ વર્ષ થી ફરાર મુનમુન બેગમ ના કાંડ એના પતિ ગફાર ખાન કરતા પણ ભયાનક હતા.

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ એ ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ ની સામે જોતા કહ્યું કે 'ડાકણ' ની તાકાત ગફાર ખાન અને હારુન ના એન્કાઉન્ટર બાદ કમજોર પડવા ને બદલે વધી છે..આની પાછળ નું કારણ શું? ગફાર ના મૃત્યુ ને ૩૫ વર્ષ થયા બાદ પણ બેગમની ઉંમર અને તાકાત ઘટવા ને બદલે વધી રહી છે. બે દિવસ પહેલા આરસી એ મોકલેલ સી.સી ટીવી રેકોર્ડિંગ ચેક કરતા લાગે છે કે 'ડાકણ મિશન' ને હાંસિલ કરવા ટેકનીક બદલવી પડશે. માન્યું કે એણે જે તે સમય એ ભ્રષ્ટાચારી પોલીસ અધિકારીઓ અને અમુક નેતાઓના ખિસ્સા ધનથી ભરીને છ છોકરાઓ અને એક દીકરી સહિત દેરાણી ના પરિવાર ને પણ લંડન શિફ્ટ કરી દીધા હતો. મોટા મોટા વેપારી માફીયા ઓ આશ્રય સ્થાન લંડન છે સરકાર ની લાખ પ્રત્યારોપણ ની માંગણી છતાંય જનતા પર લુંટ ચલાવી ને ભાગી છૂટેલ લંડન માં એશોઆરામ ની લાઈફ વિતાવી રહ્યા છે એટલે ત્યાંથી સાબિતી મળવી અશકય છે. પરંતુ દરેક ગુનેગાર એની પાછળ કંઈક ને કંઈક સબૂત છોડીને જતો હોય છે..ડાકણ મિશન અંતર્ગત બેગમ ની પાછળ રખડી રખડી ને'જાસૂસો' ને દફન કરવાના બદલે બેગમ ને ફસાવવા એવી જાળ રચવી પડશે ને કે એ ખુદ ભારત આવીને શરણાગતી સ્વીકારશે..

ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ એ ઊંડો નિસાસો નાખતા કહ્યું કે સર, કાતિલ બેગમ ની શોધમાં ૩૫ વર્ષ ના અંતે કમ સે કમ પચાસ હજાર થી વધારે ગુપ્તચર સંસ્થા ના જાસૂસો શહીદ થયા છે. કદાચ તુર્કી માં આરસી મેડમ અને રવિકાન્ત સર પણ.. અત્યાર સુધીમાં ડાકણ ની નજર નીચેથી આરસી મેડમ બચ્યા નહી હોય..એ ખૂબ ચાલક છે જમીન પર પગ પણ ચાલાકી થી રાખે છે એટલે કદાચ આરસી મેડમ પર એને શક વધ્યો હોય શકે છે.મૂન મૂન બેગમ ના બોડીગાર્ડ સુલતાન સાથે રવિકાન્ત દુબે ની દોસ્તી સારી છે એટલે કદાચ ત્યાંથી નીકળવાનો માર્ગ ૦.૧ ચાન્સ જેટલો લાગે છેસીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ અને ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ સ્મોકિંગ પ્લેસ માં એકબીજા સાથે વાત કરવા માં મશગુલ હતા ત્યાં મોબાઈલ ની સ્ક્રીન પર અજાણ્યો નંબર ફ્લેશ થતા રિંગ વાગી..



મર્ડર મિસ્ટ્રી કેસ ભાગ ૮૯

- રુપાલી દવે

કોણ?

કોનો?

મને કેવી રીતે ઓળખે?

વગેરેવગેરે અસંખ્ય વિચારો સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ના માનસપટ પર દોડવા લાગ્યા.

ફોન પિક થતાંજ..

એલા!!ઓઇ કેમ ફોન નથી પિક કરતા?

ભૂલી ગયા

કે

નામ સેવ કરવાનું ભૂલી ગયો..

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ને ભૂલ કરવી કે માણસ ને ભૂલી જવા કેવી રીતે પોસઈ?

વજનદાર લેડીઝ અવાજ કાને પડતાં જ સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ને લાગ્યું કે અવાજ તો ઓળખાય ગયો પણ નામ યાદ આવતું નહતું.

કોણ હશે?

વજનદાર અવાજે લેડીઝ બોલી કે અરે!! જમાઈ રાજ આટલું જલ્દી ભૂલી ગયા.મારી દીકરી મયુરી તમારી ગુનેગાર હતી પણ મેં તો તમારો ગુનો કર્યો નથી..ચાલીશ વર્ષ ના મયુરી સાથેના લગ્ન જીવનમાં "પરિવાર" બની ચૂક્યા હતા. કાયમ તમે મને "મા" નો દરજ્જો આપ્યો છે એટલે મયુરી નો અપરાધ "દગો" ક્યારેય કોઈના પણ માટે માફ કરવો અશક્ય છે.

નીલાદેવી એ જમાઈ ને મીઠો ઠપકો આપતા શિખામણ આપી કે પ્રદ્યુમ્ન!!મયુરી ને એના દેશદ્રોહી ના કામ ની સજા મળી ચૂકી છે આગળ વધી ને લાઈફ ને પુનઃ નવી તક આપો બધી સ્ત્રીઓ મયુરી જેવી નથી હોતી..

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ધીમેથી બોલ્યા કે સોરી મમ્મીજી, ફ્રી થાવ ત્યારે ફોન કરીશ અત્યારે કામમાં સખત વ્યસ્ત છું.

નીલા દેવી એ જમાઈ ને કહ્યું કે ચોક્કસ વાત કરજો પણ જેના માટે ફોન કર્યો હતો એ કહેવાનું ભૂલાઈ ગયું મયુરીનો કબાટ સાફ કરતા એના લોકર માંથી "સિક્રેટ" લખેલી ફાઈલ મળી આવી છે..કદાચ તમારા કામ ની હોય એવું મને લાગતા ફાઈલ ઓફિસ ના સરનામે કુરિયર કરી છે..

ફોન કટ થયા બાદ સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ બોલ્યા કે "સિક્રેટ લખેલ ફાઈલ" નું મુંબઈ પોંહચવુ શું સંકેત કરે છે?સિક્રેટ?

ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ ને કાને "સિક્રેટ" શબ્દ સાંભળતા જ એ બોલ્યા કે સર, મૃત્યુ પામ્યા ત્યારે મેડમનો લાસ્ટ શબ્દ "સિક્રેટ" હતો. મેડમ અને મુનમુન બેગમ ની નજદીકી વધારે હતી,શું ખબર કદાચ તમે જે ટ્રેપ રચવા માંગો છો એનો નકશો "સિક્રેટ ફાઈલ" માં હોય..

..

ભારતીય જાસૂસ આરસી ઉર્ફ ઝૂરી ની સામે કાતિલ નજર કરીને મુનમુન બેગમ બોલ્યા કે

"ઉમ્મીદ પર દુનિયા કાયમ હૈ..

તુમ બતાવો સચ હૈ યા ઝૂઠ,

મારના તો એક દિન સભી કો હૈ તો આજ ક્યું નહી?"

આરસી ઉર્ફ ઝૂરી એ એના મોહક સ્માઈલ નો જાદુ બેગમ ના દિલો દિમાગમાં પ્રસરાવતા મીઠા સ્વરે શાયરના અંદાજ માં જવાબ આપતા કહ્યું કે

પ્યાસે સે ક્યું ઉમ્મીદ કરું?

પ્યાર સે જો મિલા મંજૂર હૈ..


મંજૂર હૈ..મંજૂર હૈ..

મુનમુન બેગમ ભૂલી ગયા કે એણે દુશ્મન ને ક્રૂર સજા આપવા નિમંત્રિત કરી હતી એના કાને ઝૂરી ના મીઠા અવાજ માં શાયરી પડતા જ ખુશી માં તાળીઓ પાડી..

પ્રેમ ભાન ભૂલાવે છે પ્રેમ એ સાન પણ ભૂલાવે છે મનોમન બોલતા બોલતા ઝૂરી એ એનો જાદુ બેગમ ના દિલો દિમાગમાં મિનિટો માં ફેલાવવી તો દીધો પણ..

# 'ધુરંધર 2'ની પહેલા જ દિવસે ₹102 કરોડની કમાણી

## હિન્દી ફિલ્મ જગતની પહેલી મૂવી બની; શાહરુખની 'જવાન'નો રેકોર્ડ તોડ્યો; પેડ પ્રીવ્યૂ સહિત કુલ ₹144 કરોડ કમાયા




(એજન્સી) મુંબઈ | તા.20

રણવીર સિંહ સ્ટારર ફિલ્મ 'ધુરંધર: ધ રિવેન્જ' એટલે કે 'ધુરંધર 2' એ રિલીઝ થતાં જ પહેલા દિવસે શાહરુખ ખાનની 'જવાન'નો રેકોર્ડ તોડી નાખ્યો છે. ફિલ્મ પહેલા દિવસે જ સૌથી 100 કરોડ ક્લબમાં સામેલ થનારી પહેલી ફિલ્મ બની ગઈ છે.

ટ્રેડ એનાલિસ્ટ્સ અનુસાર, ફિલ્મે પહેલા દિવસે 102.55 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. આ પહેલા 2023માં આવેલી 'જવાન' એ પહેલા દિવસે 75 કરોડ રૂપિયા કમાયા હતા.

'ધુરંધર 2' એ પેઈડ પ્રિવ્યૂમાં ભારતમાં 43 કરોડ રૂપિયાનો કારોબાર કર્યો હતો. પેઈડ પ્રિવ્યૂ અને ઓપનિંગ ડેને ભેગા કરીને ફિલ્મની કુલ કમાણી 144 કરોડ રૂપિયા પર પહોંચી ગઈ. ટ્રેડ પોર્ટલ સેકનિલ્ક અનુસાર, પહેલા વીકએન્ડ માટે 200 કરોડ રૂપિયાની એડવાન્સ બુકિંગ નોંધવામાં આવી છે. સામાન્ય રીતે 40-50% સીટો એડવાન્સ બુક થાય છે. આવા સંજોગોમાં અનુમાન છે કે ગુરુવારથી રવિવાર સુધી ફિલ્મનો બિઝનેસ 500 કરોડ રૂપિયાને પાર જઈ શકે છે.

'ધુરંધર: ધ રિવેન્જ'ની અવધિ 3 કલાક 49 મિનિટ છે, જે તેને 21મી સદીની બીજી સૌથી લાંબી બોલિવૂડ ફિલ્મ બનાવે છે. આ પહેલા 2003માં આવેલી જેપી દત્તાની 'એલઓસી કારગિલ' 4 કલાક 15 મિનિટ સાથે સૌથી લાંબી ફિલ્મ છે. ફિલ્મનું ઈન્ટરનેશનલ વર્ઝન 3 કલાક 55 મિનિટનું છે.

### પહેલા દિવસના કલેક્શનનો ઓલ ટાઈમ રેકોર્ડ

| | |
|---|---|
| ધુરંધર-2 (2026) | ₹102.55 |
| જવાન (2023) | ₹75 |
| પુષ્પા 2: ધ રૂલ (2024) | ₹72 |
| એનિમલ (2023) | ₹63.80 |
| પઠાણ (2023) | ₹57 |
| સ્ત્રી-2 (2024) | ₹55.40 |

નોંધ: અંદાજિત કલેક્શન (રકમ કરોડમાં)

### 'ધુરંધર'ને શાનદાર રિસ્પોન્સ મળ્યો હતો

નોંધનીય છે કે, ફિલ્મ 'ધુરંધર'ના પહેલા ભાગે ભારતમાં તેમજ આંતરરાષ્ટ્રીય બૉક્સ ઓફિસ પર પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ફિલ્મે દુનિયાભરમાં લગભગ 1,303 કરોડની કમાણી કરી. ભારતમાં ફિલ્મનું ગ્રોસ કલેક્શન 1,005.85 કરોડ રહ્યું, જ્યારે નેટ કલેક્શન લગભગ 836.95 કરોડ થયું. આ સાથે જ તે ભારતમાં સૌથી વધુ કમાણી કરનારી હિન્દી સિંગલ-લેંગ્વેજ ફિલ્મ બની ગઈ. વિદેશી બજારોમાં પણ ફિલ્મ 'ધુરંધર'ને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. ઓવરસીઝમાં તેણે લગભગ 299.5 કરોડનો કારોબાર કર્યો. ખાસ કરીને અમેરિકા અને કેનેડામાં ફિલ્મે 193.06 કરોડથી વધુની કમાણી કરીને 'બાહુબલી 2'નો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો. રસપ્રદ વાત એ છે કે આ મોટી સફળતા ફિલ્મને ત્યારે મળી, જ્યારે તેને ખાડી દેશોમાં રિલીઝ કરવાની મંજૂરી મળી ન હતી.

આ ઉપરાંત 'ધુરંધર' ભારતીય સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી 'A' રેટેડ ફિલ્મ પણ બની ગઈ છે. નોંધનીય છે કે, ધુરંધર 2માં રણવીર સિંહ, અર્જુન રામપાલ, સંજય દત્ત અને આર માધવન છે. ફિલ્મને આદિત્ય ધરે લખી, ડિરેક્ટ અને પ્રોડ્યુસ કરી છે. આ ઉપરાંત જ્યોતિ દેશપાંડે અને લોકેશ ધર પણ ફિલ્મના પ્રોડ્યુસર છે. ફિલ્મને જિયો સ્ટુડિયોઝે પ્રેઝન્ટ કરી છે અને તે B62 સ્ટુડિયોઝના બેનર હેઠળ બની છે.

# મનીષ મલ્હોત્રાના માતાનું અવસાન...

## કરણ જોહર, રોનિત રોય, વિજય વર્મા, ફાતિમા સના શેખ સહિતના સેલેબ્સ અંતિમ સંસ્કારમાં પહોંચ્યાં

(એજન્સી) મુંબઈ | તા.20

પ્રખ્યાત ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રાના માતા ગરિમા મલ્હોત્રાનું ગુરુવારે નિધન થયું. 94 વર્ષની ઉંમરે તેમણે અંતિમ શ્વાસ લીધાં. તેમના અંતિમ સંસ્કાર આજે મુંબઈમાં કરવામાં આવશે.

આ સમાચાર સામે આવ્યા બાદ, કરણ જોહર, કરિશ્મા કપૂર, ઐશ્વર્યા રાય બચ્ચન, અભિષેક બચ્ચન, રવીના ટંડન, વરુણ ધવન અને કિયારા અડવાણી સહિત ઘણા બોલિવૂડ સેલેબ્સ સંવેદના વ્યક્ત કરવા મનીષ મલ્હોત્રાના ઘરે પહોંચ્યાં. મનીષની ટીમે એક સત્તાવાર નિવેદન જાહેર કરીને ગરિમા મલ્હોત્રાના નિધનની પુષ્ટિ કરી.

નિવેદનમાં જણાવાયું હતું કે, અમે અમારા પ્રિય માતા શ્રીમતી ગરિમા મલ્હોત્રાના નિધનની જાણકારી આપી રહ્યા છીએ. તેઓ 94 વર્ષના હતાં. તેમણે લાંબુ અને સુખી જીવન જીવ્યું. તેઓ પોતાની પાછળ ઘણી બધી મીઠી યાદો અને સ્વજનોનો પ્રેમ છોડી ગયા છે. તેમના આશીર્વાદ હંમેશા અમને માર્ગદર્શન આપતા રહેશે. તેમના અંતિમ સંસ્કાર 20 માર્ચ 2026ના રોજ સવારે 10 વાગ્યે કરવામાં આવશે. અમે સૌને વિનંતી કરીએ છીએ કે તેમને શ્રદ્ધાંજલિ આપવા અને અંતિમ વિદાયમાં સામેલ થવા પધારો. ૐ શાંતિ.



નોંધનીય છે કે, મનીષ પોતાની માતાની ખૂબ નજીક હતા અને અવારનવાર સોશિયલ મીડિયા પર તેમની તસવીરો શેર કરતા હતા. ગયા વર્ષે તેમણે પોતાની માતાનો જન્મદિવસ પોતાના ઘરે ધામધૂમથી ઉજવ્યો હતો. સેલિબ્રેશનની તસવીરો શેર કરતા તેમણે લખ્યું હતું, 'હેપ્પી બર્થડે, મોમી ડિયરેસ્ટ' આ ઉપરાંત, તેની એક જૂની મધર્સ ડે પોસ્ટમાં મનીષે તેની માતાને તેની તાકાત, પ્રેરણા અને સાથી ગણાવ્યા હતા.

# ડોરેમોન કાર્ટૂનના દિગ્દર્શક સુતોમૂનું 84 વરસની વયે નિધન

મુંબઇ : બાળકોની લોકપ્રિય એનિમેશન સીરીઝ ડોરેમોન કાર્ટૂનના દિગ્દર્શક શિબાયામા સુતોમૂનું ફેંફસાના કેન્સરના કારણે ૮૪ વરસની વયે નિધન થઇ ગયું છે. ૨૦ વરસ સુધી તે આ સીરીઝ સુધી જોડાયેલા હતા.

તેમના નિધનના સમાચાર અજિયા-ડો એનિમેશ વર્કને ૧૭ માર્ચના ઘોષણા કરી હતી કે, તેમનું નિધન ૬ માર્ચના રોજ થઇ ગયું હતું. તેઓ જાપાનમાં ફાધર ઓફ નેશનલ એનિમેશન તરીકે જાણીતા હતા. તેમણે ૧૯૭૯માં ડોરેમોન સીરીઝનુ દિગ્દર્શનની શરૂઆત કરી હતી. આ ઉપરાંત તેમણે આ જ ફ્રેન્ચાઈઝ પરઆધીરિત ૨૨ ફીચર ફિલ્મોનું દિગ્દર્શન પણ કર્યું હતું. તેમના અંતિમ સંસ્કારમાં વધુ લોકોને ભેગા કરવાનું પરિવારને મન ન હોવાથી તેમની અંતિમ ક્રિયામાં માત્ર પરિવારજનો જ સામેલ હતા.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૨માં જાપાનના કલ્ચરલ અફેયર્સ એજન્સીએ અનિમેશનની દુનિયામાં યોગદાન માટે તેમને લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા હતા.

# અનિલકપૂરનો ડ્રેગન ફિલ્મમાં વિલનના રોલ માટે સંપર્ક કરવામાં આવ્યો



મુંબઇ : ફિલ્મ ડ્રેગનના દિગ્દર્શક અને અનિલ કપૂરહાલ મુંબઈમાં સાથેજોવા મળ્યા હતા. ત્યારથી અભિનેતા ડ્રેગન ફિલ્મમાં વિલનના રોલમાં કામ કરવા માટે વાતચીત કરી રહ્યો હોવાની ચર્ચા છે. જોકે સત્તાવાર રીતે ઘોષણા કરવામાં આવી નથી. ડ્રેગન ફિલ્મમાં જુનિયર એનટીઆર મુખ્ય રોલમાં જોવા મળવાનો છે. પહેલા આ ફિલ્મ જુન મહિનામાં રિલીઝ કરવાની યોજના હતી પરતુ હવે ૨૦૨૬ના અંતિમ મહિનાઓમાં રિલીઝ કરવાની યોજના છે.

થોડા સમય પહેલા ૨૦૨૬ની આવનારી ફિલ્મોમાં ડ્રેગનનો ઉલ્લેખ હતો. અનિલ કપૂરે ત્યારે જ ફોટો શેર કરીને ફિલ્મમાં પોતાની એન્ટ્રી કન્ફર્મ કરી હતી.

જોકે ત્યારે પણ ફિલ્મસર્જકે આ બાબતે ચૂપકીદી સેવી હતી. ઉલ્લેખનીય છે કે, ધૂરંધર ટુ માટે પણ અનિલ કપૂરનો સંપર્ક કરવામા આવ્યો હતો. પરંતુ તેની પાસે ફિલ્મના શેડયુલ માટે તારીખો ન હોવાથી તેણે આ ફિલ્મ સ્વીકારી નહોતી.

# 'ટટીરી' ગીત વિવાદમાં બાદશાહને હાઈકોર્ટમાંથી રાહત

## ધરપકડ પર રોક લગાવી, મહિલા આયોગે કહ્યું- 'પહેલા જ હાજર થયો હોત તો આ સ્થિતિ ન આવત'

(એજન્સી) મુંબઈ | તા.20

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે 'ટટીરી સોંગ' વિવાદમાં ફસાયેલા સિંગર બાદશાહની ધરપકડ પર રોક લગાવી દીધી છે. જોકે કોર્ટે શરત મૂકી કે બાદશાહે પોતે તપાસમાં સહયોગ કરવો પડશે.

હરિયાણા રાજ્ય મહિલા આયોગે 13 માર્ચે પાણીપતમાં બાદશાહની ધરપકડના આદેશ આપ્યા હતા, જેના પછી ગુરુવારે સિંગરને હાઈકોર્ટમાંથી રાહત મળી. અમે પણ એ જ ઈચ્છતા હતા કે બાદશાહ તપાસમાં સામેલ થાય. નોટિસ પછી સિંગર મીટિંગમાં આવતા તો આ સ્થિતિ ન આવતી.

બાદશાહનું 'ટટીરી' સોંગ 1 માર્ચે રિલીઝ થયું હતું. સોંગ રિલીઝ થવાની સાથે જ તેમાં બાદશાહના લિરિક્સ અને છોકરીઓના સીનને લઈને ઘણા સામાજિક સંગઠનોએ વાંધો ઉઠાવ્યો હતો. આ પછી પંચકુલા પોલીસે સોંગને યુટ્યુબ પરથી હટાવી દીધું. જીંદમાં 2 અને પંચકુલામાં એક FIR નોંધાઈ. મહિલાઓનું અપમાન: ગીતમાં અશ્લીલ શબ્દોનો ઉપયોગ કરવા બદલ ઘણા સામાજિક સંગઠનોએ તેનો વિરોધ કર્યો હતો. હરિયાણા રાજ્ય મહિલા આયોગના ચેરપર્સન રેણુ ભાટિયાએ તેને અસભ્ય અને મહિલાઓને 'ઓબ્જેક્ટિફાય' કરનારું ગણાવ્યું હતું.



# મહેશ બાબુએ 'ધુરંધર 2'ના વખાણ કર્યા



## એકદમ શાનદાર રીતે બનાવેલી ધમાકેદાર ફિલ્મ, રણવીર સિંહની એક્ટિંગની પણ પ્રશંસા કરી

(એજન્સી) મુંબઈ | તા.20

સાઉથ એક્ટર મહેશ બાબુએ ફિલ્મ 'ધુરંધર: ધ રિવેન્જ'ના ખૂબ વખાણ કરતા તેને શાનદાર ફિલ્મ ગણાવી. સાથે જ આદિત્ય ધરના ડિરેક્શન, રણવીર સિંહ અને આર. માધવનની એક્ટિંગ અને ફિલ્મના સંગીતની પ્રશંસા કરી.

ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ફિલ્મને લઈને તેણે લખ્યું, 'ધુરંધર: ધ રિવેન્જ' એકદમ શાનદાર રીતે બનાવેલી ધમાકેદાર ફિલ્મ છે! રણવીરનું અત્યાર સુધીનું સૌથી શાનદાર રૂપ જોવા મળ્યું છે. આદિત્ય ધરે તેને જે રીતે વિચાર્યું અને રજૂ કર્યું છે, તે ખરેખર પ્રશંસનીય છે. આર. માધવનની એક્ટિંગ અને શાશ્વત સચદેવનું સંગીત ખાસ કરીને શાનદાર છે. આ ફિલ્મ જોવા અને ઉજવણી કરવા લાયક છે. આખી ટીમને અભિનંદન.'

આદિત્ય ધરે મહેશ બાબુના ટ્વીટનો જવાબ આપતા લખ્યું- 'તમારા શબ્દો માટે આભારી છું, મહેશ ગરુ. ધુરંધર (ધ રિવેન્જ) ને આટલો પ્રેમ અને સ્નેહ આપવા બદલ આભાર.'

સાઉથ એક્ટર અલ્લુ અર્જુને ફિલ્મ 'ધુરંધર 2' જોયા પછી તેની પ્રશંસા કરી. તેણે કહ્યું કે આ દરેક ભારતીયને ગર્વ અનુભવ કરાવશે. તેણે રણવીર સિંહ અને આર. માધવન સહિત ફિલ્મના સમગ્ર સ્ટાર કાસ્ટના પ્રદર્શનની પણ પ્રશંસા કરી. બુધવારે અલ્લુ અર્જુને ટ્વીટ કરતા ફિલ્મ વિશે લખ્યું, 'હમણાં જ ધુરંધર 2 જોઈ - દેશભક્તિ સાથે જબરદસ્ત સ્વૅગ છે. આ એક એવી ફિલ્મ છે જે દરેક દેશભક્તને ગર્વ અનુભવ કરાવશે. ઘણી એવી ક્ષણો છે, જ્યાં તમે તાળીઓ પાડવાથી પોતાને રોકી શકશો નહીં. સંપૂર્ણ ધમાકો! આખી ટીમને અભિનંદન.'

તેણે આગળ લખ્યું, 'આર. માધવન અને બધા કલાકારોનું શાનદાર પ્રદર્શન છે. ટેકનિકલ સ્તરે પણ ફિલ્મ કમાલની છે. મને ગર્વ છે કે આપણા દેશમાં મારા ભાઈ રણવીર સિંહ જેવા ઉત્તમ અને મલ્ટિટેલેન્ટેડ એક્ટર છે. રણવીર સિંહ ફાયર છે. આદિત્ય ધરે કમાલ કરી દીધો, તે સંપૂર્ણપણે છવાઈ ગયા. આપણા દેશમાં તેમના જેવા શાનદાર ફિલ્મમેકર્સ હોવા ગર્વની વાત છે. એક ભારતીય વાર્તા ઈન્ટરનેશનલ સ્વૅગ સાથે! જય હિંદ.' તે જ સમયે, અલ્લુ અર્જુનનો આભાર માનતા આર. માધવને ટ્વીટના જવાબમાં લખ્યું- 'હું ખૂબ જ નમ્ર, ભાવુક અને ખૂબ જ પ્રેરિત અનુભવી રહ્યો છું. તમારા તરફથી આ સાંભળવું મારા માટે ખૂબ જ મહત્વનું છે.'

આગળ તેમણે લખ્યું, 'મેં તમારી બધી ફિલ્મો તમારી ક્ષમતા પ્રત્યે ઊંડા આદર અને આશ્ચર્ય સાથે જોઈ છે અને એ જાણીને ખૂબ જ અદ્ભુત લાગી રહ્યું છે કે આ ભાવના બંને તરફથી છે.



# માંગમાં સિંદૂર અને ગળામાં મંગળસૂત્ર! : લગ્ન પછી રશ્મિકા મંદાનાનો પહેલો બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ, વહુને સ્ટેજ પર જોઈ સાસુની ખુશીઓથી આંખો ભરાઈ આવી

(એજન્સી) મુંબઈ | તા.20

સાઉથ એક્ટ્રેસ રશ્મિકા મંદાનાએ 'તેલંગાણા ગદર ફિલ્મ એવોર્ડ્સ 2025'માં બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ પોતાના નામે કર્યો છે. 26 ફેબ્રુઆરીએ વિજય દેવરકોંડા સાથે લગ્નના બંધનમાં બંધાયા પછી આ રશ્મિકાનો પહેલો મોટો પબ્લિક અપિયરન્સ હતો.

આ પ્રસંગે તે સાસુ માધવી દેવરકોંડા સાથે જોવા મળી હતી. એવોર્ડ સમારોહનું આયોજન 19 માર્ચે 'ઉગાડી'ના અવસરે કરવામાં આવ્યું હતું, જેમાં તેલુગુ સિનેમાના ઘણા મોટા સેલેબ્સે હાજરી આપી હતી.

રશ્મિકા મંદાનાને તેમની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ'માં 'ભૂમા દેવી'ના પાત્ર માટે બેસ્ટ એક્ટ્રેસ તરીકે પસંદ કરવામાં આવી. અભિનેતા રામ ચરણે મુખ્યમંત્રી રેવંત રેડ્ડીની હાજરીમાં રશ્મિકાને આ ટ્રોફી આપી.

લગ્ન પછી આ રશ્મિકાનો પહેલો મોટો એવોર્ડ છે.

સ્ટેજ પર એવોર્ડ લેતી વખતે રશ્મિકા ખૂબ જ ભાવુક દેખાઈ. તેણે પોતાની સ્પીચમાં સંઘર્ષના દિવસોને યાદ કરતા કહ્યું, 'શરૂઆતમાં લોકોએ મારા પર્ફોર્મન્સને ખૂબ ટ્રોલ કર્યું હતું, પરંતુ આજે તે જ કામ માટે રાજ્યએ મને આ એવોર્ડ આપ્યો છે. મેં અહીં સુધી પહોંચવા માટે લાંબી સફર ખેડી છે.' રેડ કાર્પેટ પર રશ્મિકા પોતાની સાસુ માધવી દેવરકોંડા સાથે પહોંચી હતી. લુકની વાત કરીએ તો, રશ્મિકાએ આઈવરી કલરની સિલ્ક સાડી પહેરી હતી. તેણે માંગમાં સિંદૂર, ગળામાં ગોલ્ડ મંગળસૂત્ર અને વાળમાં ગજરો લગાવીને પોતાનો ટ્રેડિશનલ લુક પૂરો કર્યો હતો. સમારોહમાં ફિલ્મ 'થંડલ' માટે નાગ ચૈતન્યને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો. જ્યારે, ફિલ્મ જગતમાં યોગદાન માટે દિગ્ગજ એક્ટર કમલ હાસનને 'પેડી જયરાજ ફિલ્મ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા. 'રાજુ વેડ્સ રંબાઈ' માટે સેલુ કંપતિને બેસ્ટ ડિરેક્ટર તરીકે પસંદ કરવામાં આવ્યા.



**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

### 13 વર્ષીય યુ ઝિદીનો ચમત્કાર

## 200 મીટર બટરફ્લાયમાં અમેરિકન દિગ્ગજને ધૂળ ચટાડી




(એજન્સી) બેજિંગ । તા. 20

વિશ્વ સ્વિમિંગ જગતમાં અત્યારે માત્ર એક જ નામની ચર્ચા છે અને તે છે ચીનની ૧૩ વર્ષીય બાળકી યુ ઝિદી. ગુરુવારે યોજાયેલી ચાઈના ઓપનમાં આ કિશોરીએ ૨૦૦ મીટર બટરફ્લાય ઈવેન્ટમાં અમેરિકાની આઠ વખતની ઓલિમ્પિક મેડલિસ્ટ રેગન સ્મિથને હરાવીને ઈતિહાસ રચી દીધો છે. ૧૩ વર્ષીય યુ ઝિદીનો ચમત્કાર જોઈને રમતગમતના નિષ્ણાતો પણ દંગ રહી ગયા છે, કારણ કે તેણે ૨ મિનિટ ૦૫.૭૧ સેકન્ડના પર્સનલ બેસ્ટ ટાઈમિંગ સાથે ગોલ્ડ મેડલ જીત્યો છે.

શેનઝેનમાં રમાઈ રહેલી આ સ્પર્ધામાં યુ ઝિદીએ જે રીતે પ્રદર્શન કર્યું તે કોઈ સામાન્ય વાત નથી. તેણે જે રેગન સ્મિથને હરાવી છે તે વિશ્વની શ્રેષ્ઠ સ્વિમર્સમાંની એક છે. રેગન સ્મિથે પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો, પરંતુ ૧૩ વર્ષની આ ચીની ખેલાડી સામે તે બીજા ક્રમે રહી હતી. યુ ઝિદીએ ગયા વર્ષે માત્ર ૧૨ વર્ષની વયે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મેડલ જીતીને સૌથી નાની વયની મેડલિસ્ટ બનવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો હતો. યુ ઝિદી અત્યારે એશિયન ગેમ્સની તૈયારી કરી રહી છે જે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં જાપાનમાં યોજાવાની છે. ગયા વર્ષે સિંગાપોરમાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં તેણે ચીનની ૪x૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલ રિલે ટીમમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

### ગૌરવની ક્ષણ - અપંગ માનવ મંડળ પરિવાર અને ગુજરાત રાજ્ય માટે




અપંગ માનવ મંડળના વિદ્યાર્થી છગન સોલંકીએ 24મી પેરા નેશનલ એથલેટિક્સ ચેમ્પિયનશિપ ઓડિશા ખાતે લોન્ગ જમ્પ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવીને સમગ્ર સંસ્થા અને ગુજરાતનું નામ ગૌરવથી ઊંચું કર્યું છે.

## ભારતીય ફૂટબોલ માટે સુવર્ણ ક્ષણ AIFFને ટ્રિપલ-એ સર્ટિફિકેટ

નવી દિલ્હી | ભારતીય ફૂટબોલ જગત માટે ૧૯ માર્ચનો દિવસ ઐતિહાસિક સાબિત થયો છે. ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના શ્રેષ્ઠ ટેકનિકલ કાર્યક્રમો અને વ્યવસ્થિત માળખાની કદર કરતા એશિયન ફૂટબોલ કોન્ફેડરેશન દ્વારા તેને પ્રતિષ્ઠિત 'ટ્રિપલ-એ' પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે.

## AI ટેકનોલોજીનો ખતરનાક ખેલ હવે ગૌતમ ગંભીર કોર્ટના શરણે

નવી દિલ્હી | ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ અને પૂર્વ સાંસદ ગૌતમ ગંભીરે પોતાની ઓળખ અને પ્રતિષ્ઠાના રક્ષણ માટે કાયદાકીય લડત શરૂ કરી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડીપફેક ટેકનોલોજી દ્વારા તેમના નામ, અવાજ અને ચહેરાનો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવતો હોવાની ફરિયાદ સાથે ગૌતમ ગંભીર કોર્ટના શરણે પહોંચ્યા છે. દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી આ અરજીમાં ગંભીરે પોતાની ઓળખના ગેરકાયદેસર વ્યવસાયિક ઉપયોગ સામે તાત્કાલિક મનાઈ હુકમની માંગ કરી છે. ગૌતમ ગંભીરના વકીલ જય અનંત દેહાદ્રાઈએ જસ્ટિસ જ્યોતિ સિંહની કોર્ટમાં રજૂઆત કરી હતી કે સોશિયલ મીડિયા પર અનેક એવા નકલી વીડિયો વાઈરલ થઈ રહ્યા છે જેમાં ગંભીરને ખોટા નિવેદનો આપતા અથવા અયોગ્ય વર્તન કરતા દર્શાવવામાં આવ્યા છે.



**રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ ટાઈટલ ડિફેન્સ અભિયાન**

# કોહલી IPL ચેતવણીથી વિરોધીઓ ફફડ્યા



(એજન્સી) બેંગ્લુરુ । તા. 20

વિશ્વની સૌથી લોકપ્રિય ક્રિકેટ લીગ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની ૧૯મી સીઝનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ૨૮ માર્ચથી શરૂ થઈ રહેલા આ મહાકુંભ પહેલા ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ (RCB) ના કેમ્પમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. ટીમના સુપરસ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ એક વીડિયો સંદેશ દ્વારા વિરોધી ટીમોને સીધી ચેતવણી આપી દીધી છે. કોહલીએ સ્પષ્ટ કર્યું છે કે તે આ વખતે પણ મેદાન પર રનનો પહાડ ખડકવા અને અશક્ય જણાતા લક્ષ્યાંકોને આંબવા માટે સજ્જ છે.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા વીડિયોમાં વિરાટ કોહલીનો અનોખો આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે. વિરાટ કોહલી આઈપીએલ ૨૦૨૬ ચેતવણી આપતા વીડિયોમાં કહી રહ્યો છે કે, "જ્યારે પણ હું આ લાલ જર્સી પહેરું છું, ત્યારે મારું સર્વસ્વ મેદાન પર આપી દેવા માટે તૈયાર હોઉં છું. ચાહકો માટે ખુશખબરી એ છે કે હું વધુ એક સ્પેશિયલ ચેઝ માટે તૈયાર છું." આ નિવેદને સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે અને આરસીબીના ચાહકોમાં જોશ ભરી દીધો છે. કિંગ કોહલી પોતાના હોમ ગ્રાઉન્ડ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ પર પરત ફર્યો છે અને તે વધુ એક ઐતિહાસિક સીઝન રમવા આતુર છે.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ ટાઈટલ ડિફેન્સ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. ગત સીઝનમાં રજત પાટીદારની આગેવાની હેઠળ આરસીબીએ વર્ષોની પ્રતીક્ષાનો અંત આણીને પહેલીવાર આઈપીએલ ટ્રોફી જીતી હતી. અમદાવાદમાં રમાયેલી ફાઈનલમાં પંજાબ કિંગ્સ સામે ૧૯૧ રનનો બચાવ કરીને ટીમે ઈતિહાસ રચ્યો હતો. તે મેચે સાબિત કર્યું હતું કે આરસીબી હવે માત્ર સ્ટાર ખેલાડીઓની ટીમ નથી, પણ વિજેતા ટીમ છે. વિરાટ કોહલીએ તે ફાઈનલમાં પણ ૪૩ રન બનાવીને ટીમને મજબૂત સ્થિતિમાં મૂકી હતી.

### કિંગ કોહલી આઈપીએલ રેકોર્ડ રન અને આંકડાની માયાજાળ

વિરાટ કોહલીનો આઈપીએલ ઈતિહાસ સોનેરી અક્ષરે લખાયેલો છે. તેણે અત્યાર સુધી ૨૬૭ મેચોમાં ૮૬૬૧ રન બનાવ્યા છે, જેમાં ૮ સદી અને ૬૩ અડધી સદીનો સમાવેશ થાય છે. આ આંકડા દર્શાવે છે કે શા માટે તેને 'કિંગ' કહેવામાં આવે છે. ખાસ કરીને ૨૦૧૬ની સીઝનમાં તેણે બનાવેલા ૯૭૩ રનનો રેકોર્ડ આજે પણ અતૂટ છે. વિરાટની એવરેજ ૩૯.૫૪ અને ૧૩૨.૮૫ નો સ્ટ્રાઈક રેટ વિરોધી બોલરો માટે હંમેશા માથાનો દુખાવો સાબિત થયો છે. આ વખતે પણ તે પોતાની બેટિંગથી નવા રેકોર્ડ્સ સ્થાપિત કરવા તૈયાર છે.

### મેગ્ડા લિનેટની શાનદાર જીત સાથે ત્રીજા રાઉન્ડમાં એન્ટ્રી

## ટેનિસ જગત સ્તબ્ધ માયામી ઓપનમાં મોટો ઉલટફેર સર્જાયો



(એજન્સી) માયામી । તા. 20

ટેનિસના મેદાન પરથી એક અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. માયામી ઓપન ૨૦૨૬ માં છ વખતની ગ્રાન્ડ સ્લેમ વિજેતા અને દિગ્ગજ ખેલાડી ઈગા શ્વાઈત્તેકની સફર અણધારી રીતે બીજા રાઉન્ડમાં જ સમાપ્ત થઈ ગઈ છે. માયામી ઓપનમાં મોટો ઉલટફેર સર્જતા વિશ્વની ૫૦માં ક્રમની ખેલાડી મેગ્ડા લિનેટે શ્વાઈત્તેકને ૧-૬, ૭-૫, ૬-૩ થી હરાવીને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દીધી છે. ૨૦૨૧ ના ડબલ્યુટીએ ફાઈનલ પછી શ્વાઈત્તેકની આ કોઈ ટૂર્નામેન્ટમાં સૌથી વહેલી વિદાય છે. વર્તમાન વિમ્બલ્ડન ચેમ્પિયન શ્વાઈત્તેક માટે ૨૦૨૬ નું વર્ષ અત્યાર સુધી નિરાશાજનક રહ્યું છે. ઓસ્ટ્રેલિયન ઓપન અને ઈન્ડિયન વેલ્સ જેવી મોટી સ્પર્ધાઓમાં વહેલી બહાર થયા બાદ હવે માયામીમાં પણ તેની રમત ફિક્કી રહી છે. મેગ્ડા લિનેટની શાનદાર જીત પાછળ તેનું આક્રમક વલણ જવાબદાર હતું. પ્રથમ સેટ માત્ર ૩૩ મિનિટમાં ૧-૬ થી ગુમાવ્યા બાદ લિનેટે જે રીતે પુનરાગમન કર્યું તે કાબિલેદાદ છે. લિનેટે બીજા સેટમાં શ્વાઈત્તેકની ભૂલોનો ફાયદો ઉઠાવ્યો અને મેચને ત્રીજા સેટ સુધી ખેંચી ગઈ હતી.

માયામી ઓપનમાં મોટો ઉલટફેર થવાની સાથે જ ઈગા શ્વાઈત્તેકના વિશ્વ રેન્કિંગ પર પણ અસર પડી છે. તે હવે બીજા સ્થાનેથી લપસીને ત્રીજા ક્રમે પહોંચી ગઈ છે, જ્યારે એરિના સબાલેન્કા અને એલેના રાયબાકીના આગળ નીકળી ગઈ છે. હાર બાદ શ્વાઈત્તેકે સ્વીકાર્યું હતું કે આ તેના માટે એક 'ખરાબ મેચ' હતી અને તેને ફરી ફોર્મમાં આવવા માટે સખત મહેનતની જરૂર છે. બીજી તરફ, મેગ્ડા લિનેટ હવે ત્રીજા રાઉન્ડમાં ફિલિપાઈન્સની ૨૦ વર્ષીય ઉભરતી ખેલાડી એલેક્ઝાન્ડ્રા ઈઆલા સામે ટકરાશે. આ ટૂર્નામેન્ટમાં માત્ર લિનેટ જ નહીં, પણ અન્ય યુવા ખેલાડીઓએ પણ ધ્યાન ખેંચ્યું છે. ફ્રાન્સના ૧૭ વર્ષીય મોઈસે કુઆમે એટીપી માસ્ટર્સ ૧૦૦૦ જીતનાર રાફેલ નડાલ પછીનો સૌથી યુવા ખેલાડી બન્યો છે.

**લખનૌ સુપર જાયન્ટ્સની તૈયારીઓ તેજ થતા કેપ્ટન પંત ગદગદ**

**આઈપીએલનો રોમાંચ વધ્યો, 1 એપ્રિલથી લખનૌનું અભિયાન શરૂ**

## LSGના બોલિંગમાં આવશે ધાર ઋષભે ભરત અરુણના વખાણ કર્યા



(એજન્સી) નવી દિલ્હી । તા. 20

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬ની સીઝન શરૂ થવાને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) ના કેપ્ટન ઋષભ પંતે ટીમની તૈયારીઓ અંગે મોટું નિવેદન આપ્યું છે. પંતે ટીમના નવા બોલિંગ કોચ તરીકે જોડાયેલા ભરત અરુણની કામગીરી અને અનુભવની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. ઋષભ પંતે ભરત અરુણના વખાણ કર્યા છે અને જણાવ્યું છે કે તેમના આવવાથી ટીમની બોલિંગ લાઈન-અપમાં ઘણું મૂલ્ય ઉમેરાયું છે, જે આગામી સીઝનમાં નિર્ણાયક સાબિત થશે. જિયોસ્ટાર પર વાતચીત દરમિયાન પંતે કહ્યું કે, "ઝડપી બોલરો સાથેનો અમારો કેમ્પ શાનદાર રહ્યો છે. ભરત અરુણ સરના આવવાથી ટીમમાં સકારાત્મક ઉર્જા આવી છે. મેં તેમની સાથે ભારતીય ટીમમાં પણ કામ કર્યું છે, તેથી મને તેમના પર સંપૂર્ણ વિશ્વાસ છે." ઋષભ પંતે ભરત અરુણના વખાણ કર્યા હતા કે તેઓ બોલરો સાથે ખૂબ જ જલ્દી ભળી જાય છે અને તેમનો આત્મવિશ્વાસ વધારવામાં માહિર છે.

ગત સીઝનની નબળાઈઓને દૂર કરવા માટે ભરત અરુણનું માર્ગદર્શન લખનૌ માટે મહત્વનું પાસું બની રહેશે. પોતાના મજાકિયા સ્વભાવ વિશે વાત કરતા પંતે ઉમેર્યું કે, "આજના સમયમાં રમતનું સ્તર ખૂબ જ તણાવપૂર્ણ છે, તેથી ડ્રેસિંગ રૂમમાં આનંદદાયક વાતાવરણ હોવું જરૂરી છે.

**સોફી ડિવાઈનનું શાનદાર પ્રદર્શન અને ઓલરાઉન્ડ રમત**

## ઓકલેન્ડમાં કીવી મલબાઓનો કમાલ ન્યૂઝીલેન્ડ મહિલા ટીમની જીત

(એજન્સી) ઓકલેન્ડ । તા. 20

ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડ ખાતે રમાયેલી પાંચ મેચોની ટી૨૦ શ્રેણીની ત્રીજી મેચમાં યજમાન ન્યૂઝીલેન્ડની મહિલા ટીમે પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે. શુક્રવારે રમાયેલી આ રસાકસીભરી મેચમાં ન્યૂઝીલેન્ડે પ્રવાસી દક્ષિણ આફ્રિકાને ૬ વિકેટે હરાવીને શ્રેણીમાં ૨-૧ ની મહત્વપૂર્ણ સરસાઈ મેળવી લીધી છે. ન્યૂઝીલેન્ડ મહિલા ટીમની જીત પાછળ સ્ટાર ઓલરાઉન્ડર સોફી ડિવાઈનનું શાનદાર પ્રદર્શન મુખ્ય કારણ રહ્યું છે, જેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાની ટીમે ૨૦ ઓવરમાં ૧૪૯ રન બનાવ્યા હતા. આફ્રિકા તરફથી કેપ્ટન લૌરા વોલ્વાર્ડ અને કાયલા રેનેકેએ સારી બેટિંગ કરી હતી, પરંતુ ન્યૂઝીલેન્ડના બોલરોએ તેમને મોટો સ્કોર કરતા અટકાવ્યા હતા. સોફી ડિવાઈને ૨૧ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી, જ્યારે સુઝી બેટ્સે માત્ર ૧૦ રનમાં ૨ વિકેટ લઈને આફ્રિકાની કમર તોડી નાખી હતી. જેસ કેર અને રોઝમેરી મેરે પણ એક-એક વિકેટ ઝડપીને બોલિંગમાં શિસ્તબદ્ધ દેખાવ કર્યો હતો.

૧૫૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી કીવી ટીમની શરૂઆત મજબૂત રહી હતી. કેપ્ટન એમેલિયા કેરે ૩૦ રનનું યોગદાન આપ્યું હતું, પરંતુ મેચને અંત સુધી લઈ જવાની જવાબદારી સોફી ડિવાઈને સંભાળી હતી. સોફી ડિવાઈનનું શાનદાર પ્રદર્શન જારી રાખતા તેણે ૩૮ બોલમાં અણનમ ૫૫ રન ફટકાર્યા હતા, જેમાં ૬ ચોગ્ગા અને ૧ છગ્ગાનો સમાવેશ થાય છે. તેને સાથ આપતા મેડી ગ્રીને ૨૫ બોલમાં અણનમ ૩૪ રન બનાવીને ટીમને



## ઓર્લિયન્સ માસ્ટર્સ બેડમિન્ટન પરિણામમાં ભારતની ધૂમ

### તન્વી શર્મા બેડમિન્ટન જીત સાથે રાઉન્ડ ઓફ ૧૬માં



(એજન્સી) ઓર્લિયન્સ [ફ્રાન્સ] । તા. 20

ફ્રાન્સના ઓર્લિયન્સ ખાતે રમાઈ રહેલી પ્રતિષ્ઠિત 'ઓર્લિયન્સ માસ્ટર્સ ૨૦૨૬' બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ભારતીય ખેલાડીઓએ બીજા દિવસે શાનદાર પ્રદર્શન કરીને આગલા રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો છે. વિશ્વ જુનિયર ચેમ્પિયનશિપની સિલ્વર મેડલિસ્ટ તન્વી શર્મા અને પુરુષ ડબલ્સમાં એમ.આર. અર્જુન અને હરિહરન અમસાકરુનનની જોડીએ પોતપોતાની મેચો જીતીને ભારતની આશા જીવંત રાખી છે. જોકે, ભૂતપૂર્વ વર્લ્ડ નંબર ૧ કિદામ્બી શ્રીકાંતની હારથી ચાહકોમાં નિરાશા પણ જોવા મળી છે.

ટૂર્નામેન્ટના પ્રેસ રિલીઝ મુજબ, તન્વી શર્મા અત્યારે શાનદાર ફોર્મમાં છે. ઓર્લિયન્સ માસ્ટર્સ ૨૦૨૬ બેડમિન્ટન પરિણામ માં પ્રથમ દિવસે જ થાઈલેન્ડની બીજી ક્રમાંકિત સુપાનિડા કાટેથોંગને હરાવીને ઉલટફેર કરનાર તન્વીએ બીજા દિવસે પણ પોતાની લય જાળવી રાખી હતી. તેણે ભારતની જ ઊભરતી ખેલાડી અનમોલ ખરબને સીધા સેટમાં ૨૧-૧૪, ૨૧-૧૭ થી પરાજય આપીને રાઉન્ડ ઓફ ૧૬માં પોતાની જગ્યા બનાવી લીધી છે. તન્વી શર્મા બેડમિન્ટન જીત બાદ હવે ટાઈટલની પ્રબળ દાવેદાર માનવામાં આવી રહી છે.

### અર્જુન અને હરિહરનની જોડીએ મચાવી ધૂમ

પુરુષ ડબલ્સમાં ભારત માટે સારા સમાચાર આવ્યા છે. હરિહરન અને એમ.આર. અર્જુનની જોડીએ સ્કોટલેન્ડના એલેક્ઝાન્ડર ડન અને એડમ પ્રિંગલની જોડી સામે એકતરફી વિજય મેળવ્યો છે. પ્રથમ ગેમમાં ભારે રસાકસી જોવા મળી હતી, જેમાં ભારતીય જોડીએ ૨૬-૨૪ થી જીત મેળવી હતી. ત્યારબાદ બીજી ગેમમાં પ્રભુત્વ જમાવતા ૨૧-૧૪ થી મેચ જીતી લીધી હતી. માત્ર ૩૫ મિનિટમાં આ મેચ ખતમ કરીને અર્જુન હરિહરન ક્વાર્ટર ફાઈનલ પ્રવેશ કરવામાં સફળ રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ જોડી હવે આગામી મેચ માટે સઘન પ્રેક્ટિસ કરી રહી છે.

**એશિયન કપ // અન્ડર ૨૦ મહિલા એશિયન કપ ભારત લક્ષ્ય**

## ભારતીય મહિલા ફૂટબોલ ટીમ થાઈલેન્ડ આગમન થી ઉત્સાહ

(એજન્સી) બેંગકોક । તા. 20

ફૂટબોલ માટે આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખવા જેવો છે. એએફસી અન્ડર-૨૦ મહિલા એશિયન કપ ૨૦૨૬ માં ભાગ લેવા માટે ૨૪ સંભવિત ખેલાડીઓ સાથેની ભારતીય મહિલા ફૂટબોલ ટીમ શુક્રવારે વહેલી સવારે થાઈલેન્ડની રાજધાની બેંગકોક પહોંચી ગઈ છે. ૨૦ વર્ષના લાંબા પ્રતીક્ષા બાદ ભારતે આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ માટે ક્વોલિફાય કર્યું છે, જે ભારતીય મહિલા ફૂટબોલના વધતા જતા પ્રભુત્વનો પુરાવો છે.

ભારતીય ટીમ ટૂર્નામેન્ટ શરૂ થવાના બે સપ્તાહ પહેલા જ બેંગકોક પહોંચી ગઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૨ એપ્રિલના રોજ જાપાન સામેની પ્રથમ મેચ પહેલા ખેલાડીઓને ત્યાંની ગરમ અને ભેજવાળી પરિસ્થિતિઓ સાથે અનુકૂળ થવા માટે પૂરતો સમય મળી રહે તે હેતુથી આ નિર્ણય લેવાયો છે. ભારત ગ્રુપ-સીમાં છે, જ્યાં તેનો સામનો એશિયાની જાયન્ટ ટીમો સામે થવાનો છે. ભારતીય યુવા ખેલાડીઓ



આ પડકારને ઝીલવા માટે આત્મવિશ્વાસથી લબરેજ દેખાઈ રહ્યા છે.

ભારતીય મહિલા ફૂટબોલ ટીમ થાઈલેન્ડ આગમન પહેલા ખૂબ જ આકરા પ્રશિક્ષણમાંથી પસાર થઈ છે. સ્વીડિશ મુખ્ય કોચ જોઆકિમ એલેક્ઝાન્ડરસનના નેતૃત્વ હેઠળ, ટીમે જાન્યુઆરીમાં બેંગલુરુમાં કેમ્પ શરૂ કર્યો હતો. ત્યારબાદ, ટીમ એક મહિના માટે સ્વીડન ગઈ હતી, જ્યાં તેમણે સ્વીડિશ ક્લબની વરિષ્ઠ ટીમો સામે પાંચ મૈત્રીપૂર્ણ મેચો રમી હતી. આ આંતરરાષ્ટ્રીય અનુભવ ખેલાડીઓની રમત સુધારવામાં ખૂબ જ કારગત સાબિત થયો છે. સ્વીડનથી પરત ફર્યા બાદ પણ કોલકાતામાં સઘન તાલીમ ચાલુ રાખવામાં આવી હતી.

આ એશિયન કપ માત્ર ખિતાબ જીતવા માટે જ નથી, પરંતુ ફિફા અન્ડર-૨૦ મહિલા વર્લ્ડ કપ ૨૦૨૬ માં પ્રવેશવાની સીડી પણ છે. નિયમો મુજબ, જો ભારત ક્વાર્ટર ફાઈનલમાં જીત મેળવે છે, તો તે સીધું જ પોલેન્ડમાં યોજાનારા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થઈ જશે. ગ્રુપ સ્ટેજમાં ભારત ૨ એપ્રિલે જાપાન, ૫ એપ્રિલે ઓસ્ટ્રેલિયા અને ૮ એપ્રિલે ચાઈનીઝ તાઈપેઈ સામે ટકરાશે. મીડિયા અહેવાલ મુજબ, કોચ એલેક્ઝાન્ડરસન ટૂંક સમયમાં ૨૩ સભ્યોની અંતિમ ટીમની જાહેરાત કરશે.

ભારતીય ટીમમાં ગોલકીપર તરીકે મોનાલિશા દેવી અને નંદિની પર નજર રહેશે, જ્યારે ડિફેન્સમાં શુભાંગી સિંઘ અને થોઈબીસાના ચાનુ મજબૂત દીવાલ બનીને ઉભી રહેશે. મિડફિલ્ડમાં નેહા અને પૂજા જેવી પ્રતિભાશાળી ખેલાડીઓ છે, જેઓ ફોરવર્ડ લાઈનને બોલ પહોંચાડવામાં માહેર છે. ફોરવર્ડમાં શિલ્જી શાજી અને સુલંજના રાઉલ ગોલ કરવાની જવાબદારી સંભાળશે. ટીમમાં ઉત્તર-પૂર્વ ભારતની ખેલાડીઓનું વર્ચસ્વ છે, જેઓ તેમની ઝડપ અને ટેકનિકલ કુશળતા માટે જાણીતી છે.

**ગોલ્ફમાં ભારતીયોનો દબદબો વધતા હિતાશી બક્ષી પણ રેસમાં**

## ઓસ્ટ્રેલિયામાં દીક્ષાની શાનદાર શરૂઆત દીક્ષા ડાગર આઠમા ક્રમે

(એજન્સી) ગોલ્ડ કોસ્ટ । તા. 20

ઓસ્ટ્રેલિયાના પ્રતિષ્ઠિત સેન્ચ્યુરી કોવ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે રમાઈ રહેલી ઓસ્ટ્રેલિયન ડબલ્યુપીજીએ ચેમ્પિયનશિપના પ્રથમ રાઉન્ડમાં ભારતની સ્ટાર ગોલ્ફર દીક્ષા ડાગરે શાનદાર પ્રદર્શન કર્યું છે. દીક્ષાએ ૪-અંડર ૬૭ નો મજબૂત સ્કોર કરીને લીડરબોર્ડ પર સંયુક્ત રીતે આઠમું સ્થાન હાંસલ કર્યું છે. ગોલ્ફમાં ભારતીયોનો દબદબો જોવા મળી રહ્યો છે, જેમાં દીક્ષા ડાગર આઠમા ક્રમે રહીને ખિતાબની પ્રબળ દાવેદાર તરીકે ઉભરી આવી છે.



બે વખતની લેડીઝ યુરોપિયન ટૂર (LET) વિજેતા દીક્ષા ડાગર માટે પ્રથમ દિવસ સંપૂર્ણપણે ભૂલરહિત રહ્યો હતો. તેણે નવમા હોલથી રમતની શરૂઆત કરી હતી અને ૧૦માં હોલ પર બર્ડી બનાવીને આત્મવિશ્વાસ મેળવ્યો હતો. ત્યારબાદ તેણે રમત પર પકડ જમાવી રાખી વધુ ત્રણ બર્ડીઝ મેળવી હતી. દીક્ષા અત્યારે સ્કોટલેન્ડની લીડર કેલ્સી મેકડોનાલ્ડથી માત્ર ૪ શોટ્સ પાછળ છે. નોંધનીય છે કે કેલ્સીએ ૭-અંડર ૬૪ ના સ્કોર સાથે કોર્સ રેકોર્ડ બનાવ્યો છે.

દીક્ષા સિવાય અન્ય એક ભારતીય ખેલાડી હિતાશી બક્ષીએ પણ આશાસ્પદ શરૂઆત કરી છે. ૨૧ વર્ષીય હિતાશીએ ૨-અંડર ૬૯ ના સ્કોર સાથે પ્રથમ રાઉન્ડ પૂર્ણ કર્યો છે અને તે સંયુક્ત રીતે ૨૩માં સ્થાને છે. હિતાશીએ મેચ દરમિયાન દરેક હોલ પર ફેરવે શોધીને પોતાની ચોકસાઈનો પરિચય આપ્યો હતો. જોકે, અન્ય ભારતીય ખેલાડીઓ પ્રણવી અર્સ (T-68) અને વાણી કપૂર (T-81) માટે પ્રથમ દિવસ થોડો મુશ્કેલ રહ્યો હતો.

### ભારત-જાપાન રાજદ્વારી સંબંધો પર અસર, અમેરિકા જાપાન દ્વિપક્ષીય બેઠક વિવાદમાં

# ડોનાલ્ડ ટ્રમ્પ પર્લ હાર્બર વિવાદથી જાપાન સ્તબ્ધ બન્યું

**(એજન્સી) વોશિંગ્ટન । તા. 20**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાની વિવાદાસ્પદ શૈલીથી આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં ગરમાવો લાવી દીધો છે. વ્હાઇટ હાઉસમાં જાપાનના વડાંપ્રધાન સાનાએ તાકાઈચી સાથેની એક અત્યંત મહત્ત્વપૂર્ણ બેઠક દરમિયાન, ટ્રમ્પે બીજા વિશ્વયુદ્ધના કાળા પ્રકરણ 'પર્લ હાર્બર'નો ઉલ્લેખ કરીને જાપાનને નીચું જોવડાવવાનો પ્રયાસ કર્યો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ટિપ્પણી બાદ બેઠકનું વાતાવરણ અત્યંત તંગ બની ગયું હતું અને જાપાનના પ્રતિનિધિમંડળમાં ભારે નારાજગી જોવા મળી હતી.

આ સમગ્ર ઘટનાક્રમ ત્યારે શરૂ થયો જ્યારે ટ્રમ્પ ઈરાન પર કરવામાં આવેલા અમેરિકી લશ્કરી હુમલાનો બચાવ કરી રહ્યા હતા. જ્યારે પત્રકારો અને સહયોગી દેશોએ સવાલ ઉઠાવ્યો કે આ હુમલા પહેલા કોઈને વિશ્વાસમાં કેમ ન લેવાયા, ત્યારે ટ્રમ્પે અણધાર્યો વળાંક લેતા જાપાનના વડાંપ્રધાન તરફ જોઈને કહ્યું કે, "લશ્કરી વ્યૂહનીતિમાં દુશ્મનને ચોંકાવવા જરૂરી હોય છે. પર્લ હાર્બર વખતે તમે મને અગાઉથી જાણ કેમ નહોતી કરી?" ટ્રમ્પની આ આકરી અને કટાક્ષભરી ટિપ્પણીએ વ્હાઈટ હાઉસના હોલમાં સન્નાટો વ્યાપી દીધો હતો. મીડિયા અહેવાલ મુજબ, જાપાનના વડાંપ્રધાન આ સાંભળીને અવાક રહી ગયા હતા.

૭ ડિસેમ્બર, ૧૯૪૧ના રોજ જાપાન દ્વારા અમેરિકાના પર્લ હાર્બર નેવલ બેઝ પર કરવામાં આવેલો અચાનક હુમલો એ વિશ્વ ઈતિહાસની સૌથી મોટી લશ્કરી ઘટનાઓ પૈકીની એક છે. આ હુમલામાં ૨,૪૦૦થી વધુ અમેરિકન સૈનિકોએ જીવ ગુમાવ્યા હતા અને અમેરિકાના નૌકાદળને ભારે નુકસાન થયું હતું. આ ઘટના બાદ જ અમેરિકા બીજા વિશ્વયુદ્ધમાં સત્તાવાર રીતે જોડાયું હતું. દાયકાઓ પછી જ્યારે બંને દેશો વચ્ચે અત્યંત ગાઢ મિત્રતા છે, ત્યારે ટ્રમ્પ દ્વારા આ વિષયને ઉખેળવો તે મુત્સદ્દીગીરીની દ્રષ્ટિએ મોટી ભૂલ



માનવામાં આવે છે. આ બેઠકનો મુખ્ય એજન્ડા સંરક્ષણ અને વેપાર સંબંધોને મજબૂત કરવાનો હતો, પરંતુ ટ્રમ્પના આ નિવેદને જૂના જખમોને ફરી લીલા કરી દીધા છે. રાજદ્વારી નિષ્ણાતોના મતે, જાપાન અત્યારે અમેરિકાનું પેસિફિક ક્ષેત્રમાં સૌથી મજબૂત સાથી છે. ચીનના વધતા પ્રભુત્વ સામે લડવા માટે બંને દેશોનું સાથે હોવું અનિવાર્ય છે. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પ પર્લ હાર્બર વિવાદને કારણે દ્વિપક્ષીય વિશ્વાસમાં ઓટ આવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જાપાન આ બાબતે સત્તાવાર વિરોધ નોંધાવવાની તૈયારી કરી રહ્યું છે.

ટ્રમ્પે માત્ર પર્લ હાર્બરનો ઉલ્લેખ કરીને અટક્યા નહોતા, પણ તેમણે હોર્મુઝ સ્ટ્રેટમાં સુરક્ષા માટે જાપાન પર દબાણ પણ વધાર્યું હતું. તેમણે તર્ક આપ્યો હતો કે જાપાન પોતાનો ૯૦ ટકાથી વધુ ક્રૂડ ઓઈલ પુરવઠો આ જોખમી વિસ્તારમાંથી મંગાવે છે, તેથી તેની સુરક્ષાની જવાબદારી માત્ર અમેરિકાની જ ન હોવી જોઈએ. જાપાને પોતાની નૌકા શક્તિનો ઉપયોગ ત્યાં કરવો જોઈએ. બીજી તરફ, જાપાનના વડાંપ્રધાન તાકાઈચીએ ચીન સાથેના સંબંધો અને પ્રાદેશિક સ્થિરતા જાળવવા માટે સંતુલિત અભિગમ અપનાવવાની હિમાયત કરી હતી. ટ્રમ્પના આવા વલણથી માત્ર જાપાન જ નહીં, પણ ભારતના રાજદ્વારી વર્તુળોમાં પણ ચર્ચા જાગી છે. ભારત અને જાપાન વચ્ચે ખૂબ જ મજબૂત વ્યૂહાત્મક સંબંધો છે અને અમેરિકા સાથેનું આ ઘર્ષણ એશિયા-પેસિફિક ક્ષેત્રના સમીકરણો બદલી શકે છે.

### ઈઝરાયલી હવાઈ હુમલો મામલે રશિયા લાલઘૂમ

# લેબનોનમાં યુદ્ધ કવરેજ વચ્ચે પત્રકારો પર મિસાઈલ હુમલો

**(એજન્સી) બૈરુત । તા. 20**

દક્ષિણ લેબનોનમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ દરમિયાન માનવતાને શર્મસાર કરતી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વ્યૂહાત્મક 'અલ-કાસમિયા બ્રિજ' પાસે જ્યારે રશિયન પત્રકારો લાઈવ રિપોર્ટિંગ કરી રહ્યા હતા, ત્યારે જ એક ઈઝરાયલી હવાઈ હુમલો થયો અને મિસાઈલ તેમની અત્યંત નજીક ત્રાટક્યું હતું. પત્રકારો પર મિસાઈલ હુમલો થવાની આ ભયાનક ઘટના કેમેરામાં કેદ થઈ છે, જેના વીડિયો જોઈને કોઈપણનું હૃદય કંપી ઉઠે. આ હુમલામાં રશિયન સંવાદદાતા સ્ટીવ સ્વીની અને તેમના કેમેરામેન અલી રીદા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. એકાએક થયેલા જોરદાર ધડાકા અને ધુમાડાના ગોટા વચ્ચે પત્રકાર સ્ટીવ સ્વીની જીવ બચાવવા દોડી રહ્યા છે. લાઈવ કવરેજ વચ્ચે બ્લાસ્ટના આ દ્રશ્યો રુંવાડા ઉભા કરી દે તેવા છે. અન્ય એક મીડિયા અહેવાલ મુજબના વીડિયોમાં ડોક્ટરો હોસ્પિટલમાં ત્રકારના હાથમાંથી મિસાઈલના તીક્ષ્ણ છરા કાઢતા જોવા મળે છે. બંને ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. લિટાની નદી પરનો આ માર્ગ હાલ આ યુદ્ધનું મુખ્ય કેન્દ્ર બન્યો છે. હોસ્પિટલમાંથી જ કેમેરામેન અલી રીદા અને સ્ટીવ સ્વીનીએ સોશિયલ મીડિયા પર આક્ષેપ કર્યો છે કે, તેમની પાસે 'પ્રેસ' તરીકેની સ્પષ્ટ અને મોટી ઓળખ હોવા છતાં, તેમના પર જાણીજોઈને નિશાન સાધીને હુમલો કરવામાં આવ્યો હતો.

#### ફરી મેદાનમાં ઉતર્યા હિંમતબાજ પત્રકાર

હોસ્પિટલમાંથી પ્રાથમિક સારવાર લઈ રજા મળ્યા બાદ, રશિયન પત્રકાર સ્ટીવ સ્વીની સહેજ પણ ડર્યા કે હિંમત હાર્યા વગર ફરીથી ફિલ્ડ રિપોર્ટિંગમાં જોડાઈ ગયા છે. તેમણે સોશિયલ મીડિયા પર ઈઝરાયલની આ કાર્યવાહીનો આક્રોશપૂર્ણ વિરોધ નોંધાવીને પોતાનું કામ ચાલુ રાખવાની જાહેરાત કરી છે. લાઈવ કવરેજ વચ્ચે બ્લાસ્ટ થવા છતાં પત્રકારની આ હિંમતની પ્રશંસા થઈ રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### હું જીવિત છું અને ઈરાન બરબાદીના આરે નેતન્યાહૂએ જીતનો દાવો કર્યો



તેલ અવીવ | મિડલ ઈસ્ટના ભયાનક જંગ વચ્ચે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ વિશ્વભરના મીડિયા સમક્ષ લાઈવ આવીને ધમાકેદાર જાહેરાત કરી છે. છેલ્લા કેટલાક દિવસોથી તેમના મોતના સમાચાર વહેતા થયા હતા, જેના પર પૂર્ણવિરામ મૂકતા તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ જીવિત અને સંપૂર્ણ સ્વસ્થ છે. 20 દિવસના સતત સંઘર્ષ બાદ નેતન્યાહૂએ જીતનો દાવો કર્યો છે અને જણાવ્યું છે કે ઈરાન હવે સૈન્ય અને આર્થિક રીતે પાયમાલ થઈ ચૂક્યું છે. પ્રેસ કોન્ફરન્સમાં નેતન્યાહુએ ગંભીર દાવો કર્યો હતો કે 20 દિવસના તોતિંગ હુમલા બાદ ઈરાન પાસે હવે યુરેનિયમ સંવર્ધન કે બેલેસ્ટિક મિસાઈલો બનાવવાની કોઈ ક્ષમતા બચી નથી. મીડિયા અહેવાલ મુજબ, ઈઝરાયલી સેનાએ કેસ્પિયન સમુદ્રમાં ઈરાનના સમગ્ર નૌકાદળના બેડાને પણ નષ્ટ કરી દીધો છે. ઈઝરાયલ હવે ઈરાનને હવામાં, જમીન પર અને જમીનની અંદર એમ ચોતરફથી નિશાન બનાવી રહ્યું છે.

### મેટાનો મોટો નિર્ણય હવે ઈન્સ્ટાગ્રામ પ્રાઈવસી જોખમમાં મુકાશે



મેન્લો પાર્ક | સોશિયલ મીડિયા દિગ્ગજ મેટા કંપનીએ એક એવો નિર્ણય લીધો છે જેનાથી સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. કંપનીએ જાહેરાત કરી છે કે આગામી 8 મેથી ઈન્સ્ટાગ્રામના ડાયરેક્ટ મેસેજમાંથી 'એન્ડ ટુ એન્ડ એનક્રિપ્શન' હટાવી દેવામાં આવશે. આ ફેરફારને કારણે વિશ્વભરના અંદાજે 300 કરોડ યુઝર્સની વ્યક્તિગત માહિતી અને ખાનગી ચેટ હવે સુરક્ષિત રહેશે નહીં. આ નિર્ણયને પગલે નિષ્ણાતો માની રહ્યા છે કે ઈન્સ્ટાગ્રામ પ્રાઈવસી જોખમમાં મુકાઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મેટા પોતાની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સિસ્ટમને વધુ સચોટ અને પાવરફુલ બનાવવા માંગે છે. એઆઈ મોડલ્સને તાલીમ આપવા માટે મોટા પાયે ડેટાની જરૂર હોય છે, અને યુઝર્સની ખાનગી વાતચીત આ માટે સૌથી મોટો સ્ત્રોત બની શકે છે. ગૂગલ, માઈક્રોસોફ્ટ અને ઓપનએઆઈ જેવી કંપનીઓ સાથેની સ્પર્ધામાં ટકી રહેવા માટે મેટાએ આ જોખમી કીમિયો અજમાવ્યો હોવાની પ્રબળ શક્યતા છે. અત્યાર સુધી એનક્રિપ્શનના કારણે મેસેજ માત્ર મોકલનાર અને મેળવનાર જ વાંચી શકતા હતા, પરંતુ હવે આ સુરક્ષા કવચ હટાવી લેવાશે.

### અમેરિકી ફાઈટર જેટ નષ્ટ સમાચારથી ફાળ, ઈરાની એર ડિફેન્સ સિસ્ટમ શક્તિનો પરિચય

# US ઈરાન હવાઈ યુદ્ધમાં સુપર પાવરને ફટકો

**(એજન્સી) તેહરાન/વોશિંગ્ટન । તા. 20**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે એક ભયાનક વળાંક પર આવી પહોંચ્યો છે. અત્યાર સુધી દુનિયામાં પોતાની અજેય હવાઈ શક્તિનો દબદબો રાખનાર અમેરિકાને ઈરાન સામેના જંગમાં ભારે કિંમત ચૂકવવી પડી રહી છે. તાજેતરના મીડિયા અહેવાલ અનુસાર, અમેરિકા ઈરાન હવાઈ યુદ્ધ ૨૦૨૬ માં અત્યાર સુધીમાં અમેરિકી વાયુસેનાના ૧૬ ફાઈટર જેટ અને ૧૦ અત્યાધુનિક રીપર ડ્રોન નષ્ટ થયા છે. બ્લૂમબર્ગ અને સીએનએન જેવા આંતરરાષ્ટ્રીય સૂત્રો દ્વારા જાહેર કરાયેલા આ આંકડાઓએ પેન્ટાગોન અને વ્હાઈટ હાઉસમાં ચિંતાની લહેર પ્રસરાવી દીધી છે.



અમેરિકાના સૌથી મોંઘા અને આધુનિક ગણાતા એમક્યુ-૯ (MQ-9) રીપર ડ્રોન ઈરાની સેના માટે સરળ નિશાન બની રહ્યા હોય તેમ લાગે છે. કુલ ૧૦ ડ્રોનમાંથી ૯ ડ્રોનને ઈરાની એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા હવામાં જ ફૂંકી મારવામાં આવ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, એક ડ્રોન તો જોર્ડનના એરફિલ્ડ પર પાર્ક કરેલું હતું ત્યારે ઈરાની બેલેસ્ટિક મિસાઈલનો શિકાર બન્યું હતું. સંરક્ષણ નિષ્ણાતો માને છે કે માનવરહિત હોવાને કારણે અમેરિકા આ ડ્રોનને જોખમી વિસ્તારોમાં મોકલે છે, પરંતુ આટલી મોટી સંખ્યામાં ટેકનોલોજીનું નુકસાન અમેરિકાની પ્રતિષ્ઠાને મોટો ધક્કો છે.

આ યુદ્ધમાં આશ્ચર્યજનક રીતે દુશ્મનના હુમલા કરતા અમેરિકાને તેની આંતરિક ખામીઓ અને તાલમેલના અભાવે વધુ નુકસાન પહોંચાડ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, કુવૈતમાં મોટી ગેરસમજને કારણે અમેરિકી સેનાએ 'ફ્રેન્ડલી ફાયર'માં પોતાના જ ત્રણ એફ-૧૫ (F-15) ફાઈટર જેટ તોડી પાડ્યા હતા.

આ ઉપરાંત, એક કેસી-૧૩૫ (KC-135) રિફ્યુઅલિંગ ટેન્કર દુર્ઘટનાગ્રસ્ત થતા ક્રૂના તમામ ૬ સભ્યોના કરુણ મોત નીપજ્યા છે. સાઉદી અરેબિયાના બેઝ પર ઈરાની મિસાઈલ હુમલામાં અન્ય ૫ રિફ્યુઅલિંગ વિમાનોને પણ ગંભીર નુકસાન થયું છે, જે અમેરિકી નૌકાદળની ઓપરેશનલ ક્ષમતા ઘટાડી શકે છે.

સામાન્ય રીતે અમેરિકા કોઈપણ યુદ્ધમાં શરૂઆતના કલાકોમાં જ આકાશ પર સંપૂર્ણ કબજો મેળવી લેતું હોય છે, પરંતુ ઈરાન સામે આ વ્યૂહરચના નિષ્ફળ જતી દેખાય છે. અમેરિકી અધિકારીઓએ સ્વીકાર્યું છે કે તેમને માત્ર મર્યાદિત સફળતા મળી છે. હાલમાં જ એક અત્યાધુનિક એફ-૩૫ (F-35) ફાઈટર જેટ પણ ઈરાની ગોળીબારની ઝપેટમાં આવ્યું હતું, જેનું માંડ-માંડ ઈમરજન્સી લેન્ડિંગ કરાવી શકાયું હતું. સદનસીબે પાયલોટનો બચાવ થયો છે, પરંતુ અમેરિકી ફાઈટર જેટ નષ્ટ સમાચાર હવે વૈશ્વિક સ્તરે ચર્ચાનો વિષય બન્યા છે.

#### ઊર્જા મથકો પર પ્રચંડ પ્રહારો

ઈરાને તેના સાઉથ પાર્સ ગેસ ફિલ્ડ પર થયેલા હુમલાનો બદલો લેવા માટે આક્રમક વલણ અપનાવ્યું છે. ઈરાને હવે કતાર અને સાઉદી અરેબિયાના મહત્વના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. હોર્મુઝની સામુદ્રધુની જેવા વ્યૂહાત્મક માર્ગો પર ઈરાની એર ડિફેન્સ સિસ્ટમ ડગલે ને પગલે ખતરો બનીને ઊભી છે, જેના કારણે વૈશ્વિક તેલ પુરવઠા પર પણ અસર પડી રહી છે. અમેરિકા માટે હવે પડકાર માત્ર ઈરાનને હરાવવાનો નથી, પણ પોતાના અબજો ડોલરના સૈન્ય સરંજામને બચાવવાનો પણ છે.

#### વૈશ્વિક પ્રત્યાઘાતો અને આગામી વ્યૂહરચના

આટલા મોટા નુકસાન બાદ હવે અમેરિકા પોતાની રણનીતિ બદલવા મજબૂર બન્યું છે. રશિયા અને ચીન જેવા દેશો આ સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. જો અમેરિકા વધુ વિમાનો ગુમાવશે, તો પશ્ચિમ એશિયામાં તેની પકડ નબળી પડી શકે છે. ઈરાને સાબિત કરી દીધું છે કે તેની એર ડિફેન્સ સિસ્ટમ આધુનિક પાશ્ચાત્ય વિમાનોને ટક્કર આપવા સક્ષમ છે. આગામી દિવસોમાં આ યુદ્ધ વધુ ભયાનક સ્વરૂપ લે તેવી શક્યતા છે, જેમાં બંને પક્ષે જાનમાલની મોટી હાનિ થઈ શકે છે.

### ગૂગલ પશ્ચિમમાં એઆઈ જીતશે પણ ચીન વિશ્વમાં

# એઆઈની રેસમાં ચીન અવ્વલ મસ્કની આગાહી



**(એજન્સી) કેલિફોર્નિયા । તા. 20**

ટેક જગતના માંધાતા અને સ્પેસએક્સના સીઈઓ ઈલોન મસ્કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ભવિષ્યને લઈને એક અત્યંત સ્ફોટક આગાહી કરી છે. મસ્કના મતે, પશ્ચિમી દેશોમાં ભલે ગૂગલનો દબદબો રહે, પરંતુ સમગ્ર વિશ્વમાં એઆઈની રેસમાં ચીન અવ્વલ સાબિત થશે. મસ્કની આ કબૂલાતથી સિલિકોન વેલીમાં ખળભળાટ મચી ગયો છે, કારણ કે તેમણે પોતાની કંપની એક્સએઆઈ તેના હરીફો જેમ કે જેમિની અને ચેટજીપીટીથી પાછળ હોવાનો પણ સ્વીકાર કર્યો છે.

મસ્ક અબેક્સ એઆઈની સીઈઓ બિંદી રેડ્ડીની એક સોશિયલ મીડિયા પોસ્ટનો જવાબ આપી રહ્યા હતા. બિંદી રેડ્ડીએ ગૂગલના જેમિની ૩.૦ મોડેલ વિશે નિરાશા વ્યક્ત કરી હતી, જેના જવાબમાં મસ્કે લખ્યું કે, "ગૂગલ પશ્ચિમમાં એઆઈની રેસ જીતશે, જ્યારે વૈશ્વિક સ્તરે ચીન જીતશે અને સ્પેસની રેસમાં સ્પેસએક્સ મેદાન મારી જશે." આ નિવેદન દર્શાવે છે કે ટેકનોલોજીના ક્ષેત્રમાં હવે ભૌગોલિક સીમાઓ મુજબ પ્રભુત્વ વહેંચાઈ જશે. ગૂગલ પશ્ચિમમાં એઆઈ જીતશે તેવો વિશ્વાસ હોવા છતાં, મસ્ક ચીનની વધતી જતી આક્રમક ટેક શક્તિથી ચિંતિત જણાય છે.

સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, ઈલોન મસ્કે તાજેતરમાં જ સ્વીકાર્યું હતું કે તેમનો ચેટબોટ 'ગ્રોક' હજુ પણ સ્પર્ધકોની સરખામણીએ ઘણો પાછળ છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે વર્ષના અંત સુધીમાં તેમની કંપની હરીફોની નજીક પહોંચી શકશે. મીડિયા અહેવાલ મુજબ, મસ્કની કંપની એક્સએઆઈ અત્યારે આંતરિક સંઘર્ષમાંથી પણ પસાર થઈ રહી છે, કારણ કે તેના ૧૧ સ્થાપકોમાંથી માત્ર બે જ અત્યારે કંપની સાથે જોડાયેલા છે. મસ્ક હવે આખી સિસ્ટમને ફરીથી બનાવવા પર ભાર મૂકી રહ્યા છે.

# ટ્રુડોના જુઠ્ઠાણાનો પર્દાફાશ હવે ભારત વિરુદ્ધ કોઈ પુરાવા નથી

**(એજન્સી) ઓટ્ટાવા । તા. 20**

કેનેડાના પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો દ્વારા ભારત પર લગાવવામાં આવેલા ગંભીર અને વિવાદાસ્પદ આરોપોનો આખરે અંત આવ્યો છે. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) ના કમિશનર માઈક ડૂહમેએ સત્તાવાર રીતે સ્પષ્ટતા કરી છે કે, વર્તમાન તપાસમાં ભારત સરકારની સંડોવણીના કોઈ જ પુરાવા મળ્યા નથી. આ નિવેદન સાથે જ કેનેડાની ધરતી પર ભારત વિરુદ્ધ ચાલી રહેલા વર્ષો જૂના નકારાત્મક પ્રચારનો પર્દાફાશ થયો છે અને ભારતની રાજદ્વારી જીત થઈ છે. એક તાજેતરના ટીવી ઈન્ટરવ્યુ દરમિયાન કમિશનર ડૂહમેએ મહત્વનું નિવેદન આપતા જણાવ્યું હતું કે, કેનેડામાં આંતરરાષ્ટ્રીય દમન અને ડરાવવા-ધમકાવવાની પ્રવૃત્તિઓ ચોક્કસ બની છે, પરંતુ આ ઘટનાઓ પાછળ કોઈ વિદેશી એજન્સી કે ભારત સરકારનો હાથ હોવાનું સાબિત



થઈ શક્યું નથી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, અગાઉ જે દાવાઓ કરવામાં આવ્યા હતા તે માત્ર અધૂરી માહિતી પર આધારિત હતા. પોલીસ વડાએ સ્વીકાર્યું છે કે કોઈ દેશ સાથે સીધો સંબંધ સ્થાપિત કરવો અત્યંત મુશ્કેલ છે, જે ટ્રુડોના આરોપોને પાયાવિહોણા સાબિત કરે છે.

કેનેડામાં સત્તા પરિવર્તન બાદ હવે વડાપ્રધાન માર્ક કાર્ની ભારત સાથેના ખરાબ થયેલા સંબંધોને સુધારવા માટે સક્રિય બન્યા છે.

# પશ્ચિમ એશિયામાં ભીષણ જંગની આશંકા યુદ્ધ રોકવા સંયુક્ત રાષ્ટ્રની હાકલ

### ઈરાની હુમલા બાદ તણાવ વધતા સ્થિતિ બેકાબૂ, વૈશ્વિક નેતાઓની ચેતવણી છતાં હુમલા જારી

**(એજન્સી) બ્રસેલ્સ । તા. 20**

મધ્ય પૂર્વમાં સતત વણસી રહેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે વિશ્વના શક્તિશાળી દેશોને અત્યંત ગંભીર ચેતવણી આપી છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને અટકાવવા માટે તેમણે અમેરિકા, ઈઝરાયલ અને ઈરાનને તાત્કાલિક અસરથી સૈન્ય કાર્યવાહી બંધ કરવા અપીલ કરી છે. યુદ્ધ રોકવા સંયુક્ત રાષ્ટ્રની હાકલ એવા સમયે આવી છે જ્યારે ઈરાની હુમલા બાદ તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે અને વૈશ્વિક અર્થતંત્ર પર જોખમ મંડરાઈ રહ્યું છે.



મહાસચિવ ગુટેરેસે સોશિયલ મીડિયા દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જો આ યુદ્ધ જલ્દી નહીં અટકે તો તેની ગંભીર અસર વૈશ્વિક અર્થતંત્ર અને ખાસ કરીને ગરીબ દેશો પર પડશે. તેમણે ઈરાનને તેના પડોશી દેશો પરના હુમલા બંધ કરવા અને 'હોર્મુઝની સામુદ્રધુની' તાત્કાલિક ખોલવા આદેશ આપ્યો છે. આ મહત્વપૂર્ણ જળમાર્ગ બંધ હોવાને કારણે વિશ્વભરમાં ઉર્જા અને પુરવઠા સાંકળ ખોરવાઈ ગઈ છે, જેનાથી કરોડો લોકોની મુશ્કેલી વધી છે.

#### વૈશ્વિક નેતાઓએ વ્યક્ત કરી ચિંતા

મીડિયા અહેવાલ મુજબ, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને પણ નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખાસ કરીને પાણી અને ઉર્જા મથકો પરના હુમલા તાત્કાલિક બંધ કરવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે ધાર્મિક ઉત્સવોના આ સમયમાં શાંતિ જાળવવી અનિવાર્ય છે. બીજી તરફ, બ્રિટિશ વડાપ્રધાન કીયર સ્ટારમરે કતારના ગેસ પ્લાન્ટ પર થયેલા ઈરાની હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, બ્રિટન આ યુદ્ધને ખતમ કરવા માટે રાજદ્વારી સ્તરે સક્રિય થયું છે, કારણ કે વધતી જતી મોંઘવારી સીધી રીતે આ સંઘર્ષ સાથે જોડાયેલી છે.

**સંકટ** | પાકિસ્તાનમાં વર્ક ફ્રોમ હોમ અમલી બન્યું, પાકિસ્તાન આર્થિક કટોકટી સમાચારની ગંભીરતા

# પાકિસ્તાન ઈંધણ સંકટથી પાયમાલીના આરે પહોંચ્યું

**(એજન્સી) ઈસ્લામાબાદ । તા. 20**

પશ્ચિમ એશિયામાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે ફાટી નીકળેલા ભીષણ યુદ્ધની સૌથી વિનાશક અસર પડોશી દેશ પાકિસ્તાન પર જોવા મળી રહી છે. પાકિસ્તાનમાં ઈંધણનો પુરવઠો લગભગ ઠપ થઈ જતાં શહેબાઝ શરીફ સરકારે દેશમાં કટોકટી જેવી સ્થિતિ જાહેર કરી દીધી છે. વધતા જતા તેલના ભાવ અને ખોરવાયેલા પુરવઠાને પગલે સમગ્ર દેશમાં અત્યારે કોરોના કાળ જેવી પાબંદીઓ ફરી અમલી બનાવવામાં આવી છે. સરકાર પાસે રહેલો સુરક્ષિત જથ્થો (રિઝર્વ સ્ટોક) પણ હવે ગણતરીના દિવસો ચાલે તેટલો જ બચ્યો હોવાના અહેવાલ છે.

વડાપ્રધાન શહેબાઝ શરીફની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં પાકિસ્તાન ઈંધણ સંકટ ૨૦૨૬ ને પહોંચી વળવા માટે કડક નિર્ણયો લેવામાં આવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, હવે તમામ સરકારી કચેરીઓમાં સપ્તાહમાં માત્ર ચાર દિવસ જ કામકાજ થશે. બાકીના દિવસોમાં વીજળી અને ઈંધણની બચત



કરવા માટે રજા અથવા ઘરેથી કામ કરવાની સૂચના અપાઈ છે. એટલું જ નહીં, જે વિભાગોમાં શક્ય હોય ત્યાં ૫૦ ટકા કર્મચારીઓ માટે 'વર્ક ફ્રોમ હોમ' ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. સરકારી બાબુઓના પેટ્રોલ ભથ્થામાં પણ સીધો ૫૦ ટકાનો કાપ મૂકી દેવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે સ્થિતિ કાબૂ બહાર જઈ રહી છે. પાકિસ્તાની જનતા માટે આ સ્થિતિ વર્ષ ૨૦૨૦ના લોકડાઉન જેવી જ ભયાનક બની રહી છે. રસ્તાઓ પર વાહનોની અવરજવર ઘટાડવા માટે સરકાર દ્વારા 'કાર પૂલિંગ'ની સલાહ આપવામાં આવી છે અને બિનજરૂરી મુસાફરી પર પ્રતિબંધ જેવો માહોલ સર્જાયો છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ઈન્ટેલિજન્સ બ્યુરોને દરરોજ દેશના ઈંધણ પુરવઠા અને જનતાના આક્રોશ પર નજર રાખીને રિપોર્ટ સોંપવા આદેશ અપાયો છે. જો ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનું યુદ્ધ લાંબુ ચાલશે, તો પાકિસ્તાનમાં ખાદ્ય સામગ્રીની અવરજવર પણ અટકી શકે છે, જે મોટા દુષ્કાળને આમંત્રણ આપી શકે છે. આ આર્થિક સુનામી પાછળનું મુખ્ય કારણ ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર થયેલા હુમલા બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલો ૬૦ ટકાનો તોતિંગ ઉછાળો છે. હાલમાં બ્રેન્ટ ક્રૂડની કિંમત ૧૧૮ ડોલર પ્રતિ બેરલના સ્તરે પહોંચી ગઈ છે, જે પાકિસ્તાન જેવા દેવાના ડુંગર તળે દબાયેલા દેશ માટે પરવડે તેમ નથી. આ ઉપરાંત, સાઉદી અરેબિયાની યાન્બુ રિફાઈનરી અને કુવૈતની તેલ સુવિધાઓ પર થયેલા ડ્રોન હુમલાઓએ વૈશ્વિક સપ્લાય ચેઈનને તોડી નાખી છે.

# ડ્રેગનની નાપાક ચાલ તાઈવાન સરહદે ચીની ઘૂસણખોરીથી ફફડાટ

**(એજન્સી) તાઈપેઈ । તા. 20**

એશિયામાં અત્યારે યુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે શુક્રવારે સવારે અત્યંત ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે કે તેમના ક્ષેત્રની આસપાસ ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) ના 6 વિમાનો અને 8 યુદ્ધજહાજો જોવા મળ્યા છે. તાઈવાન સરહદે ચીની ઘૂસણખોરીની આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં હાઈ-એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તાઈવાનની સેનાએ ચીની ગતિવિધિઓ પર કડક નજર રાખવાની સાથે વળતો જવાબ આપવા માટેની તૈયારીઓ પણ તેજ કરી દીધી છે.

તાઈવાનના સત્તાવાર અહેવાલ મુજબ, ચીનના 6 માંથી 4 લડાયક વિમાનોએ તાઈવાનના દક્ષિણ-પશ્ચિમ અને પૂર્વીય એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન (ADIZ) માં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. ચીની સેનાની શંકાસ્પદ હિલચાલ માત્ર આકાશ પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમુદ્રમાં પણ 8 જેટલા શક્તિશાળી યુદ્ધજહાજો સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે. અગાઉ ગુરુવારે પણ 12 વિમાનો અને 9 જહાજો દ્વારા તાઈવાનને ડરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ આક્રમક વલણ દર્શાવે છે કે ચીન કોઈપણ ક્ષણે તાઈવાન પર પ્રભુત્વ જમાવવા માટે મોટી કાર્યવાહી કરી શકે છે. ચીન અને તાઈવાન વચ્ચેનો વિવાદ દાયકાઓ જૂનો છે. બેઈજિંગ તાઈવાનને પોતાનો અતૂટ ભાગ માને છે, જ્યારે તાઈવાન પોતાની સ્વતંત્ર સરકાર, સૈન્ય અને અર્થતંત્ર સાથે એક સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે ઓળખાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ચીન 1895 ના ઈતિહાસનો હવાલો આપીને તાઈવાન પર દાવો કરી રહ્યું છે, પરંતુ તાઈવાન કોઈ પણ સંજોગોમાં ચીનના દબાણ સામે ઝૂકવા તૈયાર નથી.

# News Brief

## નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૭.૨ ટકા વધીને રૂ. ૨૨.૮ લાખ કરોડ

નવી દિલ્હી : ચાલુ નાણાકીય વર્ષમાં ૧૭ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નેટ ડાયરેક્ટ કલેક્શન ૭.૧૯ ટકા વધીને ૨૨.૮ લાખ કરોડ રૂપિયા થયું છે. આ વૃદ્ધિ રિફંડની ધીમી ગતિ અને કંપની ટેક્સ કલેક્શનમાં વધારાને કારણે થઈ છે.સરકાર દ્વારા જારી કરવામાં આવલા નેટ ડાયરેક્ટ કલેક્શનમાં ૧૦.૯૧ લાખ કરોડ રૂપિયાનું નેટ કોર્પોરેટ ટેક્સ, રૂ. ૧૧.૩૨ લાખ કરોડ રૂપિયાનું નોન કોર્પોરેટ ટેક્સ અને રૂ. ૫૫,૭૧૭ કરોડ રૂપિયાનું સિક્યુરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્સ (એસટીટી) નો સમાવેશ થાય છે.આ સમયયગાળા દરમિયાન ટેક્સ રિફંડ જારી કરવામાં છ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે અને તે ૪.૩૪ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. આવકવેરા વિભાગના જણાવ્યા અનુસાર એડવાન્સ ટેક્સ કલેક્શન ૬.૪ ટકા વધીને ૧૧.૩ લાખ કરોડ રૂપિયા રહ્યું છે.

રિફંડ એડજસ્ટ કર્યા પહેલા ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૭ માર્ચ સુધીમાં ૨૭.૧૫ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. ગત નાણાકીય વર્ષમાં આ રકમ ૨૫.૮૯ લાખ કરોડ રૂપિયા હતી. એટલે કે ચાલુ વર્ષમાં ગયા વર્ષની સરખામણીમાં ૪.૮૬ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.ગ્રોસ કલેક્શનમાં કોર્પોરેટ ટેક્સ ૧૩.૪૭ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. જે એક વર્ષ અગાઉ ૧૨.૪૧ લાખ કરોડ રૂપિયા હતું. ગ્રોસ ટેક્સ કલેક્શનમાં નોન કોર્પોરેટ ટેક્સ ૧૩.૧૧ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. જે એક વર્ષ અગાઉ ૧૨.૯૨ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. સિક્યુરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્સ (એસટીટી) ૫૫,૭૧૭ કરોડ રૂપિયા રહ્યું છે. જે એક વર્ષ અગાઉ ૫૩,૦૯૫ કરોડ રૂપિયા હતું. રિફન્ડ ચૂકવ્યા પછી નેટ કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૧૦.૯૨ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. જે એક વર્ષ અગાઉ ૯.૬૮ લાખ કરોડ રૂપિયા હતું.

## દિલ્હીના LG દ્વારા ચાદર અર્પણ: મહેરાઉલીમાં કોમી એકતાનો સંદેશ



નવી દિલ્હી: રાજધાની દિલ્હીની સદીઓ જૂની પરંપરા અને સાંપ્રદાયિક સૌહાર્દના પ્રતીક સમાન 'ફૂલવાલોં કી સૈર' ઉત્સવની શુક્રવારે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દિલ્હીના નવનિયુક્ત ઉપરાજ્યપાલ (LG) તરણજીત સિંહ સંધુએ મહેરાઉલી સ્થિત ખ્વાજા કુતુબુદ્દીન બખ્તિયાર કાકીની દરગાહ પર પવિત્ર 'ચાદર' અર્પણ કરી હતી. દિલ્હીના LG દ્વારા ચાદર અર્પણ કરવાની આ પરંપરા ભારતની મિશ્ર સંસ્કૃતિ (ગંગા-જમુની તહેઝીબ) ને વધુ મજબૂત બનાવે છે. આ તકે તેમણે દેશમાં શાંતિ, એકતા અને સૌના કલ્યાણ માટે વિશેષ પ્રાર્થના કરી હતી. ઉપરાજ્યપાલ સંધુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'ફૂલવાલોં કી સૈર' એ ભારતની સર્વધર્મ સમભાવની સંસ્કૃતિનો અદભૂત સંગમ છે. આ ઉત્સવ માત્ર દરગાહ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે યોગમાયા મંદિર અને ખ્વાજા બખ્તિયાર કાકીની દરગાહ એમ બંને સ્થાને શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવે છે.

## મુખ્યમંત્રી રેખા ગુપ્તા દ્વારા 300 નવી ઈવી બસોનું લોકાર્પણ: દિલ્હી બનશે ગ્રીન સિટી



નવી દિલ્હી: રાજધાની દિલ્હીના જાહેર પરિવહન માળખાને વધુ મજબૂત અને પર્યાવરણને અનુકૂળ બનાવવાના હેતુથી શુક્રવારે મુખ્યમંત્રી રેખા ગુપ્તા દ્વારા ૩૦૦ નવી ઈવી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નવી ઈલેક્ટ્રિક બસોના ઉમેરા સાથે દિલ્હીના પરિવહન કાફલામાં બસોની કુલ સંખ્યા વધીને ૬,૧૦૦ પર પહોંચી ગઈ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ દિલ્હી-ગાઝિયાબાદ વચ્ચે નવી આંતરરાજ્ય બસ સેવાની પણ જાહેરાત કરી હતી, જે મુસાફરો માટે મોટી રાહત સમાન સાબિત થશે. મુખ્યમંત્રી રેખા ગુપ્તા દ્વારા ૩૦૦ નવી ઈવી બસોનું લોકાર્પણ કરતી વખતે તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે, સરકાર દિલ્હીના જાહેર પરિવહનને સંપૂર્ણપણે ઈલેક્ટ્રિકમાં રૂપાંતરિત કરવા માંગે છે. આ દિશામાં દિલ્હી-ગાઝિયાબાદ રૂટ એ સરકારનો પાંચમો આંતરરાજ્ય રૂટ છે. આ સાથે જ IP ડેપો પાસે દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (DTC) ના નવા અદ્યતન કાર્યાલયનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું, જે વહીવટી કામગીરીમાં વેગ લાવશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ રાજ્ય મંત્રી હર્ષ મલ્હોત્રા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ અને જળ સંધિ સ્થગિત

# સિંધુ જળ સંધિ મુદ્દે ભારતનો હુંકાર પાકિસ્તાનને અત્યંત કડક ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી | તા 20

વિશ્વ જળ દિવસના પવિત્ર અવસરે સંયુક્ત રાષ્ટ્ર (UN) ના મંચ પરથી ભારતે પાકિસ્તાનને સ્પષ્ટ અને આકરા શબ્દોમાં ચેતવણી આપી છે. ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે વૈશ્વિક સમુદાય સમક્ષ ગર્જના કરતા જણાવ્યું છે કે જ્યાં સુધી પાકિસ્તાન 'આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર' બની રહેવાની પોતાની જીદ નહીં છોડે, ત્યાં સુધી સિંધુ જળ સંધિ મુદ્દે ભારતનો હુંકાર યથાવત રહેશે અને આ સંધિ સ્થગિત જ રહેશે. ભારતની આ કડક રજૂઆતે પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સ્તરે બેકફૂટ પર લાવી દીધું છે, કારણ કે ભારતે સ્પષ્ટ કર્યું છે કે માનવ જીવનની પવિત્રતા સંધિઓની પવિત્રતા કરતા ઘણી ઉપર છે.

ભારતે વર્ષ ૧૯૬૦ માં અત્યંત સદભાવના અને ઉદારતા સાથે સિંધુ જળ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા, પરંતુ પાકિસ્તાને આ મિત્રતાનો જવાબ આતંકવાદ અને યુદ્ધથી આપ્યો છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતીય પ્રતિનિધિએ ભારપૂર્વક જણાવ્યું કે પાકિસ્તાન તેની સરકારી નીતિ તરીકે આતંકવાદનો ઉપયોગ કરવાનું બંધ કરે તે અનિવાર્ય છે. પહલગામમાં થયેલા નિર્ઘૃણ આતંકી હુમલા બાદ ભારતે આ સંધિને સ્થગિત કરવાનો જે ઐતિહાસિક નિર્ણય લીધો હતો, તે પાકિસ્તાનની સતત ઉશ્કેરણીનું પરિણામ છે. હજારો નિર્દોષ



ભારતીયોના લોહીથી ખરડાયેલા પાકિસ્તાની હાથોને હવે ભારતની ઉદારતાનો લાભ નહીં મળે.

પી. હરીશે વિશ્વ સમક્ષ પાકિસ્તાનનો અસલી ચહેરો ખુલ્લો પાડતા કહ્યું કે, ભારત હંમેશા એક જવાબદાર રાષ્ટ્ર રહ્યું છે અને આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કર્યું છે, પરંતુ જવાબદારી ક્યારેય એકતરફી હોઈ શકે નહીં. પાકિસ્તાન એક તરફ સંધિના ભંગની દુહાઈ આપે છે અને બીજી તરફ ભારતની ધરતી પર આતંકવાદીઓ મોકલે છે. આપણી વર્ષોની ઉદારતાએ પાકિસ્તાનનું વલણ બદલ્યું નથી, તેથી હવે 'લોહી અને પાણી એકસાથે વહી શકે નહીં' તેવા સ્પષ્ટ અભિગમ સાથે ભારતે આ સંધિની પુનઃસ્થાપના માટે




આતંકવાદના કાયમી અંતની શરત મૂકી છે. એક તરફ પાકિસ્તાન સાથેનો જળ વિવાદ છે, ત્યારે બીજી તરફ ભારતે જળ વ્યવસ્થાપન ક્ષેત્રે મેળવેલી વૈશ્વિક સિદ્ધિઓની પણ UN માં નોંધ લેવાઈ છે. 'જળ જીવન મિશન' અંતર્ગત ભારતે ગ્રામીણ વિસ્તારોમાં જે ક્રાંતિ કરી છે તે અદ્વિતીય છે. ૨૦૧૯ થી અત્યાર સુધીમાં આશરે ૧.૫૮ કરોડ પરિવારો સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડીને ભારતે ૮૧.૭૬ ટકાનો લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો છે. આ મિશનમાં મહિલાઓના નેતૃત્વવાળી ગ્રામ જળ સમિતિઓએ જે ભૂમિકા ભજવી છે, તેને વૈશ્વિક સ્તરે પ્રશંસા મળી છે. ભારત હવે ટેકનોલોજી અને વિજ્ઞાનના સમન્વયથી જળ સુરક્ષામાં સ્વાવલંબી બની રહ્યું છે.

ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં માત્ર પાકિસ્તાનને જ નહીં, પણ સમગ્ર વિશ્વને સંદેશ આપ્યો છે કે આતંકવાદને પ્રોત્સાહન આપનારા દેશો સાથે કોઈ પણ પ્રકારનો સહયોગ શક્ય નથી. સિંધુ જળ સંધિ મુદ્દે ભારતનો હુંકાર એ માત્ર પાણીની વહેંચણીનો વિષય નથી, પરંતુ તે ભારતના સ્વાભિમાન અને સુરક્ષાનો વિષય છે. પાકિસ્તાન જો ખરેખર સંધિમાં વિશ્વાસ રાખતું હોય, તો તેણે પહેલા આતંકની ફેક્ટરીઓ બંધ કરવી પડશે. ભારતની આ નીડર વિદેશ નીતિએ સાબિત કરી દીધું છે કે નવા ભારત સાથેના સંબંધો હવે શરતો પર નહીં, પણ સન્માન અને શાંતિ પર જ ટકશે.

## ઈરાન યુદ્ધના કારણે ભારતીય વેપારીઓને 5,000 કરોડનો ફટકો

નવી દિલ્હી : ઈરાન યુદ્ધના કારણે ભારતીય વેપારોને લગભગ પાંચ હજાર કરોડ રુપિયાનો ફટકો પડશે. ૬ સોય, ડ્રાયફ્રુટ, દવાઓ, પેકેજિંગ મટીરિયલ બધુ જ મોંઘુ થશે. તેની સાથે ભારતના નાના વેપારીઓને પાંચ હજાર કરોડનો ફટકો પડશે તેમ માનવામાં આવે છે. આ યુદ્ધના કારણે લગભગ દરેક વસ્તુના ભાવમાં નોંધપાત્ર વધારો થવા લાગ્યો છે અને યુદ્ધના મારની અસર દરેક ભારતીયને અનુભવાશે. ઈરાન-અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધની અસર હવે ભારતના દવા બજાર પર પણ દેખાવવા લાગી છે. કાચા માલના ભાવમાં તેજી આવતા તાવ અને પેઈનકિલરથી લઈને સર્જિકલ પ્રોડક્ટ્સ સુદ્ધા મોંઘુ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. વેપારીઓના જણાવ્યા મુજબ દવા અને સર્જિકલ આઈટેમ્સના ભાવમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો થઈ શકે છે.દવાઓના ઉત્પાદક અને નિકાસકાર લક્ષ્ય ખન્ના બતાવે છે કે જરૂરી કાચો માલ, જેવા કે રાસાયણિક ઉપકરણો, પ્લાસ્ટિક અને એલ્યુમિનિયમના ભાવમાં તાજેતરમાં વધારો થયો છે. તેની સીધી અસર દવા કંપનીના ખર્ચ પર પડી રહી છે. વાસ્તવમાં ટેબ્લેટ અને સીરપના ઉત્પાદનની સાથે-સાથે તેના પેકેજિંગમાં પણ પ્લાસ્ટિક અને એલ્યુમિનિયમનો ઉપયોગ થાય છે. કિંમતો વધવાથી કંપનીઓનો ઉત્પાદન ખર્ચ વધી રહ્યો છે. તેની અસર દવાની કિંમતો પર દેખાવવા લાગી છે. સામાન્ય લોકોના ઉપયોગમાં લેવાતી દવામાં સામેલ પેરાસિટામોલના કાચા માલની કિંમતમાં ૪૭ ટકા વધારો થયો છે.

### તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬

## મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન અને એડપ્પડી પલાનીસ્વામી વચ્ચે શાબ્દિક યુદ્ધ

ચેન્નઈ: તમિલનાડુમાં આગામી વિધાનસભા ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે સત્તાધારી ડીએમકે (DMK) અને વિરોધ પક્ષ એઆઈએડીએમકે (AIADMK) વચ્ચે રાજકીય વાક્યુદ્ધ ચરમસીમાએ પહોંચ્યું છે. એઆઈએડીએમકેના પ્રવક્તા કોવઈ સત્યને શુક્રવારે મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન પર આકરા પ્રહાર કરતા તેમને 'ક્રાયબેબી' (રડતું બાળક) ગણાવ્યા છે. AIADMK ના કોવઈ સત્યનનો પલટવાર મુખ્યમંત્રી સ્ટાલિન દ્વારા વિરોધ પક્ષના નેતા એડપ્પડી કે. પલાનીસ્વામી (EPS) ની દિલ્હી મુલાકાત પર કરવામાં આવેલી ટીકાના જવાબમાં આવ્યો છે.કોવઈ સત્યને જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી સ્ટાલિન અત્યારે કોઈ કારણ વગર મીઠાઈ માટે રડતા નાના બાળક જેવું વર્તન કરી રહ્યા છે. AIADMK ના કોવઈ સત્યનનો પલટવાર કરતા વધુમાં ઉમેર્યું કે, એઆઈએડીએમકે જે પણ પગલાં ભરે છે તેનાથી સ્ટાલિનમાં હારનો ડર પેદા થાય છે.

પોતાના પુત્ર અને ડેપ્યુટી સીએમ ઉધયનિધિ સ્ટાલિનને સત્તાના સર્વોચ્ચ શિખરે બેસાડવાનું તેમનું સપનું દિવસેને દિવસે ચકનાચૂર થઈ રહ્યું છે, જેના કારણે તેઓ પાયાવિહોણા નિવેદનો કરી રહ્યા છે.આ વિવાદની શરૂઆત મુખ્યમંત્રી સ્ટાલિનના એક પત્રથી થઈ હતી, જેમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે વિપક્ષના નિર્ણયો તમિલનાડુની બહાર એટલે કે દિલ્હીમાં લેવામાં આવે છે. સ્ટાલિને સવાલ ઉઠાવ્યો હતો કે પલાનીસ્વામી અમિત શાહને મળવા દિલ્હી કેમ ગયા હતા?

## રાજ્યસભાના સૌથી ધનિક સાંસદ પાસે છે 5300 કરોડની સંપત્તિ, સૌથી 'ગરીબ' કોણ?

(એજન્સી) નવી દિલ્હી | તા 20

રાજ્યસભાના સાંસદોની સંપત્તિ અને તેમના ગુનાહિત ઈતિહાસને લઈને એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)નો એક ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર, રાજ્યસભાના 229 વર્તમાન સાંસદોના સોગંદનામાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે લગભગ 32 ટકા એટલે કે 73 સાંસદો સામે ગુનાહિત કેસો નોંધાયેલા છે. આ પૈકી 16 ટકા સાંસદો ગંભીર ગુનાઓનો સામનો કરી રહ્યા છે, જેમાં હત્યા, હત્યાનો પ્રયાસ અને મહિલાઓ વિરુદ્ધના અપરાધો જેવા ગંભીર આરોપોનો સમાવેશ થાય છે. પક્ષવાર વિગતો જોઈએ તો, ભાજપના 99માંથી 27, કોંગ્રેસના 28માંથી 12 અને આમ આદમી પાર્ટીના 10માંથી 4 સાંસદોએ પોતાના વિરુદ્ધ ગુનાહિત કેસોની જાહેરાત કરી છે.માત્ર ગુનાહિત ઈતિહાસ જ નહીં, પરંતુ સંપત્તિની દ્રષ્ટિએ પણ રાજ્યસભાના સભ્યો ઘણા આગળ છે. રિપોર્ટ મુજબ, 14 ટકા એટલે કે 31 સાંસદો અબજોપતિ છે. રાજ્યસભાના એક સભ્યની સરેરાશ સંપત્તિ અંદાજે 120.69 કરોડ રૂપિયા આંકવામાં આવી છે. જો પક્ષોની સરેરાશ સંપત્તિની વાત કરીએ તો, આમ આદમી પાર્ટીના સાંસદોની સરેરાશ સંપત્તિ સૌથી વધુ 574.09 કરોડ રૂપિયા છે, જ્યારે વાયએસઆર કોંગ્રેસના સાંસદો 522.63 કરોડ રૂપિયા સાથે બીજા ક્રમે છે. ભાજપના સાંસદોની સરેરાશ સંપત્તિ 28.29 કરોડ અને કોંગ્રેસના સાંસદોની 128.61 કરોડ રૂપિયા નોંધાઈ છે. સંપત્તિના મામલે તેલંગાણાના બીઆરએસ સાંસદ બંડી પાર્થ સારથી 5300 કરોડ રૂપિયાની સંપત્તિ સાથે ટોચ પર છે. બીજા ક્રમે આમ આદમી પાર્ટીના રાઘવ ચઢ્ઢા કે અન્ય નેતાઓ નહીં પણ રાજેન્દ્ર ગુપ્તા છે, જેમની પાસે 5053 કરોડની સંપત્તિ છે. બીજી તરફ, કેટલાક સાંસદો એવા પણ છે જેમની પાસે ખૂબ જ ઓછી સંપત્તિ છે. આમ આદમી પાર્ટીના સાંસદ સંત બલબીર સિંહ આ યાદીમાં સૌથી નીચે છે, જેમની પાસે માત્ર 3 લાખ રૂપિયાની સંપત્તિ છે. મણિપુરના મહારાજા સજોઓબા લિશેમ્બા (5 લાખ) અને તૃણમૂલના પ્રકાશ ચિક બરૈક (9 લાખ) પણ સૌથી ઓછી સંપત્તિ ધરાવતા સાંસદોમાં સામેલ છે.

## રાહુલ ગાંધીનું 'ટીમ કેરળમ' આહ્વાન: કેરળમાં પરિવર્તનનો પવન ફૂંકાયો

તિરુવનંતપુરમ: કેરળમાં આગામી વિધાનસભા ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સંયુક્ત લોકશાહી મોરચા (UDF) ના સમર્થનમાં મોટો હુંકાર કર્યો છે. રાહુલ ગાંધીનું 'ટીમ કેરળમ' આહ્વાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર ટ્રેન્ડ કરી રહ્યું છે, જેમાં તેમણે જણાવ્યું છે કે UDF ની ટીમ એ ખરેખર કેરળની આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે. રાહુલ ગાંધીએ કેરળને પોતાનું ઘર અને ત્યાંની જનતાને પોતાનો પરિવાર ગણાવીને પરિવર્તન માટે હાકલ કરી છે. રાહુલ ગાંધીએ પોતાના સંદેશમાં લખ્યું છે કે, 'ટીમ UDF એ ટીમ કેરળમ છે.' આ ગઠબંધનના દરેક ઉમેદવાર જનતાનો અવાજ અને ભરોસો છે. આ ટીમમાં અનુભવી નેતાઓ અને પરિવર્તન લાવવા ઉત્સુક યુવા ચહેરાઓનો સમાવેશ થાય છે. રાહુલ ગાંધીનું 'ટીમ કેરળમ' આહ્વાન સ્પષ્ટ કરે છે કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો જનતાની સમસ્યાઓને સમજીને એક મજબૂત વિકલ્પ પૂરો પાડવા તૈયાર છે.

## સૌર ઉર્જા ઉત્પાદનમાં NFRનો નોંધપાત્ર વિકાસ

(એજન્સી) માલીગાંવ | તા 20

નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ગ્રીન એનર્જી અને ટકાઉપણું પ્રત્યેની તેની પ્રતિબદ્ધતામાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે, તેણે સૌર ઉર્જા પ્લાન્ટ્સની સ્થાપનામાં તેના વિવિધ વિભાગો અને એકમોમાં નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે.2011 માં સૌર ઉર્જા પહેલની શરૂઆતથી, ફેબ્રુઆરી 2026 સુધીમાં NFR માં કુલ સ્થાપિત સૌર ક્ષમતા 31.890 MWp સુધી પહોંચી ગઈ છે. ફક્ત વર્તમાન નાણાકીય વર્ષ (2025-26) દરમિયાન, 22.734 MWp ની વધારાની ક્ષમતા સ્થાપિત કરવામાં આવી છે, જે નવીનીકરણીય ઉર્જા અપનાવવા તરફના ઝડપી પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.વિવિધ વિભાગોમાં, લુમડિંગ (ગુવાહાટી વિસ્તાર સહિત) એ સૌથી વધુ ઈન્સ્ટોલેશન રેકોર્ડ કર્યું, જેની પ્લાન્ટ ક્ષમતા 13.334 MWp હતી. રંગિયા વિભાગ 8.941 MWp સાથે બીજા સ્થાને રહ્યો. અલીપુરદ્વાર, કટિહાર અને તિનસુકિયા જેવા અન્ય વિભાગોએ પણ એકંદર ક્ષમતા વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.સૌર ઉર્જા પ્લાન્ટની સ્થાપનાથી નોંધપાત્ર કાર્યકારી લાભો થયા છે.



2025-26 દરમિયાન (ફેબ્રુઆરી 2026 સુધી), સરેરાશ માસિક સૌર ઉર્જા ઉત્પાદન આશરે 9.18 લાખ યુનિટ રહ્યું, જેના પરિણામે માસિક નાણાકીય બચત આશરે 68.80 લાખની થઈ. આ NFR દ્વારા તેના કાર્બન ફૂટપ્રિન્ટ અને ઉર્જા ખર્ચ ઘટાડવા માટે અપનાવવામાં આવેલા કેન્દ્રિત અભિગમને રેખાંકિત કરે છે.તેના ગ્રીન ઉર્જા પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવતા, NFR હાલમાં તેના વિભાગોમાં અમલીકરણના વિવિધ તબક્કામાં 19.14 MWp ની વધારાની સૌર ક્ષમતા ધરાવે છે. લુમડિંગ, રંગિયા, કટિહાર અને અલીપુરદ્વાર વિભાગો માટે મોટા પાયે નવા સ્થાપનોનું આયોજન કરવામાં આવ્યું છે, જે નજીકના ભવિષ્યમાં કુલ નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે તેવી અપેક્ષા છે. આ પહેલો ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેની ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને ભારતીય રેલ્વેના 'નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જક' બનવાના વિઝનને સાકાર કરવામાં તેની સક્રિય ભૂમિકાને રેખાંકિત કરે છે. સૌર ઊર્જાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસો માત્ર પર્યાવરણીય સંરક્ષણમાં ફાળો આપતા નથી પરંતુ ઊર્જા ખર્ચમાં ઘટાડો કરીને લાંબા ગાળાના આર્થિક લાભો પણ સુનિશ્ચિત કરે છે.

## નવા સ્માર્ટફોનમાં આધાર એપ ફરજિયાત કરવાના પ્રસ્તાવથી ભારે વિવાદ

(એજન્સી) નવી દિલ્હી | તા 20

ભારત સરકાર હવે દેશમાં ડિજિટલ સેવાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે એક નવો વ્યૂહાત્મક પ્લાન તૈયાર કરી રહી છે. તાજેતરના અહેવાલો મુજબ, સરકાર હવે દેશમાં વેચાતા દરેક નવા સ્માર્ટફોનમાં 'આધાર' એપને પહેલાથી જ ઈન્સ્ટોલ (Pre-install) રાખવાની યોજના બનાવી રહી છે. જોકે, આ પ્રસ્તાવ સામે એપલ, સેમસંગ અને ગૂગલ જેવી વિશ્વની દિગ્ગજ ટેક કંપનીઓએ બાયો ચઢાવી છે. 'સંચાર સાથી' એપને લઈને સર્જાયેલા વિવાદ બાદ હવે આધાર એપને લઈને સરકાર અને સ્માર્ટફોન ઉત્પાદકો સામસામે આવી ગયા છે.રોઈટર્સના અહેવાલ મુજબ, યુનિક આઈડિન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) એ આ વર્ષે જાન્યુઆરીમાં આઈટી મંત્રાલયને એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ મોકલ્યો હતો. આ પ્રસ્તાવમાં એવી ભલામણ કરવામાં આવી છે કે જ્યારે પણ કોઈ નવો યુઝર પોતાનો ફોન સેટઅપ કરે, ત્યારે કેલ્ક્યુલેટર કે ઘડિયાળ જેવી બેઝિક એપ્સની જેમ જ આધાર એપ પણ ફોનમાં પહેલેથી જ ઉપલબ્ધ હોવી જોઈએ. સરકારનું માનવું છે કે આનાથી નાગરિકોને આધાર પ્રોફાઈલ અપડેટ કરવા અથવા બાયોમેટ્રિક લોકીંગ જેવી સુરક્ષા સુવિધાઓ માટે અલગથી એપ ડાઉનલોડ કરવાની તકલીફ નહીં પડે. મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ફોર ઈન્ફોર્મેશન ટેકનોલોજી (MAIT),




જે વૈશ્વિક બ્રાન્ડ્સનું પ્રતિનિધિત્વ કરે છે, તેણે આ પ્રસ્તાવ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. કંપનીઓનું માનવું છે કે સરકારી એપ્સને ફરજિયાતપણે ઈન્સ્ટોલ કરવાથી યુઝર્સની ડેટા પ્રાઈવસી જોખમાઈ શકે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કંપનીઓએ દલીલ કરી છે કે જો ભારત માટે અલગથી એપ્સ ઈન્સ્ટોલ કરવી પડે, તો તેમણે પ્રોડક્શન લાઈનમાં મોટા ફેરફારો કરવા પડશે જે ખર્ચાળ અને જટિલ પ્રક્રિયા છે. વિશ્વમાં રશિયા સિવાય ભાગ્યે જ કોઈ લોકશાહી દેશમાં આવી પદ્ધતિ અમલમાં છે. અગાઉ સરકારે સંચાર સાથી એપને સોફ્ટવેર અપડેટ દ્વારા જૂના અને નવા તમામ ફોનમાં ફરજિયાત કરવાની યોજના બનાવી હતી, પરંતુ ભારે વિરોધને કારણે તે આદેશ પાછો ખેંચવો પડ્યો હતો. હાલમાં આધાર એપનો પ્રસ્તાવ માત્ર એક વિનંતી સ્વરૂપે છે.


**પશ્ચિમ રેલવે**
**વિવિધ કામો**

નાયબ મુખ્ય ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા, ઈ-ટેન્ડર નોટિસ ક્રમાંક: TR-C-02-2026-P-RI, તા. 18.03.2026 આમંત્રિત કરે છે. કામ અને સ્થળ: ડભોઈ-ચાંદોદ ગેજ પરિવર્તન અને કેવડિયા સુધીના વિસ્તરણના જોડાણમાં કુંઢેલા, તિલકવાડા અને મોરિયા રેલવે સ્ટેશનને 'ડી' ક્લાસમાંથી 'બી' ક્લાસ રેલવે સ્ટેશનમાં રૂપાંતરિત કરવાના સંદર્ભમાં, 20 પેસેન્જર / 1360 kg ક્ષમતા ધરાવતી G+1 પેસેન્જર એલિવેટર (લિફ્ટ) MRLS એલિવેટરની ડિઝાઈન, ડ્રોઈંગ, ફેબ્રિકેશન, સપ્લાય, ઈરેક્શન, ટેસ્ટિંગ અને કમિશનિંગનું કામ. કામની અંદાજિત કિંમત: 1,33,82,110.52. બિડ સિક્યુરિટી (બાનાની રકમ): 2,16,900/-. બિડિંગ શરૂ થવાની તારીખ અને સમય: 25.03.2026 ના રોજ. ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય: 08.04.2026 ના રોજ 15:00 કલાક સુધી. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1243

અમને લાઈક કરો: facebook.com/WesternRly



Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life

ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, ગીફટ ટાવર વન
ગીફટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯
ઈમેલ આઈડી-Zo.gandhinagar@psb.co.in

**જગ્યાઓ જોઈએ**

પંજાબ અને સિંધ બેંક જામનગર સ્થિત તેની હાલની શાખા માટે બે બિડ (ટેકનિકલ + ફાઈનાન્શિયલ) સિસ્ટમ હેઠળ, યોગ્ય જગ્યા બનાવવા માટે તૈયાર અને કાર્પેટ એરિયા (એટીએમ માટેની જગ્યા સહિત) ધરાવતી સારી રીતે બાંધેલી હોલ પ્રકારની ઈમારત માટે, ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝ ધોરણે ઓફર આમંત્રિત કરે છે. જગ્યાઓ નીચે દર્શાવેલ સ્થળોએ ગ્રાઉન્ડ ફલોર પર હોવી જોઈએ:

| ક્રમ | શાખાનું નામ | જિલ્લો | સૂચિત સ્થળો | વિસ્તાર (ચો.ફુટ) |
|---|---|---|---|---|
| ૧ | જામનગર (J0411) | જામનગર | રણજીત રોડ પાસે અને ટાઉન હોલ જામનગર | ૧૦૦૦-૧૨૦૦ |

ઓફર કરાયેલ જગ્યાઓ પાસે કાનૂની સત્તાવાળાઓ તરફથી તમામ ક્લિયરન્સ પ્રમાણપત્રો હોવા જોઈએ. ઈચ્છિત વિસ્તારમાં આવા જગ્યાઓના રસ ધરાવતા માલિકો/રજિસ્ટર્ડ પાવર ઓફ એટર્ની ધારકો કે જેઓ ૧૫ વર્ષ કે તેથી વધુ સમય માટે લાંબા ગાળાના લીઝ ધોરણે તેમની સરળતાથી ઉપલબ્ધ જગ્યા ભાડે આપવા તૈયાર છે, તેઓ બેંકની વેબસાઈટ www.punjabandsind.bank.in પર ઉપલબ્ધ નિર્ધારિત ફોર્મેટમાં તેમની ઓફર મોકલી શકે છે અથવા તે **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર પરથી ઓફિસ સમય દરમિયાન** મેળવી શકાય છે. સંપૂર્ણ ઓફર યોગ્ય રીતે સીલબંધ અને સહી થયેલ છે અને **૩૦-૦૩-૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર** ખાતે પહોંચવી જોઈએ.

બેંક દ્વારા કોઈ દલાલી ચૂકવવામાં આવશે નહીં. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા બધી ઓફરોને પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

**તારીખ : ૨૦-૦૩-૨૦૨૬** **ઝોનલ મેનેજર**



સ્પેશીયલ ઓફર
Rs.150/- અનલીમીટેડ
ભજીયા (● બટેટાવડા ● મેથી ● બટેટા પુરી) + ઢોકળા + છાશ (1 ગ્લાસ) + પાણી (1 બોટલ 500ml)

Rs.150/- અનલીમીટેડ
બ્રેડ પકોડા + ઢોકળા + છાશ (1 ગ્લાસ) + પાણી (1 બોટલ 500ml)



લાઈવ ઢોકળા અને દાળવડા મળશે.

મા ભજીયા પકોડા

શોપ નં.એચ-૩૩, શ્રીનાથ એવન્યુ, ગોતા ડી-માર્ટ પાસે, વંદેમાતરમ રોડ, ચાંદલોડિયા, અમદાવાદ
મો : ૮૧૬૦૯૧૩૬૩૮ / ૯૯૨૫૯૯૬૨૯૨
ઓફીસ : ૧-એ, પલીયડનગર સોસાયટી, દેવકીનંદન દેરાસરની પાસે, નારણપુરા, અમદાવાદ
મો : ૯૮૯૮૦૨૦૩૨૬

## અમદાવાદમાં મયૂર ડાયકેમ અને ભાગીદારો પર ITના દરોડા

અમદાવાદ | અમદાવાદમાં ઈનકમ ટેક્સ વિભાગ એક્શન મોડમાં જોવા મળ્યું છે. શહેરના જાણીતા કેમિકલ ગ્રુપ મયૂર ડાયકેમ પર IT વિભાગે ત્રાટકીને મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વટવા GIDCમાં આવેલી મયૂર પટેલની ઓફિસ અને ફેક્ટરી સહિત તેમના વ્યવસાયિક ભાગીદારોના સ્થળોએ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.આ કાર્યવાહી માત્ર ઓફિસ પૂરતી મર્યાદિત ન રહેતા, સોલા વિસ્તારમાં આવેલા બંને ભાગીદારોના નિવાસસ્થાન અને અન્ય સંલગ્ન સ્થળો પર પણ ટીમો દ્વારા સર્ચ કરવામાં આવી રહ્યું છે.



# સિટી એક્સપ્રેસ

SATURDAY 21 MARCH-2026

AHMEDABAD



## AMCએ જાહેર કરી દેશની પ્રથમ ઈનોવેશન પોલિસી

અમદાવાદ | AMCએ 'અમદાવાદ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ પોલિસી 2026' જાહેર કરી છે, જે દેશના મ્યુનિસિપલ સ્તરે પ્રથમ પ્રકારની અનોખી પહેલ તરીકે જોવામાં આવી રહી છે. આ પોલિસી હેઠળ અમદાવાદ શહેર હવે દેશભરના સ્ટાર્ટઅપ્સ, યુવા ઈનોવેટર્સ, સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે એક 'લિવિંગ લેબોરેટરી' તરીકે ઉભરશે, જ્યાં તેઓ પોતાની નવીન તક્નીકી અને વિચારોને વાસ્તવિક પરિસ્થિતિમાં ટેસ્ટ કરી શકશે. શહેરમાં રસ્તાના ખાડા ઝડપી ઠીક કરવાથી લઈને પૂરની આગાહી, કચરો વ્યવસ્થાપન વધુ સ્માર્ટ બનાવવું અને હવા પ્રદૂષણ ઘટાડવા જેવા પ્રશ્નો માટે સ્ટાર્ટઅપ્સને સીધી તક આપવામાં આવશે.




### હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેસ્ટન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે આગામી 24 કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી

# ગીર પંથકમાં વરસાદ, કેસર કેરી પર મોટો ખતરો:આજે ગીર સોમનાથ-સાબરકાંઠા સહિત 7 જિલ્લામાં આગાહી; 24 કલાક બાદ વાતાવરણ બદલાશે

| શહેર | તાપમાન (ડિગ્રી) |
|---|---|
| અમદાવાદ | 35.2 |
| વડોદરા | 35.2 |
| રાજકોટ | 35.7 |
| સુરત | 33.8 |
| ભાવનગર | 33.8 |
| ભુજ | 31.8 |
| ડીસા | 31.6 |
| દ્વારકા | 31.6 |
| દ્વારકા | 30.4 |
| ગાંધીનગર | 34.6 |
| કંડલા | 32.6 |
| નલિયા | 30.4 |
| ઓખા | 29.0 |
| પોરબંદર | 31.7 |
| વેરાવળ | 30.4 |

(એજન્સી) અમદાવાદ | તા.20

રાજ્યના હવામાન વિભાગ દ્વારા છેલ્લા બે દિવસમાં કમોસમી વરસાદ અને ભારે પવનની આગાહી કરવામાં આવી હતી, જેના પગલે ગતરોજ (19 માર્ચ) રાત્રે 8 વાગ્યા સુધીમાં રાજ્યના 72 તાલુકામાં 1 મિમીથી લઈને 41 મિમી સુધી વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ અમરેલી જિલ્લાના બગસરામાં દોઢ ઈંચથી વધુ નોંધાયો છે, જ્યારે અન્ય વિસ્તારોમાં પણ ઝરમરથી લઈને મધ્યમ વરસાદ જોવા મળ્યો છે.આજે 20 માર્ચે બપોર બાદ ગીર પંથકના વાતાવરણમાં પલટો આવ્યો છે. ઉના, ગીર ગઢડા સહિતના વિસ્તારમાં વરસાદ શરૂ થતાં ખેડૂતો ચિંતામાં મુક્યા છે. ખાસ કરીને કેસર કેરીના બગીચાવાળા મુંઝાયા છે.

ગતરોજ પણ રાજ્યમાં અનેક જિલ્લાઓમાં વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. માર્ચ મહિનામાં જ કમોસમી વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ભારે નુકસાન થયું હતું. ઘણી જગ્યાએ ઝાડ પડી ગયા હતા તો ક્યાંક હોર્ડિંગ પણ પડી ગયા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સાયકલોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા વરસાદી માહોલ સર્જાયો છે. હજુ 24 કલાક રાજ્ય માથે વરસાદની ઘાત રહેલી છે. આજે સાત જિલ્લામાં વરસાદ પડવાની આગાહી કરાઈ છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, વેસ્ટન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે આગામી 24 કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને દિવમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. 24 કલાક બાદ ધીમે-ધીમે 3થી 5 ડિગ્રી તાપમાન વધી જશે અને ફરી ગરમી પડશે. અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે.

ગત બે દિવસમાં વરસાદ અને તીવ્ર પવનને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો, વૃક્ષો તૂટ્યા હતા અને રસ્તાઓ પર પાણી ભરાવાના અહેવાલો પણ મળ્યા હતા. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ઊભા પાકોને નુકસાન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગે નાગરિકોને આગામી દિવસોમાં પણ સાવચેત રહેવા અને હળવા વરસાદ તેમજ તીવ્ર પવનની સંભાવનાને ધ્યાનમાં રાખીને સતર્કતા રાખવાની સલાહ આપી છે. સુરતમાં રાત્રે ફૂંકાયેલા મીની વાવાઝોડાએ ભારે તારાજગી સર્જી છે, જેમાં ખાસ કરીને સુરતના ડુમસ વિસ્તારમાં આવેલા સ્વર્ણભૂમિ સહિત અંદાજે 7 જેટલા પાર્ટી પ્લોટમાં લગ્ન માટે તૈયાર કરવામાં આવેલા આખેઆખા ભવ્ય સેટ ધરાશાયી થતાં માલિકોને કરોડો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. કુદરતી આફતની આ પ્રચંડ અસરને કારણે સમગ્ર શહેરમાં 80થી વધુ વૃક્ષો અને અનેક વીજપોલ જમીનદોસ્ત થયા હતા, જેના લીધે અનેક વિસ્તારોમાં અંધારપટ છવાયો હતો.

પરિસ્થિતિને કાબૂમાં લેવા અને અવરોધાયેલા રસ્તાઓ ખુલ્લા કરવા માટે ફાયર વિભાગની ટીમો આખી રાત દોડતી રહી હતી, પરંતુ લગ્નસરાની મોસમમાં જ લાખો-કરોડોના સેટ પત્તાના મહેલની જેમ તૂટી પડતા પ્લોટ સંચાલકો અને પરિવારોમાં ભારે ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## સૌરાષ્ટ્ર-કચ્છના 2398 ગામમાં વીજ પુરવઠો પૂર્વરત

ગઈકાલે બપોરે ભારે તોફાની પવન સાથે આવેલ વરસાદ અને વાવાઝોડાને કારણે સૌરાષ્ટ્ર-કચ્છના કુલ 2645 ગામમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. તેમાંથી પીજીવીસીએલની ટેકનિકલ ટીમો દ્વારા ફિલ્ડ પર મોડીરાત સુધી હાજર રહી તાત્કાલિક ધોરણે 2398 ગામમાં વીજ પુરવઠો પૂર્વરત કરી આપવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી અને વીજળી ફરી પૂરી પાડી હતી. હાલ બાકી રહેલા 247 ગામોમાં વીજ પુરવઠો કાયમ કરવાની કામગીરી ચાલી રહી છે. સાબરકાંઠા જિલ્લામાં આઠમાંથી પાંચ તાલુકામાં 1 મીમીથી 3 મીમી સુધીનો હળવો કમોસમી વરસાદ નોધાયો હતો. હિંમતનગરમાં 1 મીમી, ઈડરમાં 2 મીમી, વડાલીમાં 3 મીમી, વિજયનગરમાં 2 મીમી, ખેડબ્રહ્મામાં 3 મીમી કમોસમી વરસાદ નોધાયો હતો. જ્યારે અન્ય તાલુકાઓમાં 1 મીમીથી ઓછો વરસાદ નોંધાયો છે.

### ઊંઘની ગોળીઓ આપી ટ્રેનમાં મુસાફરને બેભાન કરી દેતો, ટ્રીપમાં નીકળી દેશભરમાં ચોરીઓ કરી; અમદાવાદ રેલવે પોલીસે દબોચ્યો

# 4 ચોપડી ભણેલો ચોર ATM પીન બદલી ખેલ કરતો

અમદાવાદ | ટ્રેનોમાં મુસાફરો સાથે મિત્રતા કેળવીને તેમની સાથે ખાણીપીણીની ચીજ વસ્તુઓમાં ઊંઘની ગોળી ભેળવી બેહોશ કર્યા બાદ રોકડ રકમ, કિંમતી દાગીના, મોબાઈલ ફોનના સીમકાર્ડ, એટીએમની ચોરી કરનાર આરોપીને અમદાવાદ પશ્ચિમ રેલવે એલસીબીની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે.

ધો. 4 અભ્યાસ કરેલો આરોપી 15 દિવસ માટે ટુર ઉપર નીકળી જતો હતો અને દેશભરમાં અલગ અલગ રાજ્યોમાં જતી ટ્રેનોમાં પોતાનો શિકાર કરતો હતો. મોબાઈલ ફોન ચોરી કરવાની જગ્યાએ તેમાંથી માત્ર સીમકાર્ડ કાઢી લેતો અને સાથે ચોરેલા એટીએમ કાર્ડનો પીન બદલીને રોકડ ઉપાડી લેતો હતો.

રેલ્વે એલસીબીની ટીમ દ્વારા દિલ્હી ખાતે આરોપીના ઘરે સાત દિવસ મજૂર ફુગ્ગા વાળા અને લારીવાળા બનીને વોચ ગોઠવી છેવટે ઘરે આવતા દબોચી લીધો હતો. પોલીસે આખા રાજ્યના રેલ્વે ચોરીના 25 જેટલા ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે.

અમદાવાદ પશ્ચિમ રેલવેના DYSP ચેતન મુંધવાએ જણાવ્યું હતું કે, અમદાવાદ રેલવે પોલીસમાં ટ્રેનોમાં મુસાફરો સાથે મિત્રતા કરીને તેમની ખાણીપીણીની ચીજ વસ્તુઓમાં ઊંઘની દવા અલ્પ્રાઝોલમ ભેળવીને તેને બેહોશ કરી મુસાફરની પાસે રહેલા કીમતી દાગીના રોકડ રકમ તેના મોબાઈલ ફોનના સીમકાર્ડ સહિતની ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. જેને લઈને રેલ્વે એલસીબીના પીઆઇ જયદીપ દેસાઈ અને તેમની ટીમ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવી હતી.

રેલવે સ્ટેશનના સીસીટીવી ફૂટેજ વગેરે તપાસવામાં આવ્યા હતા, જેના આધારે દિલ્હી રહેતા અમિતકુમાર ઠાકુર નામના વ્યક્તિ દ્વારા આવા ગુનાને અંજામ આપવામાં આવતો હોવાનું જાણવા મળ્યું હતું. જેના આધારે રેલવે એલસીબીના પીઆઈની ટીમ દિલ્હી ખાતે આવેલા હૈદરપુર ખાતે તેના ઘરની આસપાસ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. આરોપીની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, આરોપી દિલ્હીના આનંદવિહાર રેલવે સ્ટેશન નજીક રહે છે વર્ષ 2022થી આ પ્રમાણે તે ગુનાઓને અંજામ આપી રહ્યો છે. મુસાફરોને લૂંટી લેવા માટે દિલ્હીના આનંદવિહાર રેલવે સ્ટેશનથી ટ્રેનમાં જવા માટે બુકિંગ કરાવતો હતો. કોઈપણ રાજ્યમાં જતી ટ્રેનમાં તે પોતાનો શિકાર કરતો હતો. 15 દિવસ સુધી તે અલગ અલગ રાજ્યોમાં જતી ટ્રેનોમાં જતો હતો. દિલ્હીથી લઈને ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, કેરળ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને ત્યારબાદ પરત દિલ્હી આવતો હતો.



**આરોપીએ ધોરણ ચાર સુધી જ અભ્યાસ કર્યો છે** | આરોપી ચોરીના પૈસાથી જ રેલ્વેમાં ટિકિટ બુક કરાવતો અને ત્યારબાદ મુસાફરી કરી અને આ પ્રમાણે ટાર્ગેટ કરતો હતો. આરોપી ધોરણ ચાર સુધી જ અભ્યાસ કર્યો છે પરંતુ તેને એટીએમ કાર્ડમાં પૈસા ઉપાડવા માટે મોબાઈલ ફોન ચોરી કરવાની જગ્યાએ માત્ર સીમકાર્ડ કાઢી લેતો હતો અને આ સીમકાર્ડ કાઢી અને એટીએમમાંથી પૈસા કાઢીને પણ લઈ લેતો હતો.

વર્ષ 2022થી આરોપી ગુનાને અંજામ આપી રહ્યો છે. આરોપી દ્વારા અમદાવાદથી કલકત્તા રાજસ્થાન, બિહાર, ગોરખપુર, યુપી તેમજ મુંબઈથી પશ્ચિમ બંગાળ રાજસ્થાન અલગ-અલગ રાજ્યોમાં જતી ટ્રેનોમાં આરોપી દ્વારા ગુનાને અંજામ આપવામાં આવ્યો છે. પોલીસે આરોપી પાસેથી રોકડા બે લાખ રૂપિયા, ત્રણ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કરી વધુ પૂછપરછ શરૂ કરી છે.

અમદાવાદ રેલવે પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે, ટ્રેનમાં મુસાફરી દરમ્યાન યાત્રીઓએ કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા આપવામાં આવતી ખાવા પીવાની વસ્તુઓ જેવી કે જ્યુશ, બિસ્કીટ, પાણી, ચા, પુરી-શાક વગેરે ન ખાવું જોઈએ. કારણકે ગુનેગારો દ્વારા આ પ્રકારની વસ્તુઓમાં કેફી પદાર્થ ભેળવેલું હોવાથી યાત્રીઓના જીવને જોખમ તેમજ કિંમતી દાગીના અને રોકડ રકમ, મોબાઈલ ફોન, લેપટોપ જેવી કિંમતી વસ્તુઓ ચોરી થવાની પૂરી શક્યતા રહેલી છે. જો આવો કોઈ બનાવ બને તો તાત્કાલિક રેલ્વે હેલ્પલાઈન નંબર 139 પર સંપર્ક કરવો.

## દારૂની હવે ટ્રાન્સપોર્ટથી હેરફેર

### રાજસ્થાનથી કાપડનું બિલ બનાવી દારૂનો જથ્થો ટ્રાન્સપોર્ટમાં અમદાવાદ મોકલ્યો, પોર્ટર મારફતે કુબેરનગર આવતા પોલીસે ઝડપી લીધો



(એજન્સી) અમદાવાદ | તા.20

રાજ્યમાં દારૂબંધી વચ્ચે બુટલેગરો હવે અન્ય રાજ્યમાંથી દારૂ જાતે લેવા જવાની જગ્યાએ ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીને દારૂ મંગાવી રહ્યા છે. સરદારનગર પોલીસે માલસામાન હેરફેર કરતી કંપની પોર્ટર મારફતે લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. રાજસ્થાનથી કપડાના માલનું બિલ બનાવીને ટ્રાન્સપોર્ટમાં માલ નારોલ ખાતે મોકલવામાં આવ્યો હતો જ્યાંથી પોર્ટર મારફતે સરદારનગર વિસ્તારમાં દારૂ મંગાવ્યો હતો. પોલીસે પોર્ટરમાં લઈ જવાતા વાહનમાં તપાસ કરતા દારૂ મળી આવ્યો હતો. સમગ્ર મામલે પોલીસે દારૂ મંગાવનાર અને મોકલનાર સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. અમદાવાદનું સરદારનગર વિદેશી અને દેશી દારૂનું હબ ગણવામાં આવે છે જ્યાં સૌથી વધારે દારૂનું વેચાણ થતું હોય છે ત્યારે હવે બુટલેગરો પોતાનો દારૂ ટ્રાન્સપોર્ટ મારફતે કોઈ ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં મંગાવે છે અને ત્યાંથી માલ સામાન હેરફેર કરતા વાહનોમાં મંગાવી લે છે જેના કારણે પોલીસના ધ્યાન ઉપર જલ્દી આવતું નથી. જોકે સરદારનગર પોલીસે પોર્ટર મારફતે મંગાવાતો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પીઆઇ એસ.એ ગોહિલને બાતમી મળી હતી કે પોર્ટર મારફતે ટેમ્પામાં વિદેશી દારૂનો જથ્થો કુબેરનગર ખાતે લાવવામાં આવી રહ્યો છે. જેના આધારે બાતમીવાળા ટેમ્પોને મહાવીર કસરત શાળા પાસે રોકવામાં આવ્યો હતો. ડ્રાઈવરનું નામ પૂછતા તેનું નામ ભગવતીપ્રસાદ ભાવસાર હોવાનું જણાવ્યું હતું અને પોતે પોર્ટરમાં ટેમ્પો ચલાવતા હોવાનું જણાવ્યું હતું.

પોલીસે ટેમ્પો ખોલીને જોતા તેમાં પાંચ જેટલા મોટા પાર્સલ મળી આવ્યા હતા. 20 જેટલા બોક્સ મળી આવ્યા હતા. જે તમામ બોક્સ ખોલીને જોતા તેમાં વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. દારૂની બોટલો હોવાને લઈને પોલીસ દ્વારા ડ્રાઈવરની પૂછપરછ કરતાં તેમણે જણાવ્યું હતું કે ટેમ્પો છેલ્લા ત્રણ વર્ષથી પોર્ટરમા ચલાવે છે. પોતે ટેમ્પો લઈ પોર્ટરના કામથી નીકળેલ હતા. નારોલ ગામમાં ટેમ્પો લઈ જતા હતા તે દરમિયાન પોર્ટર એપ્લીકેશન ઉપર એક ઓર્ડર દેવડીવાલા કમ્પાઉન્ડ નારોલ ગામ ખાતેથી પાર્સલ લઈ સી વોર્ડ કુબેરનગરના ઓર્ડરને એપ્લીકેશનમાં એકસેપ્ટ કર્યો હતો.

## નરોડામાં 'ઝુલેલાલ મહોત્સવ'ની ભવ્ય ઉજવણી : CMના હસ્તે શાહી સરઘસનું પ્રસ્થાન

(એજન્સી) અમદાવાદ | તા.20

અમદાવાદના નરોડા વિસ્તારમાં સિંધી સમાજના આરાધ્ય દેવ ભગવાન ઝુલેલાલજીના જન્મોત્સવ 'ચેટીચંડ'ની ભવ્ય ઉજવણીના ભાગરૂપે આજે બપોરે 1 કલાકે એક શાહી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જેનું પ્રસ્થાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ લીલી ઝંડી બતાવીને કરાવશે. નરોડા પાટિયાથી શરૂ થઈ કુબેરનગર અને સરદારનગર જેવા સિંધી બહુલ વિસ્તારોમાં ફરનારી આ યાત્રામાં 100 જેટલી ઝાંખીઓ દ્વારા સિંધી સંસ્કૃતિ અને 'બેટી બચાવો, બેટી પઢાવો' જેવા સામાજિક સંદેશાઓ રજૂ કરવામાં આવશે.

આ વર્ષે સુરક્ષાના ભાગરૂપે પ્રથમવાર સમગ્ર શોભાયાત્રાનો 3 કરોડ રૂપિયાનો વીમો લેવામાં આવ્યો છે, જે આ આયોજનની વિશેષતા છે.



ધારાસભ્ય પાયલ કુકરાણી અને સ્થાનિક મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાનાર આ ઉત્સવને લઈને સમગ્ર પૂર્વ અમદાવાદના સિંધી સમાજમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## રાજ્ય સરકારના દિશાનિર્દેશનમાં ગુજરાતમાં LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ

(એજન્સી) અમદાવાદ | તા.20

ગુજરાત સરકારના દિશાનિર્દેશનમાં રાજ્યમાં રાંધણગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને રાજ્ય સરકાર દ્વારા તે અંગે કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરવામાં આવી છે. ગેસ એન્જસીઓ તરફથી LPG સિલિન્ડરની યોગ્ય આપૂર્તિ સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ દેખરેખ રાખવામાં આવી રહી છે અને નાગરિકોએ તેમના સિલિન્ડર માટે એજન્સીએ જઈને લાઈનમાં ઊભા રહેવાની જરૂર નથી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા નાગરિકોને તેમના ઘરે જ સરળતાથી સિલિન્ડર મળી રહે તે માટે ટેક્નોલોજીના ઉપયોગથી પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. નાગરિકોને મોબાઈલના એક ક્લિકથી જ સિલિન્ડર મળી રહે તે માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા તમામ સુવિધાઓ પ્રદાન કરવામાં આવી છે. LPG બુકિંગ અને રિફીલ માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નોંધાયેલા લાભાર્થીઓ વોટ્સએપ, મિસ્ડ કૉલ, SMS/IVR બુકિંગ, સ્માર્ટફોન એપ્લિકેશન અને કંપનીના સત્તાવાર પોર્ટલનો ઉપયોગ કરીને સરળતાથી બુકિંગ કરી શકે છે. *બુકિંગ માટેની સુવિધાઓ* : IOCLના જણાવ્યા અનુસાર મોબાઈલ દ્વારા LPG બુકિંગ માટે નીચે મુજબની સુવિધાઓનો ઉપયોગ કરી શકાય છે. બુકિંગ બાદ સરળતાથી સિલિન્ડરની હોમ ડિલીવરી થઈ જશે. વોટ્સએપ માટે: 7588888824, રજીસ્ટર્ડ નંબર દ્વારા કોલથી બુકિંગ માટે: 8454955555, SMS / IVRS બુકિંગ માટે: 7718955555, મોબાઈલ એપ: IndianOil ONE, ઓનલાઈન પોર્ટલ: https://cx.indianoil.in, *HP ગેસની બુકિંગ માટે નીચેની સુવિધાઓ ઉપલબ્ધ છે:*, વોટ્સએપ માટે: 9222201122, રજીસ્ટર્ડ નંબર દ્વારા કોલથી બુકિંગ માટે: 9493602222, SMS / IVRS બુકિંગ માટે: 8888823456, મોબાઈલ એપ: HP PAY, ઓનલાઈન પોર્ટલ: https://myhpgas.in.

## રોંગ સાઈડ કાર ચલાવી અકસ્માત સર્જનાર ચાલકને ત્રણ મહિનાની જેલ

ગાંધીનગર। ગાંધીનગર ચિલોડા હાઈવે ઉપર આર્મી કેમ્પ પાસે છ વર્ષ અગાઉ રોંગ સાઈડમાં કાર ચલાવીને અન્ય કાર સાથે અકસ્માત સર્જનાર ચાલકને ગાંધીનગરના છઠ્ઠા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે દોષિત ઠેરવીને ૩ મહિનાની કેદની સજાનો હુકમ કર્યો છે અને ૧૫ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

આ કેસ સંદર્ભે મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરના સેક્ટર ૩-સી ખાતે રહેતા કિરીટકુમાર પ્રિયદર્શી ગત ૧૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ તેમની કાર લઈને ગાંધીનગર ચિલોડા હાઈવે ઉપર પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન આર્મી કેમ્પ પાસે રોંગ સાઈડમાં કાર લઈને આવતા બોરીજના ચંદન દ્વારીકાદાસ શર્મા દ્વારા તેમની કાર સાથે અકસ્માત સર્જવામાં આવ્યો હતો અને આ અકસ્માતમાં કિરીટકુમારને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ થઈ હતી. જે સંદર્ભે ગુનો દાખલ થયા બાદ કેસ ગાંધીનગરના છઠ્ઠા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ શ્રીમતી એકતા કુંવર ચંદ્રાવતની કોર્ટમાં કેસ ચાલ્યો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં જલ જીવન મિશન 2.0

(એજન્સી) ગાંધીનગર | તા.20

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં સુરક્ષિત અને પૂરતું પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર અને કેન્દ્રના પેયજળ અને સ્વચ્છતા વિભાગ વચ્ચે જલ જીવન મિશન 2.0 અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સુવિધા વધુ સુલભ બનાવવા મહત્વપૂર્ણ એમઓયુ (MoU) સંપન્ન થયાં છે.

આ વેળાએ કેન્દ્રીય મંત્રીશ્રી સી. આર. પાટીલ અને રાજ્યના પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યું હતું કે, રાજ્યના છેવાડાના વિસ્તારો સહિત દરેક ખૂણે પૂરતું સ્વચ્છ પીવાનું પાણી પહોંચાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. સરકાર દ્વારા કરાયેલા આ એમઓયુ રાજ્યના પેયજળ વ્યવસ્થાપન તેમજ ગ્રામ્ય જનજીવનના ગુણાત્મક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર કેન્દ્રની દરેક



યોજનાઓનું અગ્રતાના ધોરણે સફળ અમલીકરણ કરે છે. જલ જીવન મિશન 2.0 અંતર્ગત થયેલા આ એમ.ઓ.યુ. રાજ્યના ગ્રામ્ય વિકાસમાં એક માઈલસ્ટોન સાબિત થશે. દરેક ઘરમાં સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી પહોંચાડવાનો સંકલ્પ હવે વધુ દ્રઢતા સાથે આગળ વધશે. જલ જીવન મિશનની શરૂઆત 15 ઓગસ્ટ 2019ના રોજ "હર ઘર જલ"ના સંકલ્પ સાથે કરવામાં આવી હતી, જેમાં દરેક ગ્રામ્ય ઘરમાં નળ દ્વારા પીવાનું પાણી પહોંચાડવાનો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો હતો. ગુજરાતે આ લક્ષ્યાંક ઓક્ટોબર 2022 સુધીમાં સફળતાપૂર્વક હાંસલ કર્યો છે, જે રાજ્ય માટે ગૌરવની બાબત છે.

હવે જલ જીવન મિશન 2.0 અંતર્ગત 2028 સુધી પાણી પુરવઠા વ્યવસ્થાનું વધુ મજબૂતીકરણ, નિયમિતતા અને સસ્ટેનેબિલિટી સુનિશ્ચિત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે. આ એમઓયુ દ્વારા યોજનાઓના અસરકારક અમલીકરણ, મોનીટરીંગ અને પારદર્શિતામાં વધારો થશે.

આ એમ.ઓ.યુ. મુજબ રાજ્યના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં સતત અને ગુણવત્તાયુક્ત પાણી પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવશે તેમજ "Har Ghar Jal" પ્રમાણપત્ર પ્રાપ્ત કરવા માટે પ્રયત્નો વધુ વેગવાન બનશે. એમ.ઓ.યુ. અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરી ગામ પંચાયતોને સોંપવી, ઓપરેશન અને મેન્ટેનન્સ (O&M) સુનિશ્ચિત કરવું, ગામ સ્તરે વિલેજ વોટર એન્ડ સનિટેશન કમિટિ(VWSC) દ્વારા પાણી વ્યવસ્થાનું સંચાલન, પાણી સ્ત્રોતોની લાંબા ગાળાની સુરક્ષા અને સસ્ટેનેબિલિટી પર ભાર મૂકવો વગેરે બાબતોનો સમાવેશ થાય છે.